કુમાર

સંસ્થાપક · રવિશંકર રાવળ



રંગોળી · ચિત્રકાર : ભક્તિબહેન શાહ · એ વિષય પરના એમના પુસ્તકનો સચિત્ર પરિચય અંદર વાંચો

આવતી કાલનાં નાગરિકોનું
માસિક · વર્ષ ૨૯ · અંક ૧૨ મો
ડિસેમ્બર '૫૨ · સળંગ ૩૪૮ મો
તંત્રી · બચુભાઈ રાવત









ની કળા (ચિત્રકાર : ભક્તિબહેન શાહ) આ અંકમાંના એ વિષય
. એમના પુસ્તકના પરિચયનાં અનુષંગી ચિત્રો. મથાળે : ચીકણા જાડા
ના તથા માટીના રંગો વડે આલેખાતી બંગાળી ઢબની અલ્પનાના બે
રો; નીચે : રંગોળીમાં કરાતાં પ્રાણીઓનાં સુશોભનાત્મક રૂપમાં ઘોડા-
આકૃતિ. જમણી બાજુ : વર્તુળમાં આકૃતિઓનાં ક્રમિક પુનરાવર્તનથી
થતાં આલંકારિક સુશોભના ત્રણ નમૂના.









ત્યારે દીકરી કહે કે એમ કરો: આ તુંબડામાં બેસી-ને જાઓ એટલે કોઈને ખબર નહિ પડે. ડોશી તો તુંબડામાં બેઠાં ને તુંબડું ગબડવા માંડયું.

કુમાર

ડિસેમ્બર ૧૯૫૨ · અંક ૩૪૮

અનુક્રમણિકા

ચિત્રો

કાવ્યો

ચરિત્ર

વાર્તા

લેખો

વિભાગો

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક: બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન: કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ
વાર્ષિક લવાજમ રૂા. ૯; પરદેશમાં રૂા. ૧૧ અથવા શિ૦ ૧૭; છુટક નકલ: બાર આના


વાચકો લખે છે

(શિખરિણી-અનુષ્ટુપ)

સદા ભાલો તાકે પણ કદી નિશાને ન પડતો!
સદા અશ્વે દોડે પણ ન જવું ત્યાં પ્હોંચી શકતો?
યુવાની ના આવી વય તવ થઇ ઓગણત્રીસ
છતાં કૌમાર્યે આ
'કુમાર!' સ્વપ્ને ક્યાં લગી હજી ય તું રાચી રહીશ?
મૃત્યુલોકતણા બધો બાંધે ના ભાવદેહને,
સિદ્ધિ છે કાર્યની તારા પ્રયાસોની પળે પળે!

(મુંબાઇ) —ગીતા કાપડિયા

ઑક્ટોબર ૧૯૫૨ના પાના ૪૧૦ પર શ્રી દિનકર કપાડિયાએ perpetual Motionના પ્રયોગ સામે જે વાંધો ઉઠાવ્યો છે તે આપના કહેવા પ્રમાણે



બરાબર તો નથી જ, પણ અમારી સમજણ પ્રમાણે આ વસ્તુ કેશાકર્ષણના capillary સિદ્ધાંત અનુસાર થાય છે. જ્યારે પાણી પોતાની સપાટી સુધી પાસેની નળીમા પહોંચે છે તે પછી નળી ઝીણી કરી દેવામાં આવે છે અને ધાતુની surface property–surface tension કેશાકર્ષણને પરિણામે પાણી ઊંચે ચડે છે. તેની ઊંચે ચડવાની હદ પૂરી થાય તે પહેલાં નળીને વાળી દઈ પ્યાલામાં પડવા દેવામાં આવે છે, એથી પાણી પાછું પ્યાલામાં પડે છે. પણ ભાઇ દિનકરના કહેવા પ્રમાણે આમાં કોઈ પણ શક્તિ વપરાયા વિના કાર્ય કેમ મળે છે, તે ચર્ચાસ્પદ છે. આ વિષે કોઈ નિષ્ણાત 'કુમાર'માં વિશદતાથી માર્ગદર્શન આપશે તો ઘણું રસપ્રદ બનશે.

જયંતી આલગિયા; પ્રવીણ પટેલ; અનંત રાવળ.

[મુંબાઇથી ભાઈ શાંતિલાલ ગજ્જરે પણ આ જ મુદ્દો અમને લખી મોકલ્યો છે. –તંત્રી]

આજથી ૯ વર્ષ પહેલાં 'કુમાર'નો ગ્રાહક થયો અને ગ્રાહક થતી વખતે પણ પહેલાંના લભ્ય અંકો મેળવી લીધા. એ સર્વ અંકો બંધાવી સંઘરી રાખ્યા છે, તે એ આશાએ કે મારાં બાળકોને ભવિષ્યમાં એ સુંદર વાચનસામગ્રી અને માહિતીદાયક ખજાનો મળશે.

મને તો ચોક્કસ લાગ્યું કે 'કુમાર' એક સર્વમાહિતી કોષ (Encyclopedia) બની ચૂક્યું છે. જ્યારે જ્યારે 'કુમાર'નું બાંધેલું પુસ્તક વાંચીએ ત્યારે કંઈક નવીન જાણવાનું મળે છે ને ચાહે તેટલા જૂના અંકો લઇએ તોપણ વાચનસામગ્રી, કળા આનંદ જ આપે છે. અફસોસ એટલો જ કે 'કુમાર'ના ૧થી ઘણા અંકો જોવા-વાંચવા મળતા જ નથી.

'કુમાર'ની ગ્રાહકસંખ્યા કેમ વધે એ માટે હું રસ લઈ રહ્યો છું. ગયે વરસે મેં પાંચ ગ્રાહકો ઊભા કર્યા, પણ કારણવશાત્ મારું નામ નથી બતાવ્યું. આ સાલ મારા ૩ મિત્રોએ કુમારનું લવાજમ ભરવા ખુશી બતાવી છે અને એ લવાજમ મારા લવાજમ સાથે હું જ મોકલીશ. આશા છે કે વધુ ગ્રાહકો હું મેળવી શકું. છેવટમાં મારી નીચેની નમ્ર સૂચના ધ્યાનમાં લઇ કાંઈ કરી શકો ખરા?

'કુમાર'માં આવતાં માસમાસનાં પંખીનું એક રંગીન, કલાત્મક જુદું પુસ્તક ન આપી શકો? તેવી જ રીતે કાયાની કરામત, બાંધ ગઠરિયાં તંદુરસ્તી ને વ્યાયામ, જીવનચરિત્રો, રંગીન ચિત્રો વગેરે પ્રત્યેક વિભાગ અલાયદું પ્રકાશન માગી રહે છે તો એ શક્ય ખરું? કુમારના અપ્રાપ્ય અંકો ફરીથી છાપી શકાય? કુમારમાં બાળ વિભાગ આપી શકો ખરા?

(મુંબાઇ) —પ્રવીણ મંગળદાસ

'યોગાસનો (લે. દામુભાઈ શુક્લ), 'મર્દાની રમતો' (લે. વાસુદેવ ભટ્ટ), 'નાટ્યશાસ્ત્ર' (લે. યોગેન્દ્ર પ્રિયદર્શી), પુસ્તકાકારે પ્રસિદ્ધ થવાં જોઇએ. 'યોગાસનો'ને ચાર્ટના રૂપમાં પણ શક્ય હોય તો પ્રસિદ્ધ કરવાં. તેવી જ રીતે 'કુમાર'માં પ્રસિદ્ધ થએલી નાટિકાઓ, વાર્તાઓ, નિબંધિકાઓ, નિબંધો વગેરેના સંગ્રહો બહાર પાડવાની યોજના કરવી જોઇએ.

જૂનાં પ્રકાશનો 'કિરીટ અને બીજી વાતો' વગેરે ફરી છાપી શકાય તો શું તેનું વેચાણ ન થાય? શ્રી રસિકલાલ પરીખના 'ચિત્રસાધના' જેવું શ્રી સોમાલાલ શાહ વિષેનું પ્રકાશન 'કુમાર' આપી શકે તો કેવું સુંદર ગણાય? 'ડૉ. અનંત પંડયા સ્મારક અંક' જેવાં પ્રકાશનો ભારતભરની બીજી સદ્ગત વ્યક્તિઓ માટે પણ વર્ષમાં એકાદની પસંદગી કરીને અપાય તો શું એ શક્યતા ખરી કે? એમાંથી શક્ય તેટલું કરવા પ્રયાસ થાય તો વાચકો અવશ્ય સહકાર આપશે જ એમ ધારું છું.

(મિયાંગામ કરજણ) —સુમનભાઇ શેઠ

[આ બધું જ થઇ શકે એવું છે, આથી પણ બહોળી અને નાનાવિધ પ્રકાશન-યોજનાઓ અમારી પાસે છે; પણ એમાં નાણાંનું રોકાણ કરવું જોઈએ, જે આજની સ્થિતિમાં શક્ય નથી; અને આપની છેલ્લી લીટીમાં ધારણા સાચી નથી એવો અનુભવ છે. બુક સેલિંગની સ્વતંત્ર વ્યવસ્થા ન હોય પ્રકાશનો કરનારે પરાશ્રયે રહેવું પડે ને બુકસેલિંગ માણસો તથા મૂડી બંને મા છે. છતાં અમે પ્રકાશનો કરવાના જ છીએ માત્ર અમારા આંબા ઉતાવળે નથી પાકતા.]

સંસ્કારી સામયિકો જો વિપુલ પ્રમાણમાં ફેલાવો નહિ ધરાવતાં હોય તો અસંસ્કારી અને બીભત્સ પત્રો તેનું સ્થાન લેશે. મા કમાણીની ઈચ્છાથી નહિ પણ દેશની પ્રગતિમાં ફાળો આપવા ખાતર પણ આપે 'કુમાર'ની યોગ્ય જાહેરાત કરવી ઘટે.

બીજા સામયિક જેટલું જ વાચન 'કુમાર' આપે છે એ વાત તો સત્ય છે જ. પણ દિવસે અને કલાકો સુધી સતત 'કુમાર'નું જ વાચન કરીએ એવી એની 'વસ્તુ' છે. 'કુમાર' માટેની જાહેરાત અર્થે એકાદ બેને કહ્યું, પણ કંપનીએ સિવાય બીજા લોકોની જાહેરાત વ્યર્થ જ બને વળી ગામડામાં કંપનીઓ ન જ હોય, ને મોટા વેપારી પણ ખાસ કોઈ નથી. પણ જાહેરાત મેળવવાનો પ્રબંધ જો વાચકો તરફથી થાય તો ઘણું સારું. ગ્રાહકો માટે પ્રયત્ન ચાલુ છે.


(દામનગર) —વાડીલાલ અજમેર

[*** આવા બીજા પણ બેએક પત્રો મળ્યા છે, જેમાં 'કુમાર'ની જાહેરાત કરવાની સૂચના છે. પરંતુ જાહેરાત કરવામાં જે ખર્ચ થાય છે તેના પ્રમાણમાં ગ્રાહકો વધતા નથી એ અમારો અનુભવ છે. એ ખોટનો વેપાર છે અને જાહેરાત મેળવવામાં અમને થતો અનુભવ તો આ લેખકને પોતાને જ થયો.]

વિધવિધ સુંદર રીતે 'કુમાર' લખવાનો એક વધારો સાથે મોકલું છું. આપને તથા 'કુમાર'ના વાચકોને ગમશે એમ આશા છે.

(મુંબાઈ) —કૃષ્ણભાઈ છોટાભાઈ દેસા

[આ અંકના છેલ્લા પાનામાં તે આપ્યો છે



ટપાલનાં પરબીડિયાં ઉપર પણ ગ્રાહ આવું ચીતરી મોકલે છે, એ 'કુમારે' પ્રેરેલ કલાપ્રેમની પ્રતીતિ છે. અમારાં સંઘરેલ એવાં બે કવરો ઉપરનાં બે સુશોભન.



દમયંતીનો શૃંગાર : જે પ્રસાદમધુર શૈલીનું પૂર્ણકદી ચિત્રરત્ન અમે આ દિવાળીના ઑક્ટોબર અંકમાં આપ્યું હતું તે, હિમાલયની કાંગરા ખીણમાં ખીલેલી પહાડી કલમનું આ રેખાંકન આજથી ૧૫૦ વર્ષ પહેલાંની (ઓગણીસમી સદીના શરૂના કાળની) 'નળદમયંતી' નામની ચિત્રમાલાના સ્વ. આનંદ કુમારસ્વામીના સંગ્રહમાંની એક સુંદર કૃતિ છે. મૂળના જ કદમાં અહીં છાપેલું આ ચિત્ર, જે કાળે પેન્સિલ ને રબરનો ભાળ પણ ન હતી તે સમયમાં બારીક પીંછી વડે મુલાયમ લાવણ્ય આલેખતી આંગળીઓની ચોક્કસાઈ અને રેખાસામર્થ્યની પ્રતીતિ કરાવે છે.

II (છેલ્લી પ્લેટનું અનુસંધાન) કુંભકોનમ્‌નાં મંદિરોમાં એક લાક્ષણિકતા જોઇ. દરેક મંદિરના મુખ્ય કોટ પર તેના અધિષ્ઠાતા દેવનું વાહન અલંકરણ રૂપે ગોઠવ્યું છે. શિવમંદિરમાં થોડેથોડે અંતરે નંદીઓ ને વિષ્ણુમંદિરમાં ગરુડો તથા હનુમાનો હતા. જેમાં કુંભકોનમ્‌નું રમણીયતમ શિલ્પ સંઘરાયું છે એ છે રામસ્વામીનું મંદિર. સોળમી સદીમાં તાંજોરના રાજા રઘુનાથ નાયકને અહીંથી બે માઇલ પર આવેલા દારાસુરમ્‌ના તળાવમાંથી રામસીતા મળી આવ્યાં. રાજાએ તેમની અહીં પ્રતિષ્ઠા કરી અને આ મનોરમ મંડપ બંધાવ્યો. બેલુરના શિલ્પમાં અપ્રતિમ કોમળતા છે, મદુરામાં ઉગ્ર ભવ્યતા છે, અહીં કેવળ નમણી રમણીયતા છે. બારપંદર ફૂટ ઊંચા કાળા પત્થરના બત્રીસેક થાંભલાઓ ઉપર અનેક કથાપ્રસંગો તથા સ્ત્રીપુરુષની સુરેખ આહ્‌લાદક પ્રતિમાઓ કોતરેલી છે. પણ કુંભકોનમ્‌ની ખરી મહત્તા તેના મહામાઘ તળાવમાં છે. બાર વર્ષે સિંહસ્થ વર્ષમાં અહીં મોટો મેળો ભરાય છે. આ વિશાળ તળાવને કિનારે આવેલી સોળ દહેરીઓ એક આકર્ષક દૃશ્ય બને છે. ('મહાભારત'માં ...



ક્ષારસિંધુનાં માછલડાં : ચિત્રકાર · યજ્ઞેશ્વર શુક્લ (મુંબાઈના પ્રિન્સ ઑવ વેલ્સ મ્યૂઝિયમની અનુમતિથી : બ્લૉક · 'હિંદુસ્તાન'ના સૌજન્યથી) 'કુમાર' ડિસેમ્બર ૧૯૫૨

માછીમારોનાં રંગ-ચિત્રો અહીંતહીં ઘણાં થયાં છે, પણ એ જીવનનું પ્રણયભીનું ચિત્રસંયોજન તો કદાચ શ્રી શુક્લને હાથે જ આ પ્રથમ થયું છે. પુરુષના હાથમાં પકડેલો જાળનો વાંસ, અને ટોપલી પકડી રાખેલા સ્ત્રીના ડાબા હાથની જમણા હાથ સુધી પહોંચતી સળંગ રેખા, એ બંને સલગ્ન થઈને બનતી ચોકડીની આકૃતિની આસપાસ યોજાએલું આ ચિત્રનું સંયોજન બે સંલગ્ન થએલાં હૃદયોની આછીઆછી ગોઠડી જેટલું જ મધુર છે. પીઠનાં દૃશ્યોમાં પણ અંગભંગીનાં લાવણ્ય તથા વાળ, ટોપી ને વસ્ત્રાભૂષણોનાં સુશોભનો દ્વારા કથાવસ્તુને અનુરૂપ કેવો રસ જમાવી શકાય છે તેનું દ્યોતક આ ચિત્ર શ્રી યજ્ઞેશ્વરનાં શ્રેષ્ઠ ચિત્રોની કોટિમાં આવે એવું છે.

પ્રભુ પધારે

· સવૈયા ·

માગણનો લઇ વેશ પધારે પ્રભુ તુજ કુટિર દ્વારે :
મબલખનો દાતાર ભીખની ઘરઘર ટ્હેલ પુકારે.

રાય ધરે નિજ રિદ્ધિ,
રંક નિજ ધરે જીર્ણ અંગરખું;
અહો કોણનું દાન ચડે ?
શિવ કુબેરનું અહિં પરખું :
કાળપુરુષનો બજે શંખ ત્યહિં શયને કોણ સુતાં રે ?
મબલખનો દાતાર ભીખની ઘરઘર ટ્હેલ પુકારે.

વામન એની કાય,
ઝોળીમાં વિરાટ જાય સમાઇ,
સિંધુ સંગ લઘુ બુંદ પણ લિયે
કરુણા-ઘન મુસકાઈ,
કોણ સર્વનું કરે સમર્પણ, ગઠરી-ગર્વ ઉતારે ?
મબલખનો દાતાર ભીખની ઘરઘર ટ્હેલ પુકારે.

જેનો શબ્દ ઝિલ્યો અવકાશે,
ઝિલ્યું તેજ વિધુ-સૂરે;
વાયુ અદીઠ ધરે તન, રસ જલ,
ગંધ ભૂમિને ઉરે :
વિશ્વતણા આણુએ અણુએ નિજ વૈભવ ભર્યો ઉદારે,
(એ) મબલખનો દાતાર ભીખની ઘરઘર ટ્હેલ પુકારે.

અરે ન આવો અવસર આવે
યુગયુગ મહીં હજારો;
અંજલિને જલ ભરાય સાગર,
ડૂબે અનહદ આરો :
અહો બિંદુનું આજ મૂલ્ય ગૌરવ અઢળકથી ભારે !
મબલખનો દાતાર ભીખની ઘરઘર ટ્હેલ પુકારે.

દિયો એની ઝોળીમાં મમતા,
દિયો દૈન્ય પણ ત્યાગી;
એક અકિંચન તણી પ્રસાદી
લિયો મહદ બડભાગી:
કિજે આજ ખેરાત ખુદીની ખમીરના નિરધારે,
મબલખનો દાતાર ભીખની ઘરઘર ટ્હેલ પુકારે.

રાજેન્દ્ર શાહ

[આચાર્ય વિનોબાજીની ભૂમિદાનની ટ્હેલને અનુલક્ષીને]

સુખનાં સાધન

થોડા વખત પર એક ચર્ચા જાહેર થએલી. એમાં એક આપેલી યાદીમાંથી જીવનમાં સૌથી જરૂરની એવી છ વસ્તુઓ ચૂંટી કાઢવાની હતી, જે માણસને સુખી બનાવે.

ચર્ચા, અલબત્ત, રસમય થઈ; કેમકે માન્યતાઓ.માં ઘણા મોટા મતભેદ હતા. દાખલા તરીકે લક્ષ્મી—ધનનો મુદ્દો. એ ખરું છે કે ગરીબી સુખદાયી નથી. પરંતુ ધન પણ સુખ આપે જ છે એવું નથી. બીજાં સાચાં સાધનો હોયતોતે સુખી થવામાં સહાયભૂત થઇપડે.

સુખ તો સંતોષથી મળે. આમાં કદાચ સૌ સંમત નહિ થાય. પણ એ એક-બે વસ્તુ જ નિર્વિવાદ એવી છે કે જે દુન્યવી નજરે ગણાતાં સુખને પડછે સાચું સુખ આપી શકે: સંતોષ અને કલાપ્રેમ.

કેવડિયાની ફણશે ઊગતા સૂર્યના તેજમાં રંગમધુર ભભક ફેલાવતાં ફૂલો, કૂંળી હરિયાળી પર હસતાં ઓસબિન્દુ, લચી રહેલા પાક પરથી વહેતી મધુગંધી માદકહવા, આથમતી સંધ્યાના રાખોડી પ્રકાશમાં જંપી જતાં ખેતરો વચ્ચેથી લહેરાતો બળદની ઘંટડીનો રણકો, કે સપાટ ખારાપાટ પર ઢોળાતી ચાંદનીની એકાર મિઠાશ;...અરે, તમારા ત્રેવડપૂર્વક ચાલતા નાના સરખા શાંત ઘરમાં લટકતો સ્વજનનો ભરેલો ચાકળો, છાજલી પર શોભતું સોહામણા ઘાટનું દાદીમાની જાત્રાનું ગંગાજમની વાસણ, કે દેવપૂજામાંના ત્રિભંગ કરી ઊભેલી વેણુગોપાલની મૂર્તિનો ઘીના દીવાને લીધે ભીંતે પડતો શ્યામસુંદર પડછાયો જોયાં હોય, અનુભવ્યાં હોય, માણ્યાં હોય તેણે સાચું સુખ માણ્યું છે.

જીવનના આવા સાદા ને મધુર આનંદોનું સુખ માણવાનો કીમિયો જો હાથ લાગે તો આપણે—હું ને તમે—કીર્તિ, સત્તા, કે ધનના ઢગની કામના કરવાના નથી.

એક બીજું પણ સુખનું સાધન છે: મૈત્રી. આજે તો સલામવહેવાર પણ 'દોસ્તી'માં ગણાય છે. એ નહિ. પણ પ્રામાણિક મૈત્રી—ધીરતા, સહિષ્ણુતા ને જિગરની હૂંફમાંથી ઉદ્ભવતી મૈત્રી,—જે ચડતીપડતીના બધા કાળમાં મૂગી ને મુસ્કરાતી તમારા પડછાયાની જેમ પડખે ને પડખે જ રહેતી હોય એવી મૈત્રી. એ જ મૈત્રી તમને સાચું સુખ આપે છે.

આ છે સુખનાં સાધન: સુખ એટલે શીળા ને મધુર ગૃહજીવનનું સુખ; કામધંધા કે નોકરીમાં જીવને ઠારતું સુખ; નિસર્ગ અને જીવનનાં નિર્વ્યાજ સૌંદર્યમાંથી પીવાતું સુખ.

આફ્રિકાના અંધારા ખંડમાં ચારે છેડે જલી રહેલા આઝાદીના આતશમ

પૂર્વ આફ્રિકાના કિન્યા પ્રદેશમાં બ્રિટિશ શાહીવાદે દમનનો ભયંકર દોર આજે શરૂ કર્યો છે. ત્યાંની સઘળી શાળાઓ બંધ કરાવી દેવામાં આવી છે અને સામુદાયિક ધરપકડો શરૂ કરવામાં આવી છે. એકલા પાટનગર નૈરોબીમાં જ ૨૦૦૦ જેટલા શખ્સોની સામટી ધરપકડ કરવામાં આવી છે. પકડાએલાઓ પર જેલમાં ચાબખાના માર ઉપરાંત બીજા અનેક પ્રકારના ત્રાસ ગુજારવામાં આવે છે. આ દમનકાંડનું કારણ એ કે, ત્યાંની પ્રજાએ બ્રિટિશોની અધીનતાથી મુક્ત થવા માગણી કરી છે. એ માગણી કરનાર કિન્યાની પ્રજાપ્રતિનિધિ સંસ્થા 'આફ્રિકન યૂનિયન'ને ગેરકાયદે જાહેર કરવામાં આવી છે અને તેના પ્રમુખ તથા કિન્યાના લોકપ્રિય નેતા કિન્યાત્તા અને તેના સાથીઓને વિના તપાસે જેલમાં ગોંધી દેવામાં આવ્યા છે. તેઓ 'માઉ માઉ' નામની ત્રાસવાદી સંસ્થા સાથે જોડાએલા હોવાનો આરોપ તેમના પર મૂકવામાં આવ્યો છે. આવી ગુપ્ત ત્રાસવાદી કોઇ સંસ્થા કિન્યામાં હોય તો પણ કિન્યાત્તા અને તેના સાથીઓને તેની સાથે મુદ્દલ સંબંધ નથી. ઊલટું એણે તો પોતાની ધરપકડ પહેલાં પોતાના અનુયાયીઓને હિંસાનો આશરો ન લેવા જણાવેલું છે. એની માગણી માત્ર એટલી છે કે રાષ્ટ્રસંઘનું માનવ-અધિકારોનું જાહેરનામું કિન્યાને લાગુ પાડવામાં આવે. એના જ શબ્દોમાં એની માગણી રજૂ કરીએ તો, 'કિન્યાની જનતા કૉમનવેલ્થમાં સ્વરાજ માગે છે, પણ એ સ્વરાજમાં કોઈ પણ એક જાતિનું વર્ચસ ન હોવું જોઇએ. સ્વરાજમાં આફ્રિકનોને અગ્રસ્થાન મળવું જોઇએ, તેમની ખૂંચવી લીધેલી જમીન તેમને પાછી મળવી જોઇએ, તેમની સામાજિક સ્થિતિ સુધરવી જોઇએ અને રંગદ્વેષ સંપૂર્ણ નાબૂદ કરવો જોઇએ.'

કોઈ પણ પરાધીન પ્રજા સ્વાતંત્ર્યની માગણી કરે એ કંઇ તેનો અપરાધ નથી; પરંતુ તેની કાંધે ચડી બેઠેલી પ્રજા તેને હમેશાં 'રાજદ્રોહ'નો અપરાધ મનાવતી આવી છે. આ માગણીના સ્વીકારને



બદલે બ્રિટિશરોએ એક બાજુ એ પ્રજાકીય માગમાં સાથ આપનારા કિન્યાવાસીઓ પર જુલમની ઝડીઓ વરસાવવા માંડી છે, જ્યારે બીજી બાજુ જગતની આંખમાં ધૂળ નાખવા ત્યાં ભળતા જ સુધારાઓનાં વચનો આપવા માંડયાં છે. જાણે હિંદમાંની જ બ્રિટિશ નીતિરીતિનું કિન્યામાં પુનરાવર્તન થઇ રહ્યું છે. 'કિન્યા આફ્રિકન યૂનિયન'ના કિન્યાત્તા સહિત અન્ય ઘણાખરા સભ્યો આજે જેલના સળિયા પાછળ છે, પરંતુ બ્રિટન ખાતેના મજદૂર યૂનિયનના પ્રતિનિધિ કોઈ નાન્જેએ એક અખબારી નિવેદનમાં સ્પષ્ટ જણાવ્યું છે કે 'સત્તાવાળાઓએ જ્યારે દમનનો દોર છૂટો મૂકી દીધો છે એવે વખતે બ્રિટિશરો કોઈ વચન આપે એ હાંસી સમાન છે.'

કિન્યાની તમામ ફળદ્રુપ જમીનના માલિક આજે યુરોપિયનો થઈ બેઠા છે અને એ જમીનના મૂળ માલિકોને માટે એ ગોરાઓના વેઠિયા બનવા અગર તો બેકારી ને ભૂખમરો વેઠવા સિવાય બીજો માર્ગ રહ્યો નથી. વિપુલ પાક ઉપરાંત લોખંડ, સીસું, કોયલો, યુરેનિયમ, કલાઇ, ઍસ્બેસ્ટૉસ, કોબાલ્ટ, મૅંગેનીઝ, બૉક્સાઇટ વગેરે યુદ્ધોપયોગી અને મહત્ત્વનાં ખનિજ ધરાવતી કિન્યાની સમૃદ્ધ ભૂમિ બ્રિટિશરો સહેલાઇથી છોડી દે તેમ નથી. એટલા માટે તો કિન્યા સરકારે આજે સરમુખત્યારશાહી સત્તાહાથધરીને વટહુકમોથી રાજ્ય ચલાવવા માંડયું છે, અને સ્વાતંત્ર્યની માગણી કરનારા કેટલાય આફ્રિકન નેતાઓને જેલમાં પૂર્યા છે, કેટલાયને દેશ પાર ધકેલી દીધા છે.

યુરોપિયનો ગઈ કાલ સુધી આફ્રિકાને 'અંધારો ખંડ' ગણાવતા રહ્યા હતા, પરંતુ આજે તો એ પોતે પણ જેનાં તેજ ઝીલી નથી શકતા એવો આઝાદીનો આતશ એ ખંડના ચારે ખૂણામાં ફરી વળ્યો છે. ઉત્તર આફ્રિકામાં સુદાનથી માંડી મૉરોક્કો સુધીની અરબ પ્રજા, મધ્ય આફ્રિકામાં કિન્યાથી માંડી નાઇજીરિયા સુધીની હબશી પ્રજા અને દક્ષિણ આફ્રિકાની પંચવર્ણી પ્રજા એ ગોરા શાહીવાદ સામે મોરચો માંડી ખડી થઈ છે. આફ્રિકા ખંડના જુદાજુદા પ્રદેશોમાં ચાલતાં શાહીવાદવિરોધી આંદોલનોમાં કિન્યાના આંદોલને અને એ આંદોલનના નેતા કિન્યાત્તાએ જગતનું સૌથી વિશેષ લક્ષ ખેંચ્યુ છે.

કિન્યા એ મધ્ય આફ્રિકામાં હિંદી મહાસાગરના પશ્ચિમ કાંઠે આવેલો દેશ છે. એની ઉત્તરે આબીસીનિયા અને સોમાલીલૅન્ડ, પશ્ચિમે યુગાન્ડા અને વિક્ટોરિયા સરોવર તથા દક્ષિણમાં ટાંગાનીકાનો પ્રદેશ આવેલો છે. એની પડોશમાં જંગબાર (ઝાંઝીબાર)-નો ટાપુ આવેલો છે, જે અરબ સુલતાનના તાબે છે અને કિન્યાનો પૂર્વ ભાગ પણ પહેલાં જંગબારને જ તાબે હતો. ગઈ સદીની છેલ્લી પચ્ચીસીમાં યુરોપીય દેશોની ગીધનજર આ 'અંધારા ખંડ' પર પડી અને તેમણે એના એક પછી એક પ્રદેશની લૂંટ શરૂ કરી. ઈ.સ. ૧૮૭૭માં બ્રિટિશ ઈન્ડિયા સ્ટીમ નૅવિગેશન કંપનીના સંચાલક મૅકિનને જંગબારના સુલતાન બરગશ પાસેથી તેના તાબાનો પ્રદેશ ૭૦ વર્ષના પટા પર લેવાનો સોદો કર્યો, પણ બ્રિટિશ સરકારે એ સોદા તરફ બહુ ઉત્સાહ ન બતાવ્યો. પરંતુ પાછળથી જર્મનીએ ટાંગાનીકાનો પ્રદેશ પચાવી પાડતાં બ્રિટિશ સરકારે પોતાનો હિસ્સો મેળવવા ઈ. સ. ૧૮૮૪માં કિલિમાંજારો પહાડની ચારે બાજુનો પ્રદેશ પચાવી પાડચો ને ઈ. ૧૮૮૭માં કિન્યાનો પૂર્વપ્રદેશ પણ સુલતાન બરગશ પાસેથી મેળવી લીધો. ત્યારબાદ ઈ. સ. ૧૮૯૦માં બ્રિટન અને જર્મની બંનેએ પોતપોતાના લૂંટ અંગે પરસ્પર સમજૂતી કરી લીધી.

હિંદની પેઠે કિન્યાનું શાસન પણ શરૂઆતમાં એક કંપનીના

કિન્યાની આઝાદીની મશાલને જ્વલંત બનાવનાર સ્વાતંત્ર્યપ્રાણ નેતા



જોમો કિન્યાત્તા

હાથમાં હતું, પરતુ તેનાથી વહીવટી ખોટ સહન ન થતાં ૧૮૯૫માં તે પ્રદેશ બ્રિટિશ સરકારને હવાલે કરી દીધો. આમ યુગાન્ડા સાથે કિન્યા પણ બ્રિટિશોની પૂરેપૂરી માલિકીનો પ્રદેશ બની ગયો. પછી તો તેનો વેપારી નજરે વધુ વિકાસ કરવામાં આવ્યો. આ વિકાસમાં સૌથી વધુ ફાળો હિંદી મજૂરોનો છે. એમના શ્રમ વિના સમૃદ્ધ દરિયાઈ બંદર મૉમ્બાસા કે વિક્ટોરિયા સરોવર પરનું બંદર કિકુયુ અને એ બંનેને જોડતી રેલવે બંધાયાં ન હોત. કિન્યાનાં જંગલો અને પહાડોમાં કામ કરતાં સેંકડો હિંદી મજૂરોએ જાન ગુમાવ્યા છે. પરંતુ એ પ્રદેશનો લાભ બીજા કોઇને લેવા ન દેતાં યુરોપિયનોએ જ સર્વાશે લીધો છે. રેલવે તૈયાર થતાં તેમનાં ધાડાં ને ધાડાં કિન્યામાં ઊતરી પડયાં. સૌ પ્રથમ ઇસ્ટ આફ્રિકા સિન્ડિકેટે ૫૦૦ ચોરસ માઈલ જમીનની માગણી કરી. આ સિન્ડિકેટમાં દક્ષિણ આફ્રિકાના અંગ્રેજો ને ડચો પણ હતા અને કિન્યાના ગોરાઓમાં કાળી ચામડી સામેની સૂગ એમણે જ ફેલાવી. ઈંગ્લંડના વિદેશમંત્રી લૅન્સડાઉને જે ગોરાને કિન્યામાં જેટલી જોઇએ એટલે જમીન આપવા માંડી. પરિણામે ત્યાંના મૂળ વતનીઓ પોતાની જમીનના માલિક મટી ગયા.

કિન્યાના મૂળ નિવાસીઓ એક જ જાતિના હોત તો સંયુક્ત પણે આ શોષણનો સામનો એમને માટે સહેલો બનત. પરંતુ કિકુયુ, કામ્બા, નીકા, સ્વાહિલી, સોમાલી વગેરે અનેક જાતિઓ ત્યાં વસે છે. આમાંની કિકુયુ જાતિ અન્ય જાતિઓ કરતાં વધુ આગળ વધેલી અને શિક્ષણસંપન્ન હોઈ આ શોષણ અને ગુલામી સામેનો સૌ પ્રથમ પ્રત્યાઘાત એણે પાડયાં છે. કિન્યાત્તા અને તેના સાથીઓ આ કિકુયુ જાતિના જ છે, જેને ગોરાઓ તુચ્છકારથી 'કિકુ' કહે છે.

કિન્યાનાં શોષણ અને ગુલામી સામેના આંદોલનનો નેતા કિન્યાત્તા આજે ત્યાં સૌથી વધુ લોકપ્રિય હોવાનાં ત્રણ કારણો છે: એક તો એ સર્વોત્તમ આફ્રિકન વક્તાઓમાંનો એક છે; બીજું એ વિદ્વાન અને અત્યંત બુદ્ધિશાળી છે; અને ત્રીજું આફ્રિકનોમાં શિક્ષણ-પ્રસારનો એણે અનન્ય પરિશ્રમ ખેડયો છે. શિક્ષણના પ્રકાશ વિના ગુલામીનો અંધકાર દૂર ન થઈ શકે એવી શ્રદ્ધાથી પ્રેરિત થઇને એણે આફ્રિકનોમાં શિક્ષણપ્રસાર આદર્યો. એ શિક્ષણ સરકારના કે ગોરાઓના પ્રભાવથી તદ્દન મુક્ત રહે તેની એણે ખાસ કાળજી રાખી છે. એના હસ્તક આજે કિન્યામાં ૨૦૦ ઉપરાંત શાળાઓ ચાલતી હશે.

કિન્યાત્તાનો જન્મ આજથી આશરે ચાળીસેક વર્ષ પર થએલો. ચોક્કસ તારીખ તો એને પોતાને પણ યાદ નથી. એના બાળપણ વિષે પણ ખાસ કશું જાણવામાં નથી આવ્યું. દસેક વર્ષની ઉમરે એક અનાથ બાળક તરીકે એ ફૉર્ટહોલ નજીક સ્કૉટલેન્ડ મિશનને હાથ લાગેલો. એનું નામ પૂછવામાં આવતાં એણે પોતાનું નામ કામાઉ વા ચેંગી જણાવેલું. કરોડના દરદથી એ વખતે એ પીડાતો હતો, પણ મિશનમાં એના પર સફળ ઑપરેશન કરવામાં આવ્યું. ત્યાર બાદ એને રસોડાનું કામ સોંપવામાં આવ્યું. એની આંખો ચીનાઓની જેમ ઢળતી હોવાને કારણે એને બધા 'જૉન ચાઈનામૅન' કહેતા.

એની કલ્પનાશક્તિ પહેલેથી જ બહુ તીવ્ર. મિશનમાં એ જાતે નવનવી વાર્તાઓ રચીને સૌને સંભળાવતો. સૌકોઇને એના તરફ ભાવ હતો. થોડા સમય બાદ એને ખ્રિસ્તી ધર્મની દીક્ષા આપીને એનું નામ 'જૉન્સન' રાખવામાં આવ્યું. એ પછી સુથારકામ શીખીને એણે નૈરોબી વૉટર વર્ક્સમાં નોકરી મેળવી. ત્યાં એક બ્રિટિશ દંપતીએ એની બુદ્ધિમત્તા પર મુગ્ધ થઈ એના વિકાસમાં રસ લેવા માંડયો.

કિકુયુ જાતિમાં તેના શોષણ વિરુદ્ધ જે મનોદુઃખ પ્રવર્તતું હતું તેને વાચા આપવા માટે કિકુયુ સેન્ટ્રલ એસોસીએશનની સ્થાપના કરીને કિન્યાત્તાએ એની જાહેર કારકિર્દીનું પ્રથમ પગલું ભર્યું. આ મંડળીનો પ્રમુખ પણ એ જ હતો. ઈ.સ. ૧૯૨૮માં એણે કિકુયુ ભાષામાં એક છાપું શરૂ કર્યું અને એને વળતે વરસે ઉપર્યુક્ત મંડળી વતી કિકુયુ જાતિનો કેસ રજૂ કરવા ઇંગ્લંડ ઊપડયો.

છ મહિના ઈંગ્લંડમાં રોકાયા છતાં કશી દાદ ન મળતાં તે પાછો વળ્યો. ત્યાર બાદ એક વર્ષ રહી ફરી પાછો ત્યાં ગયો અને આ વખતે તેર વરસ રોકાયો. લંડન યુનિવર્સિટીમાં જગપ્રસિદ્ધ પ્રોફેસર માલિનોવ્સ્કીના હાથ નીચે એણે માનવવંશશાસ્ત્રનો અભ્યાસ કર્યો. પ્રો. માલિનોવ્સ્કીને કિન્યાત્તા અત્યંત બુદ્ધિશાળી વિદ્યાર્થી જણાયો હતો અને એના તરફ ખાસ ચાહ રાખતા. કિન્યાત્તાએ પાછળથી ૧૯૩૯માં લખેલા 'Facing Mount Kenya' નામક માનવવંશશાસ્ત્રીય પુસ્તકની પ્રસ્તાવના પણ એમણે લખેલી છે. એમાં કિન્યાત્તાએ કિન્યાના ભૂમિપ્રશ્નની પણ વિશદ છણાવટ કરેલી છે. યુરોપિયનો ક્રમશઃ આફ્રિકનોના મિલકતના હક કેમ નેવે મૂકતા ગયા તેનો વાસ્તવિક ચિતાર એમાં આપેલો છે.

બ્રિટનમાં કાળી ચામડીના માનવીને એ વખતે જે તકલીફો વેઠવી પડતી હતી એ બધી જ કિન્યાત્તાને વેઠવી પડેલી. એનું ઉપર્યુક્ત પુસ્તક પણ એણે એક ખંડિયેર જેવા ઘરના કાતરિયામાં બેસીને લખેલું. પરંતુ ગમે તેટલી તકલીફ છતાં એ કદી કંટાળતો નહિ. એની રમૂજવૃત્તિ તરત એની મદદે આવતી ને તકલીફોને તે હસી ઉડાવતો.

મૅટ્રિક પછીનું માર્ગદર્શન

આવતા વર્ષથી શરૂ થતી એક નાની પણ ઉપયોગી લેખાવલિ

એના લેખક શ્રી સ. અ. રાનડે આ પ્રકારની વિવિધ વ્યવસાયની નાની સમાજોપયોગી માર્ગદર્શિનીઓ માટે મહારાષ્ટ્રમાં ખૂબ જાણીતા છે. 'ઉદ્યમ' નામના લોકપ્રિય માસિકના એ લેખક આપબળ અને પુરુષાર્થથી ધીમેધીમે આગળ આવી આજે વિસનગર કૉલેજમાં પ્રોફેસર છે. અનેક માહિતીઓ તથા અનુભવને આધારે લખાએલી એમની એ લેખાવલિ જાન્યુઆરીથી શરૂ થઇ મે માસમાં પૂરી થશે—જે કાળ વિદ્યાર્થીઓને તેમજ તેમના વડીલોને માટે ભાવિ કારકિર્દીની ચિંતા કરાવનારો છે. બરાબર એ ગાળામાં જ પ્રકટ થતી એ લેખાવલિની ઉપયોગિતાનો ખ્યાલ આ નીચે આપેલી તેના વિષયોની ક્રમિક યાદી પરથી આવશે.

કૉલેજમાં કોણે જવું ?	હિંદની કેટલીક મેડિકલ સંસ્થાઓ
ખેતીવિષયક અભ્યાસક્રમ	યુનિવર્સિટીનું શિક્ષણ
રેડિયો-તાલીમનો અભ્યાસક્રમ	અન્ય સંસ્થાઓ તથા અભ્યાસક્રમો
ઈન્ટર સાયન્સ 'એ'-ગ્રૂપનો કોર્સ	પરદેશોના અભ્યાસક્રમો
ઈન્ટર સાયન્સ 'બી'-ગ્રૂપનો કોર્સ	સ્ત્રીઓ માટે ધનાર્જનના માર્ગો
બી.એસસી. (રસાયન)નો કોર્સ	દ્રવ્યાર્જનના માર્ગો અને ધંધાઓ
બી.એ. માટેનો અભ્યાસક્રમ	સરકારી નોકરીઓ વિષે માહિતી
ઇન્ટર આર્ટ્સ માટેના અભ્યાસક્રમ	ગરીબ વિદ્યાર્થીઓનો પ્રશ્ન
જંગલવિદ્યા (ફૉરેસ્ટ્રી) વિષે	એન્જિનીઅરિંગનું શિક્ષણ
વિમાનવિદ્યા માટેની માહિતી	લશ્કરી શિક્ષણ વિષે માહિતી
મોટરવિદ્યા વિષે માહિતી	માહિતી મેળવવાનાં થોડાં સરનામાં
મૅટ્રિક નાપાસ થએલા માટે કોર્સ	માહિતીઓ શી રીતે મેળવવી ?

ઈંગ્લંડવાસ દરમિયાન એણે યુરોપનો પ્રવાસ ખેડયો, જેમાં રશિયાની પણ મુલાકાત લીધી. આથી કેટલાકને એ કમ્યુનિસ્ટ હોવાની શંકા પણ જાગેલી, પરંતુ ખુદ બ્રિટિશ કમ્યુનિસ્ટ પાર્ટીના એક માજી સભ્યે તાજેતરમાં જાહેર કર્યું છે તે મુજબ કિન્યાત્તા કદી કમ્યુનિસ્ટ પાર્ટીનો સભ્ય નહોતો. ઈંગ્લંડમાં એને સૌ 'જમ્મો' કહીને બોલાવતા. કામદારોને શિક્ષણ આપતાં મંડળોમાં એ કામગીરી બજાવતો. યુદ્ધકાળમાં એ ખેતમજૂર તરીકે રહેલો, જે દરમિયાન મિસ એડના ગ્રેસ કલાર્ક નામની અંગ્રેજ છોકરી સાથે પરિચય થયો. એ પરિચય પરસ્પર પ્રેમમાં વિકસતાં બંને લગ્નગ્રંથીથી જોડાઇ ગયાં. એક વરસે એમને પુત્ર થયો, જેનું નામ પીટર રાખ્યું છે.

કિન્યાત્તા આજે જોમો કિન્યાત્તાના નામે ઓળખાય છે, પરંતુ એ એનું જન્મનું નામ નથી, કે નથી ખ્રિસ્તી ધર્મનું દીક્ષિત નામ. જોમો એ જમ્મો પરથી આવ્યું છે, જ્યારે કિન્યાત્તા એ એના દેશ કિન્યા પરથી. પોતાના દેશ સાથે એકાત્મતા અનુભવવા અને સૂચવવા તેણે પોતાનું એ નામ રાખ્યું છે.

ઈંગ્લંડના એના નિવાસ દરમિયાન જ કિન્યાત્તા 'નિગ્રો ઈન્ટેલેક્ચ્યુઅલ' (હબસી પ્રતિભા) તરીકે ઠીકઠીક જાણીતો થયો હતો. એ અરસામાં એને કોઇકે પ્રશ્ન કરેલો કે કિન્યામાંથી યુરોપિયનોને હાંકી કાઢવા જોઇએ કે કેમ, તેનો એણે નકારમાં જવાબ આપેલો. તેનું કહેવું એ હતું કે એ યુરોપિયનો આગળ જતાં આફ્રિકનો થઇ જશે અને સમાજવાદના કોઈ સ્વરૂપ નીચે સઘળા એક થઇને રહેશે. પરંતુ પોતાનું એ સ્વપ્ન એણે સગી આંખે ભૂંસાતું જતું જોતાં પાન-આફ્રિકન ફેડરેશનની એણે રચના કરી. આ ફેડરેશન તમામ હબશી સંસ્થાઓનો સમવાય હતો અને તેનો પ્રમુખ કિન્યાત્તા પોતે હતો. અમેરિકાથી એ અરસામાં ઈંગ્લંડની મુલાકાતે આવેલો ગોલ્ડ કોસ્ટનો હબશી નેતા ક્વામી નક્રૂમા તેનો મહામંત્રી બન્યો. આ ફેડરેશને ૧૯૪૫માં માંચેસ્ટર મુકામે પાન-આફ્રિકન કૉંગ્રેસ બોલાવી અને એ શહેરના મેયરના હાથે એનું ઉદ્‌ઘાટન કરાવ્યું. આફ્રિકા, અમેરિકા, વેસ્ટ ઈન્ડીઝ વગેરે સ્થળોએથી આવેલા હબશી પ્રતિનિધિઓએ પોતાની જાતિના અને પોતપોતાના મુલકના સવાલો ત્યાં એકઠા બેસીને વિચાર્યા. એ આખીયે બેઠકની દોરવણી કિન્યાત્તાએ કરેલી. એના શાંત અને વિનોદી સ્વભાવે કૉંગ્રેસનું કામ સરળતાથી પાર પાડયું.

ઈ. ૧૯૪૬માં એ કિન્યા પાછો ફર્યો ત્યાં સુધીમાં યુરોપિયનો આફ્રિકનો બનીને રહે એવું એનું સ્વપ્ન સંપૂર્ણ ભૂંસાઇ ગયું હતું. હવે તો એણે એ જ વસ્તુ પર ભાર મૂકવા માંડયો કે, યુરોપિયનો છોડી જાય તો જ કિન્યા ફરી પાછું સ્વર્ગ બને. એણે કિન્યા આફ્રિકન યૂનિયનની સ્થાપના કરી, જેની સભ્યસંખ્યા આજે એક લાખથી વધુ છે. આ યૂનિયને 'કિન્યા છોડી જાઓ'ના કરેલા ઘોષે કિન્યાના ગોરા શાસકોની ઊંઘ હરામ કરી દીધી છે ને આ ઘોષનો પ્રતિકાર કરવા એક બાજુ દમનનો ને બીજી બાજુ કિન્યાત્તા તથા તેના સાથીઓ સંબંધે ગેરસમજ ઊભી કરવાનો પ્રયત્ન શરૂ કર્યો છે. પરંતુ કિન્યાત્તાના અવાજને તેઓ દબાવી નહિ શકે. વિના તપાસે જેલમાં ગોંધી દેવામાં આવેલા આફ્રિકાના એ સ્વાતંત્ર્યપ્રાણ નેતાના બચાવ માટે નાઇજીરિયાથી માંડી સુદાન સુધીના મુલ્કોના વકીલો કિન્યા ઊપડયા છે. કિન્યા આફ્રિકન યૂનિયને પોતે તો કિન્યાત્તાના બચાવ માટે ઈંગ્લંડના મિ. ડી. એન. પ્રિટને રોકેલા જ છે. મિ. પ્રિટના કામમાં અનેક અંતરાયો ઊભા કરવામાં આવે છે. હજુ સુધી એમને કિન્યાત્તાની મુલાકાત લેવા દેવામાં નથી આવી. કેસમાં લેવાતી સાક્ષીઓની જુબાનીઓના પણ ખોટા તરજૂમા એમને પૂરા પાડવામાં આવે છે એવી એમણે જાતે જ ફરિયાદ કરેલી છે. હિંદ તરફથી દીવાન ચમનલાલ પણ કિન્યાત્તાના કેસમાં ઊંડો રસ લઇ રહ્યા છે, એટલે જાહેર તપાસ ચલાવવા માટેની કિન્યા સરકારની ગમે તેટલી નામરજી છતાં કિન્યાત્તાના કેસની જાહેર તપાસ વિના તેનો છૂટકો નહિ થાય એમ લાગે છે. અને એમ થશે ત્યારે બ્રિટિશ શાહીવાદનું કિન્યામાંનું સ્વરૂપ તેના અસલ રૂપે ઉઘાડું પડયા વિના નહિ રહે.

કિન્યાત્તાની જાહેર તપાસ ચાલે કે ન ચાલે, તેને ઓછીવત્તી મુદ્દતની સજા થાય કે ન થાય, પરંતુ આફ્રિકાના અંધારા ખંડમાં સ્વાતંત્ર્યની જળેલી મશાલને એણે વધુ જાજ્વલ્યમાન બનાવી છે અને ગુલામીનાં અંધારાં ઉલેચતી કૂચમાં એણે આગેકદમી માટે નવું બળ અને નવો ઉત્સાહ પ્રેર્યાં છે. આઝાદી માટે શરૂ થએલી કોઇ પણ પરાધીન પ્રજાની કૂચ ગમે તેટલાં વિઘ્નો અને વિલંબ છતાં લક્ષ્યસ્થાને પહોંચ્યા વિના રહી છે ખરી ?

અશોક હર્ષ

આવતા વર્ષે લગભગ દર મહિને શ્રી અશોક હર્ષની કલમે લખાએલું એક ચરિત્ર આવશે.



રંગોળીની કળા




નાનાવિધ રંગોની આવલિ (રંગ+આવલિ) એટલે રંગોળી. 'એ પ્રાચીન લોકકળામાંની એક છે. ભારતના લગભગ બધા જ પ્રાંતોમાં આપણને તેનો પરિચય થાય છે. બંગાળામાં તે આલિંપના તરીકે, મહારાષ્ટ્રમાં રંગોળી ને ગુજરાતમાં સાથિયા તરીકે જાણીતી છે મદ્રાસ તથા અન્ય પ્રાંતોમાં પણ તેનો સારો વિકાસ થએલો છે.'

'આટલી વિસ્તરિત આ કળાનો યુગને અનુકૂળ દૃષ્ટિએ અભ્યાસ થાય એ જરૂરનું' ગણીને સૂરતનાં શ્રી ભક્તિબહેન શાહે નાનાવિધ રંગની છપાઈવાળું એક સુંદર પુસ્તક યોજ્યું છે, અને તેમાં એ કલાની વિગતવાર સમજ પુષ્કળ દૃષ્ટાંત-ચિત્રો સાથે આપી છે. તેમાંનો પ્રસ્તુત ભાગ તથા થોડાં ચિત્રો અહીં તેમજ આ અંકના પૂઠામાં આપ્યાં છે.

'આ કલા એ પાશ્ચાત્ય દેશોમાં જેને free hand drawing કહે છે તેનું એક સુંદર દૃષ્ટાંત છે અને વિશાળ સમુદાયની કલાદૃષ્ટિ ખીલવવામાં તે મોટો ભાગ ભજવી શકે. પરંતુ ગુજરાતમાં તો આ કળાના હાલમાં થતા ઉપયોગની રીતમાં મૂળભૂત ફેરફાર થવાની જરૂર છે. આપણે ત્યાં હમણાં મીંડાંઓવાળાં બીબાંઓમાંથી મીંડાઓમાં ચોકઠાં પાડી, કોઈ પુસ્તકનો સહારો લઈ રેખાઓ અને આકૃતિ દોરવાનું પ્રચલિત થયું છે; પરંતુ કળાને સરળ બનાવવાનો મનુષ્યની બુદ્ધિએ યોજેલો એ એક વિકૃત પ્રયોગ છે, કારણ કે એથી કળા સરળ બનતી હોય તો પણ તે કળા રહેતી નથી; તે યાંત્રિક ને નિષ્પ્રાણ બની જાય છે. કળા એ ઊર્મિની અભિવ્યક્તિ છે. તે જેટલી મુક્ત તેટલી વધુ દીપે.

નવરાત્રિમાં શેરીઓમાં કે પોળોમાં પુસ્તક હાથમાં લઇ વીસેક લીટીનો ગરબો ગવડાવતી બાળાઓ, દિવાળીના દિવસોમાં પુસ્તકનું આલંબન લઈ સાથિયા પૂરતી ગૃહિણીઓ, કે પછી અહીં ને ત્યાં સિનેમાના ચોક્કસ ઢાળનાં ભાવગીતો ગાતાં યુવકયુવતીઓ, એ રાષ્ટ્રની સર્જક પ્રતિભાનાં પ્રતિબિંબો



પાતળા પતરા પર ઝીણાં કાણાં પાડીને કરવામાં આવતા રંગોળીના બીબાંનો નમૂનો

નથી જ. આ પ્રયોગો તો ઊર્મિને એક ઢાળકામાં ઢાળવાનો પ્રયત્ન છે.

મુક્ત રીતે આકૃતિ દોરવાનું કાર્ય કઠણ છે એમ માનવું એ પણ ભૂલ છે. ઊલટું પુસ્તકનું આલંબન લઈ દોરવામાં આવતી આકૃતિઓ કરતાં મુક્ત રીતે દોરાએલી આકૃતિઓ વધુ સરળ, ઝડપી, સુંદર ને પ્રાણવાન બને છે. એટલું ખરું કે એને માટે ખંત ને ભાવના જરૂરી છે. એ હોય તો સામાન્ય અનુભવ વડે પણ ભવ્ય અને સુંદર આકૃતિઓનું મૌલિક નિર્માણ ખૂબ સરળતાથી થઇ શકે. આવી વિચારસરણીમાં આ પુસ્તકની મૂળ પ્રેરણા રહેલી છે. લોકકળાનાં સીધી લીટીથી માંડી ખૂબ જ સંકુલ આકૃતિ સુધીનાં રૂપોનો ક્રમાનુસાર પરિચય કરાવવાનો એમાં પ્રયત્ન થયો છે. ઉપરાંત ભૂમિ માટેની તૈયારીથી માંડી જુદાજુદા રંગોના ભાવો, તેમની મેળવણી, તેમનો સ્વતંત્ર અને મિશ્ર પ્રયોગ, પ્રકૃતિના તત્ત્વો સાથે તેમનું સમીકરણ તથા અભ્યાસ, તથા ઊર્મિના પ્રકારો સાથે તેમનો સંબંધ, વગેરે ખૂબ કાળજીપૂર્વક ને વૈજ્ઞાનિક રીતે આમાં વિચારાયાં છે.

આપણા તહેવારો, ઉત્સવો, લગ્નપ્રસંગો, ભોજનસમારંભો, પ્રદર્શનો, રાષ્ટ્રીય પર્વો વગેરેમાં રંગોળી ઉત્સાહભર્યું કલાત્મક વાતાવરણ ઉત્પન્ન કરી શકે છે. તે પ્રસંગ તેમજ સ્થાનને શોભા આપે છે. આંગણું, ઓટલો, દીવાનખાનું, ભોજનસ્થાન, પૂજાસ્થાન, તુલસીક્યારો વગેરે સ્થળોને શોભા આપી વ્યક્તિગત કે સામુદાયિક પ્રસંગાનુસાર વાતાવરણ ખડું કરે છે. ઉપરાંત એનાથી વ્યક્તિની કળાની સમજ ખીલે છે, કલ્પના અને વ્યવસ્થાશક્તિ વિકસે છે, યોજના વધુ સૂક્ષ્મ અને સચોટ બને છે, કુદરતનું અવલોકન કરવાની અને તેને સમજવાની વૃત્તિ વધુ વ્યાપક બને છે, વિચારો સાત્ત્વિક બને છે.

એટલે આ કળા કેવળ ઉત્સવો માટે મર્યાદિત ન રહે, તેમજ મીંડાંઓના ચોકઠામાં જ કેવળ બંધાઇ ન રહે, પણ પોતાનું મુક્ત સ્મિત પ્રતિદિન પ્રત્યેક ગૃહાંગણેથી અર્પે એ અભિલાષા આ પુસ્તક પાછળ રહેલી છે.

કળાકેળવણીના ક્ષેત્રમાં લાંબો સમય કામ કર્યા પછી એ અનુભવોને આધારે આ ભાવપૂર્ણ રૂપનિર્માણની સરળ અને નવી પદ્ધતિ તૈયાર કરી છે. આ પદ્ધતિ નાનાં બાળકોને પણ સ્વતંત્ર રીતે નવાં નવાં આયોજનો કરવા પ્રેરી શકશે. રંગોળીની જુદાજુદા પ્રાંતની વિવિધ પદ્ધતિઓને પણ આમાં રજૂ કરવાનો પ્રયત્ન કર્યો છે. દરેક વ્યક્તિ આ વિષયનો સ્વતંત્ર વિચાર કરતી બની શકે અને પોતાની કલ્પનાશક્તિને જાગ્રત કરી નવાં નવાં સ્વતંત્ર આયોજનો કરે એ દૃષ્ટિએ આ વિષયને અભ્યાસપૂર્ણ બનાવવામાં આવ્યો છે. એટલું જ નહિ પણ ચિત્રકળાની શરૂઆત કરનારને તેમની કળા-કેળવણીમાં પણ આ પુસ્તક ઉપયોગી ફાળો આપશે.'

આ પછી રંગોળી માટે ભૂમિ કેમ તૈયાર કરવી તથા તેમાં કયાં સાધનો વાપરવાં તેની સમજ આપી છે. સાધનોમાં અબીલ, ગુલાલ, કંકુ, કળોટી, વિવિધ રંગોના પાઉડર, રંગેલું ભૂસું, હળદર, ગળી, કોલસાનો ભૂકો, રાખ, રેતી, નળિયાંનો ભૂકો, અનાજ,

(અનુસંધાન પાછલા પૂઠામાં)

ઊભા રહેજો... આવું છું

આજની પેઢીને કદાચ ગળે ન ઊતરે એવી ગઈ પેઢીની વાત

લેખક · શિવકુમાર જોષી



'તમે હવે થોડો વખત આરામ કરો... થોડો વખત સૂઈ જાઓ, કહું છું. આખી રાતનો ઉજાગરો છે. ક્યાં સુધી આમ ને આમ બેસી રહેશો?... નથી ઊઠવું?... આરામ ન કરવો હોય તો પણ જાઓ ચાનાસ્તો કરી આવો... હસો છો શું? નથી સાંભળ્યું?' રમીલાએ કેટલી યે આજીજી કરી, મીઠી ધમકીઓ આપી, પણ શ્રીનિવાસ ન તો એના માંદગીના બિછાના ઉપરથી ઊઠ્યો, કે ન તો એની કોઈ વાતનો ઉત્તર આપ્યો. એ તો માત્ર એના ઓશીકા પાસે બેસીને એક હાથે પંખાથી ધીરો પવન નાખ્યે જતો હતો ને બીજે હાથે રમીલાની આડીઅવળી ઊડતી લટો સરખી કર્યે જતો હતો.

રમીલા અને શ્રીનિવાસ બનારસ હિંદુ યુનિવર્સિટીમાં ભેગાં થઇ ગયાં હતાં. શ્રીનિવાસ એન્જિનીઅરિંગ કૉલેજમાં અભ્યાસ કરતો; અને દેશના ભાગલા થતાં માબાપ વિનાની રમીલા કરાચી છોડીને બનારસ આવી, સરકારી સ્કૉલરશિપ મેળવીને ત્યાં આર્ટ્સ કૉલેજમાં બીજા વર્ષમાં દાખલ થઈ હતી. કરાચીમાં એના પિતાનો બહોળો વેપાર હતો. મૂળ ગુજરાતનાં, પણ વર્ષો થયાં સિંધમાં વસેલાં એટલે ગુજરાત સાથેનો સંબંધ ઘણો ઓછો થઈ ગયો હતો. તેમાં યે રમીલાએ તો સિંધ બહાર પગ પણ મૂક્યો ન હતો. હજી તો રમીલા હાઇસ્કૂલમાં હતી ત્યાં ત્રણ વરસના અંતરે પહેલાં મા ને પછી પિતા મૃત્યુ પામ્યાં. દૂરના પિત્રાઇ કાકાના હાથમાં પોતાનાં વેપાર અને યૌવનને આરે આવી પહોંચેલી રમીલાની ભાળવણી કરીને એમણે દેહ છોડ્યો. બેએક વર્ષ પછી જ દેશના ભાગલા પડતાં યુવાન ભત્રીજીને સારા સથવારા જોડે દિલ્હી મોકલી આપી, અને પિતરાઈ કાકા બધું આટોપવા રહ્યા તે રહ્યા જ; રમીલાને ત્યાર પછી એમની ભાળ ન લાગી. છેવટે સંબંધીઓના પ્રયત્ને સરકાર તરફથી એને શિષ્યવૃત્તિ મળી ને તે બનારસ હિંદુ યુનિવર્સિટીમાં જોડાઈ.

ફૂટબૉલ ને હૉકીની રમતમાં આગળ પડતો ભાગ લેતો શ્રીનિવાસ આખી યુનિવર્સિટીનાં વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓનો પ્રીતિપાત્ર હતો. સેન્ટર ફૉરવર્ડ તરીકે દરેક મોટી મૅચમાં વિજયી રમત ખેલતા એ સોહામણા ખેલાડીની ઝડપી દોડ, ઊજળો સૌષ્ઠવપૂર્ણ દેહ અને કાળાં ભમ્મર ઝુલ્ફાં નીચે મલકાતો સદાયે સ્મિતભર્યો ચહેરો માત્ર રમતગમતોમાં જ નહિ, પણ યુનિવર્સિટીના ગુજરાતી વિદ્યાર્થીઓના બધા કાર્યક્રમોમાં પણ આકર્ષણ જમાવી રહેતો. ભણતર સિવાયની ઈતર પ્રવૃત્તિઓમાં રસ લેતી, સિંધી ચમકવાળી રમીલા પણ પોતાનું વ્યક્તિત્વ ત્યાં જમાવી રહી હતી. એની સૂકી પણ ઘાટીલી દેહલતા, વિશાળ આંખો, બહુ સુંદર નહિ છતાં જોતાં ગમી જાય તેવો ભાવભર્યો ચહેરો, ને સૌથી વધુ તો એનો હસમુખો મળતાવડો સ્વભાવ, આ બધાંથી એ સૌમાં આગળ તરી આવતી. અને આવા સંયોગોમાં બને છે તેમ, શ્રીનિવાસ ને રમીલા એકબીજાના પરિચયમાં આવ્યાં: પરિચયમાંથી ગાઢ મૈત્રી અને તેમાંથી સ્નેહના અંકુર ફૂટ્યા.

એન્જિનીઅરિંગ પાસ કર્યા પછી મુંબાઈ સરકારની નવી નહેરોની યોજનામાં શ્રીનિવાસની નિમણૂક થઇ; અને છૂટા પડતી વખતના કૉલ પ્રમાણે શ્રીનિવાસે રમીલાને બોલાવી લઈને, બે મોટાભાઈઓ ને બે મોટી બહેનોના આશીર્વાદ મેળવી તેની સાથે લગ્ન કર્યાં.

એ વાતને બે અઢી વર્ષ વીતી ગયાં. નોકરીની રખડપટ્ટી અને અસ્થિર જીવનને લઇને સુકોમળ રમીલા માંદી પડી ગઇ ને ધીરેધીરે એનું શરીર ક્ષીણ થવા લાગ્યું. શ્રીનિવાસ તરત રજા લઇને એને પંચગની લઈ ગયો. તરેહતરેહનાં ઈન્જેક્શન, મોંઘાં ટૉનિક ને બીજું જે કાંઇ ડૉક્ટરોએ સૂચવ્યું તે એણે અમલમાં મૂકવા માંડ્યું. ચોવીસે કલાક તે ખડે પગે એની ચાકરીમાં લાગી ગયો. અને એમ કરતાં પોતાની રોજિંદી જરૂરિયાતો પ્રત્યે પણ સાવ બેદરકાર બની ગયો. રમીલાને સહેજ તાવ કે હાંફ ચડતી તો એનું મુખ ચિંતાતુર બની જતું.

બે દિવસથી રમીલા વધુ અસ્વસ્થ હતી. ચોમાસા પહેલાંનો ઉકળાટ શરૂ થયો હતો એટલે આજ રાત્રે રમીલા બિલકુલ ઊંઘી શકી ન હતી. શ્રીનિવાસ એની પથારી પાસેથી ઘડી પણ દૂર ખસ્યો ન હતો; ને આજ સવારે તો એણે ચાનાસ્તો પણ કર્યો ન હતો. ખૂબ

આગ્રહપૂર્વક રમીલાએ એને થોડો ચાનાસ્તો કરીને આરામ કરવા કહ્યું. પણ એ ન ગણકારતાં એણે રમીલાને ખૂબ કોમળતાથી ઊચકીને બાજુમાં પોતાના પલંગ ઉપર સુવાડી એનું બિછાનું સાફ કરી નાખ્યું, ચાદર બદલીને નવી પાથરી, ઓશીકાની ખોળો બદલી, ને બાજુમાં પડેલી થૂંકદાની ઉપાડીને બહાર સાફ કરવા જાય છે, ત્યાં રમીલાએ પોતાનો નિર્બળ હાથ આડો ધર્યો ને પાસું વાળીને બીજે હાથે એનું પહેરણ પકડીને જતો રોક્યો.

'રમી! આમ શું કરે છે? જો તો હું…' પણ કંઈ વધુ બોલવા જાય છે ત્યાં રમીલાની આંખમાં બોરબોર જેવડાં આંસુ જોઇને થંભી ગયો. થૂંકદાની બાજુમાં મૂકીને ખૂબ મમતાથી એની આંખો લૂછી નાખી રમીલાએ હાથની ઈશારત કરીને શ્રીનિવાસને બાજુમાં બેસવા કહ્યું. કંઈક વધુ સ્વસ્થ થઇને એના બન્ને હાથ પોતાના ધ્રૂજતા હાથમાં લઇને ખૂબ કાકલૂદીભર્યા અવાજે પૂછ્યું: 'શ્રી! શા માટે તું મારી આટલી બધી દરકાર લઈ રહ્યો છે? એક અજાણ અનાથ છોકરી તને કૉલેજના દિવસો દરમ્યાન મળી ગઈ અને પ્રીતિ બંધાઈ…'

'આ શાં ગાંડાં કાઢે છે?' શ્રીનિવાસે હસતાંહસતાં પૂછ્યું.

'ગાંડાં નથી કાઢતી…હું તને દુઃખી કરી રહી છું એનો મને રંજ છે, નિવાસ. ક્યાં તારો મજબૂત સશક્ત તંદુરસ્ત દેહ ને…ક્યાં આ મારી રોગીલી કાયા! મારી અવસ્થા તો જો! તારાં બધાં અરમાનોનું શું? શા માટે આવી માંદલી પત્નીને તું આમ વળગી રહ્યો છે?'

'એનું કારણ આ.' એમ કહી તેણે હેતથી રમીલાના ગાલ પર એક ઢીલી ટપલી મારી ને ઊઠવા ગયો, પણ રમીલાએ એને છૂટવા ન દીધો. ધીરા પછડાટ ખાતા અવાજે એણે બોલવા માંડ્યું: 'મેં ઠીકઠીક દુનિયા જોઈ છે, શ્રી! કૉલેજકાળમાં સારા પ્રમાણમાં યુવાન કૉલેજિયનોના પરિચયમાં પણ આવી છું. સામાન્ય યુવાનનું વલણ હું બહુ સારી રીતે સમજું છું. પણ હમેશની માંદલી, પથારીવશ પત્ની પ્રત્યે પ્રેમભર્યાં થનગનતા યુવાન પતિની આટલી બધી નિષ્ઠા એ તો મેં ક્યાં યે જોઈ નથી, સાંભળી પણ નથી. છ છ મહિના થયાં હું આમ ને આમ પથારીવશ છું, છતાં તારા મોં પર આટલો સરખો કંટાળો નથી, ચીડ નથી…શાથી આ…'

'ચાલ હવે સૂઇ જા તો; બોલવાનું બંધ કર.' એટલું કહી ઊભા થઇને તેણે આગળ કરતાં યે વધુ કોમળતાથી રમીલાના સૂકાપાતળા હલકા દેહને ફૂલની જેમ ઊચકીને સાફ કરેલી એની પથારીમાં સુવાડી દીધો. સૂતાંસૂતાં રમીલાએ આંસુભરી આંખે એને ફરીથી પૂછ્યુ, 'શાથી આટલું બધું મારે માટે…શાથી?'

'મારે તને સાજીસારી કરીને ફરીથી ઊભી કરવી છે, રમી—'

'એવી તો આ જીવનમાં થઇ રહી—'

'એવું ના બોલીશ રમી, એવું ન બોલીશ; એવું કાંઇ થાય તો તો…'

આટલું બોલતાંમાં શ્રીનિવાસનો અવાજ રૂંધાઇ ગયો અને એની આંખમાંથી બે મોટાં આંસુ ખરી પડ્યાં. રમીલાએ કોઈ દિવસ આ સદા યે હસમુખા તરવરતા પતિની આંખમાં આંસુ જોયાં ન હતાં. માંદીમાંદી યે એ બેઠી થઈ ગઈ અને એના ખભા ઉપર માથું ટેકવી ઊંચી નજરે એની અસાધારણ ગંભીર મુખમુદ્રા તરફ એકીટશે જોઈ રહી. થોડીક ક્ષણો એમ ને એમ વીતી ગઈ. માંદલા હાથે એના કપાળે ઝૂકી પડેલું વાળનું ઝુલફું ઠીક કરતાં ઠપકાભરી દૃષ્ટિથી પૂછ્યું, 'ગાંડો થયો છે કે શું? આવું તે કરાતું હશે?'

શ્રીનિવાસે સ્વસ્થતા મેળવવાનો પ્રયત્ન કરતાં જવાબ આપ્યો, 'ના, ના, એ તો અમસ્તું. મને કાંઈક યાદ આવી ગયું, એટલે.'

રમીલાના 'શું યાદ આવ્યું' સવાલનો જવાબ શ્રીનિવાસ ન આપત; પણ એણે એવી તો આકરી રઢ લઇને કડક સોગંદ દીધા કે કહ્યા વિના એનો છૂટકો ન થયો. એણે કહ્યું, 'તારે એ વાત સાંભળવી હોય તો સરખી રીતે સૂઈ જા. વાત જરા લાંબી છે.' બે ઓશીકે સહેજ ઊંચું માથું ટેકવીને રમીલા સૂતી. અને પડખે જરા આડા પડી એની આંખમાં આંખ પરોવીને ખૂબ ગંભીર અવાજે એણે વાત માંડી:

ઉત્તર ગુજરાતમાં વિજાપુર પાસે કુકરવાડા કરીને એક નાનું અમથું ગામ છે. ત્યાં એક વયોવૃદ્ધ બ્રાહ્મણ ને એની વૃદ્ધ પત્ની હાથેછાયા ઝૂંપડી જેવા મકાનમાં રહેતાં. પાચપાંચ બાળકોનાં મૃત્યુ પછી એકમાત્ર દીકરો બચ્યો હતો. ગામની ગામડી નિશાળમાં એ અભ્યાસ કરતો અને વૃદ્ધ પુરાણી પિતા નવરાશની વખતે એને પુરાણોની વાતો કહેતા. પુત્ર બાર વર્ષનો થયો ત્યારે કોડ કરીને બાજુના ગામડેથી પોતાના જેવા ગરીબ વૃદ્ધ વિધુર બ્રાહ્મણની એકની એક નવ વર્ષની પુત્રી સાથે દીકરાનાં લગ્ન કર્યાં. જાણે દીકરીના લગ્નની જ રાહ જોતા હોય તેમ લગ્ન પત્યાને ત્રીજે દિવસે વૃદ્ધ વેવાઇ મૃત્યુ પામ્યા.

માબાપ સમાન સાસુસસરાની સ્નેહભરી સંભાળ નીચે નવ વરસની બાળવધૂ તૈયાર થવા માંડી. સાસુસસરાની સેવા કરવાની તો હજી એની વય નહોતી, પણ બાળક પતિ સાથેની રમતગમત, હૂંસાતૂંસી, રિસામણાંમનામણાં જેવી બાળમૈત્રીમાં બેએક વર્ષ વીતી ગયાં. ગામના મહેતાજીની ભલામણથી તેજસ્વી પુત્રને દૂર શહેરમાં આગળ અભ્યાસ માટે મોકલવો એમ નક્કી થયું.

શહેરની કોઇ પાઠશાળાના શાસ્ત્રીજીને ત્યાં રહેવાની વ્યવસ્થા થઈ. શાસ્ત્રીજીના પૂજાપાઠ કરીને, બે ઘક્કા ખાઇને, એમની પત્નીની ગેરહાજરીમાં રસોઇપાણી કરી આપીને, એણે શાસ્ત્રીજીનો પ્રેમ જીતી લીધો. અથાક મહેનત, તીવ્ર બુદ્ધિ અને સેવાભાવી સ્વભાવથી એ બીજા વધુ સગવડ સાથે ભણતા વિદ્યાર્થીઓ કરતાં પણ અભ્યાસમાં ખૂબ આગળ આવી ગયો; શિક્ષકોનો પણ પ્રેમ સંપાદન કર્યો.

રજાઓમાં એ કુકરવાડા જતો. ત્યાં વૃદ્ધ માતાપિતા અને બાળવધૂ જાણે રાહ જોઇને બેઠાં હોય તેમ એના આગમને પ્રફુલ્લિત થઈ ઊઠતાં. થોડા દિવસો એ રીતે સાથે ગાળવા મળતા તેમાં પણ એ બચપણનું સાહચર્ય વધુ ને વધુ ગાઢ બનતું ચાલ્યું. જોકે પુત્ર વધારે ને વધારે સુઘડ, સ્વાસ્થ્યપૂર્ણ ને ઓજસ્વી બને જતો હતો, જ્યારે પુત્રવધૂ ગામડામાં જ ઊછરી ગામડાનાં હવાપાણીની અસર નીચે અને ખાસ તો ભયાનક ગરીબીને કારણે કાંઈક અણઘડ, રૂક્ષ અને સ્વરૂપમાં પણ અતિસામાન્ય ઘડાયે જતી હતી. એ બધું છતાં બંનેનાં અંતર કોઈ અદીઠ તાણાવાણામાં એકસાથે વણાયે જતાં હતાં.

પહેલા વિશ્વયુદ્ધ દરમ્યાન ભયંકર રોગચાળામાં ઉત્તર ગુજરાતનાં કંઈક ગામડાં ઝડપાઈ ગયાં. વૃદ્ધ માતાપિતા સાત દિવસને અંતરે ઈન્ફ્લ્યુએન્ઝામાં ફાટી પડ્યાં. સોળ વર્ષના કિશોર પુત્રને માથે ભરપૂર અફાટ સંસારમાં એકલે હાથે પોતાના અભ્યાસની અને બાળકપત્નીની જવાબદારી અદા કરવાની આવી પડી.

પહેલાં ગામડાંમાં અને પાછળથી શહેરમાં ફાટી નીકળેલા એ રોગચાળામાં કીડાની જેમ મરતાં માનવીઓને જોઇને એનું કિશોર હૃદય એક સંકલ્પ કરી બેઠું. દીન દુઃખાર્ત રોગીઓને ઉપયોગી થવાય તે માટે ખૂબ ઉત્તમ કોટિના ડૉક્ટર થવું. મનમાં એ ધ્યેય રાખીને એણે એક તરફ ખંતથી અભ્યાસ શરૂ કર્યો, બીજી તરફ કોઈનાં પાઠપૂજા કરી, નકલો કરી આપી, પોતાના અભ્યાસનો ને બાળક પત્નીના નિર્વાહનો ખર્ચ જેમતેમ કરીને કાઢવા માંડ્યો.

મૅટ્રિકની પરીક્ષામાં ખૂબ ઊંચા નંબરે પાસ થતાં એને શિષ્યવૃત્તિ મળી અને તેથી ખર્ચની થોડી ચિંતા તો ટળી, તેર વર્ષની પત્ની

પણ ત્યાં સુધીમાં શહેરના જીવનથી વાકેફ થવા માંડી હતી. પોળની ઘરડી ડોશીઓ કે વિધવા સ્ત્રીઓની સાથે બેસીને એ પણ રેશમના તાર કાઢતાં શીખી ગઇ ને સાંજ પડયે થોડુંઘણું કામ કરીને પોતાની ખાનગી આવકમાંથી પતિની જાણ બહાર એની નાનીમોટી જરૂરીઆતો સુઘડરીતે તૈયાર કરી રાખવા માંડી. 'મારો પતિ મોટો ડૉક્ટર બને, એને યશ મળે, એનું જીવન ધન્ય બને' એ જ રટણમાં એ ગામડાગામની પત્ની પોતાના જીવનની કૃતકૃત્યતા સમજવા લાગી.

બે વર્ષ પછી, વધુ અભ્યાસ માટે મુંબઈ જઇ શકાય એવી નાની બચત પણ ઊભી થઈ ન હતી છતાં, હિંમત કરીને ૧૮-૧૯ વર્ષની કાચી વયે પણ પરિપક્વ બુદ્ધિ ને દૃઢ મનોબળ સાથે પત્નીને લઇ તે મુંબઈ પહોંચ્યો. ભૂલેશ્વરના કોઇ અંધારા માળાના ભોંયતળિયે સસ્તા ભાડાની એક ઓરડી રાખી લીધી. આજે માનવીઓથી ભર્યાભર્યા મુંબઇમાં કોઇને કોઇની પડી નથી હોતી એવા દિવસો ત્યારે હજી આવ્યા ન હતા. આડોશીપાડોશીમાં આ કિશોર દંપતીએ પોતાના સરળ સ્વભાવ ને ખંતીલી ટેવોથી માનભર્યું સ્થાન મેળવી લીધું. માળાના માલિકે પોતાની ઓળખાણનો લાભ આપી એક ઉદારદિલ ભાટિયા સદ્‌ગૃહસ્થ પાસેથી એના તબીબી અભ્યાસ માટે આર્થિક મદદ અપાવી દીધી. આટલો ટેકો એમને માટે બસ હતો.

સવારથી બપોર ને બપોરથી સાંજ, કૉલેજ અને ઑસ્પિટલ–ઑસ્પિટલ અને કૉલેજ, એમ એકનિષ્ઠાથી અભ્યાસમાં ડૂબાડૂબ આ યુવાન રહેતો. એને કશાની અગવડ ન પડે, એની દરેકેદરેક નાનીમોટી વસ્તુઓ એને વેળાસર મળી જાય તેની કાળજી રાખવામાં એની નાનકડી પત્નીને અનેરો આનંદ આવતો. ઘરનું ખર્ચ ગમેતેમ નભતું. અઠવાડિયામાં ત્રણ દિવસ એક ધનિક કુટુંબનાં બેત્રણ બાળકોને ભણાવીને થોડો પગાર મેળવી લેતો. વખતોવખત આડોશીપાડોશીનું કામ કરી છૂટતો. કોઈ માંદુંસાજું હોય તો એની સેવાચાકરી પણ કરતો. પત્ની પણ આડોશીપાડોશીનાં નાનાંમોટાં કામ કરીને જે કાંઇ થોડું વળતર મળતું તે લઇને ઘરખર્ચમાં સાથ આપતી.

એમ કરતાં એક વર્ષ વીત્યું. પહેલી જ પરીક્ષામાં સૌથી ઉત્તમ ગુણ મેળવી, કૉલેજના ડૉક્ટરોની સાબાશી સાથે તેણે સુવર્ણચંદ્રક અને આગળ અભ્યાસ માટેની સ્કૉલરશિપ મેળવ્યાં.

આવા એકધારા, મુશ્કેલ, છતાં ચોક્કસ માર્ગે વહ્યે જતા જીવનમાં એક નાનકડો બનાવ બન્યો. જે શેઠને ત્યાં ભણાવવા જતો તે સટ્ટામાં ખૂબ પૈસા કમાઇને હતા તે કરતાં અનેક ગણા ધનવાન બન્યા હતા. શેઠ ઉપરાંત શેઠનાં બાળકોમાં પણ અવારનવાર પૈસાનો કેફ જણાવા માંડયો હતો. શેઠની મોટી પુત્રી લગભગ વીસેક વર્ષની હતી. એનાં લગ્ન બચપણમાં—જ્યારે શેઠ શેઠ ન હતા ત્યારે એક ગરીબ જ્ઞાતિજન સાથે થયાં હતાં, જે ઉમરમાં પણ કંઇક વધુ મોટો હતો. પિતા પૈસાદાર થતાં દીકરીનો જીવનનો બધોજ અભાવ વેગ સાથે ઉપર તરી આવ્યો. એથી ઘણીયે વાર દિવસો સુધી એ બાપને ત્યાં ચાલીઆવતી.

પોતાનાં નાનાં ભાંડુઓને ભણાવતા આ તેજસ્વી તંદુરસ્ત યુવાન તરફ તેની લુબ્ધ દૃષ્ટિ પડી, દિવસે દિવસે તે તેના તરફ વધુ ને વધુ ખેંચાવા લાગી. એક દિવસ ઑસ્પિટલમાં મોડું થઈ ગયું અને ત્યાંથી સીધા પેલા શેઠને ત્યાં છોકરાં ભણાવવા જવાનું હતું. સવારથી ખાધાપીધા વિના આજે આખા દિવસના કામનો થાક ચઢયો હતો. એથી મોઢું લેવાઈ ગયું હતું. બાળકોને ભણાવી રહેતાં રાત પડી ગઈ. ત્રડપથી દાદર ઊતરીને ઘરની બહાર નીકળવા જાય છે ત્યાં ભોંયતળિયાના દાદરની બાજુમાંથી અંધારામાં કોઇએ હાથ પકડયો. એણે પાછા વળીને આશ્ચર્ય પામીને પૂછયું. 'કોણ છો?'

'ઓળખાણ ન પડી?' જેટલું થઇ શકે એટલું માધુર્ય ભેગું કરીને મીઠા ટહુકાથી કોઈ બોલ્યું. સહેજ અજવાળામાં આગળ આવતાં ઓળખાણ પડતાં યુવાન બોલ્યો, 'ઓહ તમે?'

'ત્યારે ઓળખાણ પડી ખરી! મારા મનમાં કે સહેજ પણ નીચેથી ઊંચું ન જોનાર આ ડૉક્ટર સાહેબ તો—'

'હું હજી ડૉક્ટર થયો નથી.'

'મારે ડૉક્ટરની જરૂર પણ નથી.'

'તો મારું શું કામ છે?'

'કામ તો ઘણું બધું છે, પણ તમને સાંભળવાની—અરે મારી સામે મોં ઊંચું કરીને જોવાની પણ ફુરસદ કયાં છે?'

'મને કાંઈ સમજાતું નથી.'

'એ બધી વાતો પછી. ખૂબ થાકેલા જણાવ છો, તો થોડી વાર ઉપર આવો. મારા ઓરડામાં તમારે માટે થાળી પીરસી આણી છે.'

'તમારો ખૂબ ખૂબ આભાર; હું ઘેર જમવા જ જાઉં છું. મોડું થઇ ગયું છે ને મારી પત્ની રાહ જોઈને ચિંતા કરતી બેઠી હશે.'

'એક દિવસ મોડું થઈ જશે તો તમારાં પત્ની તમને કંઈ વઢી નહિ નાખે. તેમાં યે વળી આવા કામદેવ જેવા પતિને—'

'હં હં! બસ બસ; એવું બધું તમારે ન બોલવું જોઈએ.'

'તો શું હું તમારી પત્ની કરતાં ઓછી રૂપાળી છું?'

'એવી ચર્ચામાં હું પડવા નથી માગતો.'

'તમે બધું જ સમજો છો. મારી વાત માનો, બાપાજીને કહીને હું તમને ન્યાલ કરાવી દઈશ.' યુવાને હાથ તો કયારનો યે છોડાવી લીધો હતો પણ હવે તે રસ્તો રોકીને ઊભી રહી હતી. યુવાને ખૂબ વિનંતી કરી: 'ઓચિંતાનું કોઇ જોઇ જશે તો બંને ખોટી રીતે બદનામ થઇશું.' પણ એ તો ભાન ભૂલી હતી. એણે છેલ્લો પાસો ફેંકયો, 'તમારી પત્ની તો સાવ બોથડ ગામડિયણ છે. પૂરાં કપડાં પહેરતાં તો એને આવડતું નથી. અને મારા સામે તો જુઓ—'

'મારી પત્નીની જે બદબોઈ કરે તેની સામે હું કદી જોતો નથી.' એમ કહીને એક આંચકા સાથે યુવતીને દૂર હટાવી તે ત્રડપથી બહાર નીકળી ગયો અને તે દિવસ પછી તેણે ફરીથી એ ઘરમાં પગ ન મૂકયો.

આ વાતની જ્યારે પત્નીને ખબર પડી ત્યારે એની છાતી ગર્વથી ગજગજ ફૂલી. વધુ વર્ષો વીત્યાં. યુવાને એમ. બી. બી. એસ.ની છેલ્લી પરીક્ષા પ્રથમ નંબરે પાસ કરી. તરત શહેરની એક મોટી ઑસ્પિલમાં તેની નિમણૂક થઈ અને સાથેસાથે આગળ અભ્યાસ ચાલુ રાખ્યો. અને M.D. થયા પછી સરકારે એની ઝળહળતી કારકિર્દીની કદર કરીને શહેરની મુખ્ય ઑસ્પિટલમાં સારા પગારે રાખી લીધા.'

રમીલા સામે બે ક્ષણ નીરવતાથી જોઈ રહીને શ્રીનિવાસે પૂછયું, 'આંખો કેમ મીંચી દીધી રમી? વાત સાંભળતાં થાકી ગઈ કે?'

ધીરેધીરે આંખો ખોલતાં રમીલા બોલી, 'ના ના, થાકી જરા યે નથી. હું બરાબર સાંભળું છું. પણ તારા મુખ ઉપરના ભાવ જોઇને મને કંઈક પૂછવાનું મન થઇ જાય છે, પૂછું?'

'ના; હમણાં કાંઈ નથી પૂછવું. પહેલાં આખી વાત સાંભળી લે.

વિલાયતથી ઊંચી ડિગ્રીઓ લઇને વતન પાછા ફર્યા પછી પોતાની સ્વતંત્ર નાની ઑસ્પિટલ એમણે શરૂ કરી. એ વખતે શહેરમાં ડૉક્ટરો મૂળે ઓછા અને તેમાં યે આવી પરદેશની ઉપાધિ ધરાવનાર તો કોઈક જ. વધુમાં એમનો સેવાભાવી ઉદાર સ્વભાવ. કીર્તિ ને લક્ષ્મી એમને ઘેર જાણે ગાડેગાડાં ખડકાવા લાગી. પતિપત્નીની વર્ષોની સાધના ફળી.

પતિ વિલાયત જઈ આવ્યા, આટલી મોટી નામના કમાયા, પણ એમના ત્રણ પુત્રો ને બે પુત્રીઓની માતા તો હજી એવી ને એવી

રહસ્યકથા-શ્રેણી [૩]

ખિસ્સા-ખાતર

શહેરની પોલીસ-ટુકડી ને કૉસ્મૉપૉલિટન જિમખાના વચ્ચે મૅચ રમાઈ રહી હતી. ઇન્સ્પેક્ટર દીક્ષિત પોલીસ ટુકડીના ડાબોડી ખેલાડીને રન પર રન કરતો રસપૂર્વક નિહાળી રહ્યા હતા, ત્યાં જિમખાનાનો પટાવાળો આવીને સલામ કરીને ઊભો રહ્યો: 'માફ કરજો સાહેબ, પણ સેક્રેટરી સાહેબે સલામ કહેવડાવ્યા છે અને કહ્યું છે કે જરા તસ્દી લઇને ઑફિસમાં આવી જશો? થોડી ગરબડ થઇ છે.'

રમત જોવી પડતી મૂકી દીક્ષિત જિમખાનાની ઑફિસમાં ગયા. સેક્રેટરી ઉસ્માને તેમને આમ અચાનક તસ્દી આપવા માટે દરગુજર ચાહીને કહ્યું કે 'અમારા કૅપ્ટન દુલેરાયના ગજવામાંથી ચોરી થઇ છે. ડ્રેસિંગ રૂમમાં કોટ રાખી એ પાંચેક મિનિટ બહાર ગએલા ને પાછા આવી જુએ તો સો-સોની બે નોટો તેમના પાકિટમાં ન મળે!'

દીક્ષિતે તુરત દુલેરાયને બોલાવીને પૂછતાં તેણે પણ એમ જ કહ્યું કે ફક્ત પાંચેક મિનિટ જ તે કોટ ત્યાં રાખી દિશાએ ગએલા.

'જ્યારે હું કોટ રાખવા આવેલો ત્યારે મેં બૂચ અને જમશેદને રૂમમાં કંઇક વાતો કરતા જોએલા.' દુલેરાયે જરા ચિડાઇને આગળ જણાવ્યું, 'પાંચેક મિનિટ બાદ જ્યારે હું પાછો ફર્યો ત્યારે મેં બૂચને પૅવિલિયન પર જઇને રમત જોતો જોએલો.'

'અને જમશેદને મેં આ બાબત થોડી પૂછતાછ કરી જોઇ.' સેક્રેટરીએ ઉમેર્યું. 'પણ તેણે કહ્યું કે પોતે તો ફક્ત અંદરથી કોઈ પાસેથી સિગરેટ-બિગરેટ મળે તો તે લેવા આવેલો, અને દુલેરાયના પાછા ફર્યા પહેલાં તો ચાલ્યો ગએલો.'

'એટલે કે એ પાંચ મિનિટના ગાળા દરમ્યાન થોડો સમય તો ડ્રેસિંગ રૂમ તદ્દન ખાલી જ રહેલો, ખરું?' દીક્ષિતે પૂછ્યું.

'હા, એ બંનેની વાત ખરી હોય તો એમ જ.' સેક્રેટરીએ જવાબ દીધો.

'તમે જમશેદને પૂછ્યું ત્યારે કેટલી રકમ ચોરાઈ છે તે જણાવેલું ખરું?' દીક્ષિતે સેક્રેટરીને પૂછ્યું.

'ના, મેં એ બાબત તો બૂચને કે જમશેદને કહી નથી; પણ બંને મારી પૂછતાછથી વિચારમાં પડી ગએલા તો લાગતા હતા.'

દીક્ષિતે દુલેરાય તરફ જોઈ આંખોથી એ જ પ્રશ્ન કર્યો. તેણે પણ જણાવ્યું, 'મેં યે કોઇને રકમ માટે કશું કહ્યું નથી. ફક્ત સેક્રેટરીને એટલું જણાવેલું કે મારા કોટમાંથી બસો રૂપિયા ગયા છે.'

આટલી પૂછપરછ પછી વિચારમાં પડી ગએલા દીક્ષિતને ઉદ્દેશી સેક્રેટરીએ કહ્યું કે 'બને તો, સાહેબ, આ વાત બહાર ન પડે તે રીતે જ આપ તપાસ ચલાવો તો સારું; કેમકે આમાં તો જિમખાનાની આબરૂનો સવાલ છે.'

'ના, ના, મારે હવે કોઇને કંઈ કહેવા-પૂછવાપણું રહેતું જ નથી. પૈસા કોણે લીધા છે તે મેં શોધી કાઢ્યું છે.' દીક્ષિતે કહ્યું.

ઉપર થએલી વાતચિત પરથી જ ઈન્સ્પેક્ટર દીક્ષિતે ચોર ઓળખી લીધેલો. તમે કહી શકશો કે પૈસા કોણે લીધા હશે? શોધી ન શકો તો ખરા ચોરની ઓળખાણ આ નીચે અવળી છાપી છે.

સેક્રેટરી ઉસ્માને જ પૈસા ચોરેલા. કેમકે 'સો-સોની બે નોટો' ચોરાયાનો ઉલ્લેખ તેણે જ કરેલો. દુલેરાયે તો માત્ર મોઘમ 'બસોની રકમ' ચોરાયાની જ વાત કરેલી. ઉસ્માને તે ન લીધા હોય તો સો-સોની બે નોટો ખોવાઈ હતી એટલી બધી વિગત તે ક્યાંથી જાણે? (સૂચિત)

સાદીસીધી ગૃહિણી જ રહી હતી. પતિની નાનીમોટી સગવડો એ હજી એ જ રીતે—અભાવના કપરા દિવસોમાં સાચવતી તે રીતે જ—એ જાતે સાચવતી. હવે તો ઘરમાં નોકરચાકર છતાં પોતાને હાથે જ બધું કરતી, ને ડૉક્ટરને પણ એ રીત જ ફાવી ગઈ હતી. સવારે પતિ ઊઠે તે પહેલાં તો નાહીધોઇને એ પરવારી લેતી. એમનું બ્રશ, એમનો ટુવાલ, એમનાં નવાં સાફ વસ્ત્રો, એમનો ચા-નાસ્તો એ બધું જાતે જ તૈયાર કરતી. બપોરે હૉસ્પિટલથી આવે એની રાહ જોઇને બેસતી. દરદીઓની ભીડને લઇને કે ખાસ કોઇ દરદીને જોવા બહાર જવાનું હોય અને બપોરે બેત્રણ વાગ્યે ડૉક્ટર પાછા ફરે તોપણ એ જ મૃદુ હાસ્યથી એમની રાહ જોતી એ બેઠી હોય. ઘણી વાર તો ડૉક્ટર એને મીઠો ઠપકો આપતાં કહે, 'તું પણ શું હજી બેસી રહી છે? મુંબાઈમાં હું ભણતો ને જેવી ઘેલી હતી તેવી જ હજી ઘેલી છે તું.'

'અને જિંદગીના છેડા સુધી એવી જ રહેવા માગું છું.'

અને આવો એનો ઉત્તર સાંભળીને ડૉક્ટર થોડું મીઠું હસી લેતા.

એકવાર પત્ની ઓચિંતાની માંદી પડી. ચાળીસ વર્ષના એમના લગ્નજીવનમાં આવનારનાર નાનીનાની માંદગી તો આવી જાય, પણ આ વખતની માંદગી કાંઇક ગંભીર હતી. બે દિવસ ઈલાજો અજમાવ્યા પણ ફેર ન પડચો, એટલે ત્રીજા દિવસથી ડૉક્ટરે હૉસ્પિટલ જવાનું બંધ કર્યું. ઘરમાં મોટા બે દીકરા, મોટા દીકરાની વહુ, બધાં જ હતાં, પણ માંદી પત્નીની સારવાર બીજા કોઈને સોંપીને જવાની એમને ઇચ્છા જ ન થઈ. એમને હૈયે ધરપત ન રહી. એટલે પોતે મોટા ડૉક્ટર હોવા છતાં શહેરના બીજા જાણીતા ડૉક્ટરોને ભેગા કર્યા. ૪૯-૫૦ વર્ષની સામાન્ય અણઘડ લાગતી પત્ની માટે તેને આટલી દોડાદોડી કરતા જોઇ બીજા ડૉક્ટરો ઈશારાથી થોડું હસી પણ લેતા. દર્દ ગંભીર હતું, પણ એટલી માત્રાએ નહિ કે આટલી ધમાલ કરવી પડે.

પથારીમાં પડીપડી પત્ની આ બધું નીરખતી હતી. સાંજે બરડાનો જે ભાગ દુખતો હતો તે ભાગ ઉપર ડૉક્ટર જાતે પત્નીને કોઇ કાળી ચીકણી દવાથી માલિશ કરવા બેઠા. આજુબાજુ કોઇ નથી તેની ખાત્રી કરીને પત્નીએ ડૉક્ટરનો હાથ ઝાલી લીધો ને બોલી:

'તમે તે ગાંડા થયા છો કે શું? આ બધું તમે જાતે ન કરો તો? વહુને કે બીજા કોઇને કહોને, એ પણ દવા ચોળી આપશે. અને આ બધી દોડાદોડી શી માંડી છે? આડોશીપાડોશી, ઘરનાં છોકરાં, મોટામોટા ડૉક્ટરો, એ બધાંને કેવું લાગે?' થોડી વાર તો ડૉક્ટર નિરુત્તર રહ્યા. પછી આંખમાં ધસી આવતાં આંસુ રોકીને ગળગળે અવાજે બોલ્યા: 'તું ન હોત તો આજે હું કાંઈ જ ન હોત. આ બધું જે કાંઇ છે એ બધું તારાં પ્રતાપે. તારી આખી યે જાત નિચોવીને મારા પડચા બોલ ઝીલતી તું મને અહીં સુધી દોરી લાવી છે. પણ તું એમ ન સમજીશ કે તેં જે કાંઈ મારું કર્યું છે તેનો બદલો વાળવા હું આ કરું છું. સાચી વાત તો એ છે કે...તને કંઇ થાય તો હું એક ક્ષણ પણ જીવી શકું તેમ નથી.' પછી એમણે પેલી માલિશ કરવાની કાળી દવાની શીશી ઉપરનું લાલ લેબલ બતાવ્યું અને બોલ્યા, 'આ દવા કેવી છે તે તને ખબર છે ને?' લાલ લેબલ વાળી દવા ઝેરી હોય તેટલી સમજ તો આટલાં વર્ષોના ડૉક્ટર સાથેના સહચાર પછી એ અભણ પત્નીને પણ હતી. એણે માથું હકારમાં હલાવ્યું. એટલે ડૉક્ટર આગળ બોલ્યા, 'તને કાંઈ થાય તો આ ચોળવાની દવાની આખી યે શીશી ચાટી જઇને હું તારી સાથે આવવાનો છું તે યાદ રાખજે.'

કાંઈ પણ બોલ્યા સિવાય ડૉક્ટરની આંખોનું આવા કપરા નિશ્ચયથી ઝબકારા મારતું તેજ એ ઝીલી રહી. ચોપ્પન વર્ષની ઉંમરે પણ રૂપાળું લાગતું ડૉક્ટરનું મુખ એ માંદી પત્ની મુગ્ધ ભાવે જોઈ રહી. પતિના શબ્દોમાં અવિશ્વાસ એને હતો જ નહિ. કયા પુણ્યે આવો વિદ્વાન, ઉદાર, પ્રેમાળ પતિ એને મળ્યો હશે? અંતરથી એણે પરમેશ્વરનો આભાર માન્યો ને મનમાં ને મનમાં કાંઈ નિશ્ચય કરી લીધો.

એ માંદગીમાંથી પત્ની ઊઠી. ઘરમાં જાણે નવું જીવન આવ્યું. ડૉક્ટરનો હર્ષ તો માતો ન હતો. મોટી દીકરીનાં લગ્ન લેવાયાં મોટા દીકરાને તબીબીનો વધુ અભ્યાસ કરવા માટે અને વચલા દીકરાને બૅરિસ્ટર થવા માટે વિલાયત મોકલ્યા. નાની દીકરી અને સૌથી નાનો પુત્ર હજી હાઈસ્કૂલમાં અભ્યાસ કરતાં હતાં. ત્રણે પુત્ર અભ્યાસમાં પિતાની માફક તેજસ્વી હતા. મોટી દીકરી સારે ઘેર પરણી હતી. કુટુંબમાં વૈભવ હતો. સુખ હતું. શાન્તિ હતી.

અને બીજાં પાંચ વર્ષો વીતી ગયાં. બન્ને મોટા પુત્રો સ્વદેશ આવીને પોતપોતાનો સ્વતંત્ર ધંધો શરૂ કરી ચૂક્યા હતા. નાની દીકરી કૉલેજના છેલ્લા વર્ષમાં હતી. એક યુવાન ડૉક્ટર સાથે તેનું વેવિશાળ થયું હતું. સૌથી નાનો પુત્ર કાંઈક વધુ લાડકો તેથી ખૂબ તોફાની પણ સૌથી વધુ તંદુરસ્ત અને રમતગમતમાં આગળપડતો હતો. કૉલેજમાં એણે પણ વિજ્ઞાન લીધું હતું. અને એની મહત્ત્વાકાંક્ષા હતી એન્જિનીઅર થવાની.

રમીલાના મુખ ઉપર સહેજ સ્મિત આવી ગયું, 'એને તો હું બરાબર ઓળખું છું; પણ મને એ નથી સમજાતું કે આ બધી વાત અત્યાર સુધી મને કેમ ન કહી.'

શ્રીનિવાસ વધુ ગંભીર થઇને બોલ્યો, 'એ તને આપોઆપ સમજાશે; મારે જે ખાસ કહેવાનું છે તે હજી બાકી છે.' એણે સહેજ ગળું ખોંખારીને સાફ કર્યું અને વાત આગળ ચલાવી.

'એક સાંજે ડૉક્ટર ઑસ્પિટલમાંથી પાછા ફર્યા. દરરોજ કરતાં તે વધુ થાકેલા જણાતા હતા. હમેશનો આનંદી ચહેરો આજે કરમાએલો હતો. જમણા હાથે છાતીનું ડાબું પડખું દબાવતાંદબાવતાં એમણે ઘરમાં પ્રવેશ કર્યો. પત્નીએ તુરત પૂછ્યું, 'કેમ, તબિયત બરાબર નથી? કાંઈ થાય છે કે શું?'

'ના, ખાસ કંઇ નથી. આજે જરા કામ વધારે પહોંચ્યું તેથી થાકી ગયો છું.' એમ કહી કપડાં બદલીને થાક ઉતારવા સહેજ પલંગમાં આડા થયા. પણ હૃદયનો દુખાવો વધતો ચાલ્યો. તે દિવસે એ સૂતા તે સૂતા. બે દિવસની સામાન્ય જણાતી અસ્વસ્થતાને અંતે કોઇને ય ખબર ન પડે તે રીતે ત્રીજે દિવસે વહેલી પરોઢમાં એમણે દેહ છોડ્યો.

'એમ બને જ નહિને! હજી હું બેઠી છું ને એ ચાલ્યા જાય શી રીતે?' ચોવીસ કલાક સુધી મૃતદેહ પાસે પત્ની આમ હઠ લઇને બેસી રહી. પતિ મૃત્યુ પામ્યા છે એ વાત તો એ સ્વીકારવા તૈયાર જ ન હતી. છેવટે સગાંવહાલાં, પુત્ર-પુત્રીઓએ ખૂબ કહ્યું ત્યારે એ જાણે રિસાઈ ગઇ હોય તેમ બાજુમાં સરીને બેઠી.

'આંખમાં આંસુનું એક ટીપું ન હતું. આંખો ખાલીખાલી બની ગઈ. શૂન્ય દૃષ્ટિએ કશું જોતી હોય તેમ કલાકો સુધી જોયા કરતી અને ક્વચિત્ ક્વચિત્ રટણ ચાલ્યા કરતું: 'મને છેતરીને ચાલ્યા ગયા?...ના ના, એ એવું ન કરે...પણ છતાં યે ગયા તો ખરા જ ને?...એમના હાથની વાત હોય તો એ એવું કદી ન કરે, મને મૂકીને આમ સૂતાસૂતા ચાલી ન નીકળે.' આવો અસંબદ્ધ વાર્તાલાપ ચાલ્યા જ કરતો. 'ન જવાનું એમના હાથમાં ન હતું ને એમને જવું પડ્યું, પણ મારું જવાનું તો મારા હાથમાં જ છે ને?...ઊભા રહેજો હોં, બહુ આઘા નીકળી ન જતા...હું આવું છું, હું આવું છું.'

એણે સંસારનો બધો જ રોજ-બરોજનો વ્યવહાર છોડી દીધો. આંખમાં ઊંઘ ન હતી, આંસુ પણ ન હતાં. મન થાય તો ઊઠીને સ્નાન કરે, નહિતર દિવસો સુધી શૂન્ય મને એકના એક જગ્યાએ બેસી રહે. પતિના મૃત્યુને સાત દિવસ થયા પણ એક કોળિયો ધાન ગળે ન ઉતાર્યું. બધાંએ ખૂબ ખૂબ આજીજી કરી, સોગંદ દીધા આંસુ ઢાળ્યાં પણ બધું જ વ્યર્થ. માત્ર એનું રટણ વધુ ને વધુ આવેગપૂર્ણ બનતું ચાલ્યું. 'આમ તમારાથી ન થાય હોં...આટઆટલાં વરસ સાથે સુખ-દુ:ખના સંગાથી થઇને રહ્યા છીએ ને છેવટની વેળાએ આમ એકલા ચાલી નીકળવાનું હોય?' જાણે પતિ સામે બેઠા હોય ને ઠપકો આપતી હોય તે રીતે એ બોલી ઊઠતી.

ભર્યો ભર્યો સંસાર હતો; માનો પડતો બોલ ઝીલે તેવા કહ્યાગરા વિદ્વાન પુત્રો હતા; મોટી પુત્રીનો પણ સંસાર સુખી હતો; નાની પુત્રીને પરણાવવાની હતી; સૌથી લાડકા નાના પુત્રને ઠેકાણે પાડવાનો હતો; પૌત્ર-પૌત્રીઓનો સમુદાય હતો; ઘરમાં સમૃદ્ધિ હતી; બહાર મોભો હતો, માન આબરૂ હતાં;—પણ કંઈ કહેતાં કંઇ પણ વસ્તુ તરફ એનું મન ન વળ્યું. એમ ને એમ સાડત્રીસ દિવસ વીતી ગયા. સુખી સંસારની નિશાનીરૂપ પુષ્ટ ભરાવદાર શરીર માત્ર હાડપિંજર બની રહ્યું. આંખો ઊંડી ઊતરી ગઈ. મોં સુકાઈ ગયું. ધીરેધીરે દેહ નિશ્ચેષ્ટ બનવા માંડ્યો, પણ એના મુખ ઉપર કોઇ ઉજ્જ્વલ આભા પ્રસરી રહી હતી. કોઇ વાર એ ત્રૂટક અવાજે બોલતી, 'તમે કહેતા હતા કે તને કાંઈ થાય તો હું જીવી નહિ શકું. ત્યારે શું તમે એમ માનો છો કે તમે આમ ચાલ્યા જશો અને હું પાછળ બેસી રહીશ?'

અડતાળીસમે દિવસે એની નાડી તદ્દન કાબૂ બહાર ચાલી ગઈ. ચારે બાજુ ઘરનાં બધાં વિંટળાઇને બેઠાં હતાં. અંત નજીક આવી રહ્યો હતો. એક વાર મુશ્કેલીથી આંખ ઉઘાડી ચારેબાજુ નજર ફેરવી લીધી, શ્વાસ વધુ ને વધુ ઊંડો ઊતરતો જતો હતો. સહેજ હોઠ મલક્યા, ને સંતોષથી ધીરેધીરે આંખો બિડાઈ ગઈ તે ફરીથી ન જ ઊઘડી.

આ છેલ્લા શબ્દો બોલતાંબોલતાં શ્રીનિવાસનો અવાજ સ્થળી ગયો. આંખમાંથી બે આંસુ રમીલાના ગાલ ઉપર ટપકી પડ્યાં. રમીલાની આંખોમાંથી તો ક્યારની યે આંસુની ધારા વહેતી થઈ હતી. એનાં આંસુનાં બે ટીપાં પણ એ ધારા સાથે ભળી ગયાં. થોડી ક્ષણો બન્ને એકબીજાને ભીની આંખે નીરખી રહ્યાં. છેવટે શ્રીનિવાસ બોલ્યો, 'માના મૃત્યુની વાત યાદ કરવી નથી ગમતી. એનું એ તલતલનું સ્વાર્પણ, પંચભૂતોની પતિને ચરણે એણે આપેલી આહુતિ હું યાદ કરું છું ને નહિ રોવા સામેનો મારો બધો જ વિરોધ ઓગળી જાય છે. એટલા માટે જ મેં તને માત્ર એટલું કહ્યું હતું કે તારી માફક મારા માતાપિતા પણ ચાલ્યાં ગયાં છે....પણ કેવાં માતાપિતાનો હું પુત્ર છું, તું એ જાણી લે રમી. તને જો કાંઈ થયું તો..."

એ વાક્ય પૂરું કહે તે પહેલાં તો એના મુખ ઉપર હાથ ધરી દઇને રમીલાએ એને બોલતો અટકાવી દીધો અને ભીના અવાજે પણ ખૂબ શ્રદ્ધાથી બોલી ઉઠી, 'ના ના, આગળ કંઈ બોલીશ નહિ, નિવાસ. હું તને ખાત્રી આપું છું કે હું ચોક્કસ સાજી થઇને ઊઠીશ. મારે મરવું નથી, જીવવું છે; તને છોડીને જાઉં તો મારો આત્મા ક્યાંયે શાંતિ ના પામે...હવે તો નહિ જ.'

સંતુષ્ટ દૃષ્ટિએ શ્રીનિવાસ રમીલાને જોઇ રહ્યો. એના મુખ ઉપર આછું સ્મિત રમી રહ્યું હતું.

પોણા બે લાખ નકલોના જંગી ફેલાવાવાળું બ્રિટનની પ્રજાનું માનીતું અને લાક્ષણિક હાસ્યપત્ર

પંચ

જેણે દર અઠવાડિયે ઇંગ્લંડની પ્રજાની બાઘાઈનીઠેકડી નેદૂષણની ફજેતી કરીને, છેલ્લાં ૧૧૧ વર્ષથી એ પ્રજાને હસાવી રમાડી છે, ચાબખા માર્યા છે અને તેની સાન ઠેકાણે આણી તેનું ખમીર ઘડયું છે.

'પંચ' એ મૂળ તો કઠપૂતળીના ખેલનું એક રમૂજી પાત્ર. પણ આજે તો એ લાંબા નાક ને અણિયાળી દાઢીવાળો પંચ એટલે બ્રિટનના પીઢપાકટ, વ્યવહારડાહ્યા ને ધીર પ્રજાતત્ત્વના પ્રતિનિધિરૂપ પ્રતીક પાત્ર.

તમે તો રહ્યા ગુજરાતી. એટલે કોઇ તમને એમ કહે કે એક સાપ્તાહિકની દર અઠવાડિયે એક લાખ ને સિત્તેર હજાર નકલો ખપે છે, અને તેના એક અંકની કિંમત અમુક આના છે, તો લાગલા જ તમે હિસાબ માંડીને કહી દેશો કે આટલા ખર્ચમાં એણે ચલાવવું જોઈએ અને બાર મહિને આટલો નફો થવો જોઇએ; ને એમ ન થાય તો તેનો કંઇ અર્થ નહિ. પરંતુ તમને જો કોઇ એમ કહે કે એક એવું સાપ્તાહિક ચલાવવાનું છે કે જેમાં હાસ્ય સિવાય કંઈ જ આવવું ન જોઇએ, તે હાસ્ય પ્રજાના જીવનમાંથી જ આવવું જોઇએ અને નહિ કે કલ્પનાના તરંગોમાંથી, તેનો હેતુ લોકોમાં આત્મવિશ્વાસ અને વિચારોની શુદ્ધિ દ્વારા પ્રજાનું એક જાતનું વ્યક્તિત્વ ઘડવાનો હોવો જોઇએ, તેમાં સાંપ્રત સમયનું સમગ્ર ચિત્ર (શું રાજકારણમાં, શું સાહિત્યમાં, શું નાટકમાં કે શું સીનેમામાં) આવી જવું જોઇએ, તો તમે શું કહેશો? હું ભૂલતો ન હોઉં તો તમે એમ જ કહેવાના, કે જુઓને ભાઈ! વાત જાણે એમ છે કે આજે તો લોકો માગે તેવું આપવું જોઇએ. અને વળી માણસની જિંદગીમાં એટલું તે કેટલુંક હસવાનું હોય? છાપાં એ તો બધી કલ્પનાની ઘોડેસવારી, એમાં ગપગોળા ય મારવા જોઇએ. પણ પહેલી વાત એ કરો કે એ ચલાવવા માટે જાહેરખબરો તો મળશે ને? કોઈક એની જવાબદારી લઈ લે ને નિયમિત જાહેરખબરો મળે તો જ આવું છાપું તો નીકળે. વળી તેને લોકપ્રિય બનાવવા અંદર ગલગલિયાં થાય તેવું સુંવાળા સહચારનું સાહિત્ય...

બસબસ. આપણે એ વાત અહીં જ બંધ કરી દઇએ અને મૂળ મુદ્દા પર આવીએ.

'પંચ' એ માત્ર અંગ્રેજી સાપ્તાહિકોમાં જ નહિ, પરંતુ જગતભરનાં સાપ્તાહિકોમાં એક વિશિષ્ટ ને અનોખું જ વ્યક્તિત્વ ધરાવે છે. ઈ. ૧૮૪૧ની ૧૭મી જુલાઇએ જ્યારે તેનો પહેલો અંક બહાર પડયો ત્યારે વિવેચકોએ, 'આ જ એક પહેલું સાપ્તાહિક છે જેમાં ગંદકી સિવાય હાસ્ય છે' એમ કહીને તેનું સ્વાગત કર્યું હતું. આજે ૧૯૫૨માં પણ એ જ ઉક્તિ તેને માટે એટલી જ સાચી છે. ત્યારે, એવું આ 'પંચ' સાપ્તાહિક આ જ એક સો ને અગિયાર




બ્રિટનની પ્રજાનો લાડકો પ્રતિનિધિ 'પંચ'

નીચેનાં ક્ષેત્રોમાંની તેમજ એવી બીજી બાઘાઇની એ પત્ર મજાક ઉડાવે છે.



નીચે જણાવ્યાં છે તેવાં પ્રજાકીય દૂષણો તથા અન્યાયોની તે ફજેતી કરે છે.





'પંચ'ના અગ્રચિત્ર તરીકે આવતા કાર્ટૂનનો નમૂનો : પહેલાં સર બર્નાર્ડ પૅટ્રિજ એ દોરતો; હવે ઇલિંગવર્થ દોરે છે. એમાં અઠવાડિયાના મુખ્ય રાજકીય કે સળગતા સામાજિક પ્રશ્ન ઉપર કટાક્ષ હોય છે. લંડનના વાહન-વ્યવહાર ખાતાનાં મોંઘાં ભાડાં અને ઓછી ગાડીઓ ઉપર પ્રહાર કરતા આ કાર્ટૂનમાં એ ખાતાને અષ્ટભુજાવાળી જીવલેણ જળો જેવા 'ઑક્ટોપસ' નામના ભયંકર દરિયાઈ પ્રાણીનું રૂપ આપીને તેને સમગ્ર લંડન શહેર પર ભરડો લેતું આલેખ્યું છે. તેમાં લંડનના વાંકાચૂંકા રસ્તાઓને એ પ્રાણીની ભુજાઓનું યથાર્થ રૂપ આપ્યું છે. લંડન શહેરનું વિહંગદૃશ્ય કલાકારે કેવી ધીરજ ને એકાગ્રતાથી બારીક રેખાઓમાં ઉતાર્યું છે! એવી ખંતભરી અને સંપૂર્ણ બારીક રેખાઓની વિશિષ્ટ કલમ ધરાવતો ઇલિંગ્વર્થ આલેખનસામર્થ્યનો સ્વામી ગણાય છે.

વરસથી એકધારું ચાલે છે એ વાત તો બરાબર, પણ તેના માલિક કોણ છે? એ સવાલના જવાબમાં 'પંચ'ના આજના તંત્રી કલાકાર ફુગાસ Fougasse (એ તો એનું તખલ્લુસ છે. એનું સાચું નામ મિ. કેનેથ બર્ડ)ના શબ્દો બહુ જ યોગ્ય ને પંચને ગૌરવ આપનાર છે: 'અમારી પરંપરા, અમારી પ્રણાલિ એ જ અમારી માલિક છે. અમે પ્રસન્ન ચિત્તે તેનો સ્વીકાર કરીએ છીએ ને તેની વિરુદ્ધ કે તેનાં નિયમોનું ઉલ્લંઘન કરવાનું મન સુદ્ધાં અમને થતું નથી.' એમના આ વક્તવ્યની પ્રતીતિ તરીકે હમણાં છેક સોએક વરસ પછી તેના પૂઠા વગેરેમાં જે કંઈ તદ્દન નજીવા ફેરફાર કર્યા તેનો નિર્દેશ કરવો જોઇએ. હમણાં ફુગાસ જ્યારે તંત્રીપદે આવ્યા ત્યારે તેમણે પૂઠા ઉપર આવતી જાહેરખબરની નાની પટ્ટી માત્ર કાઢી નાખી, 'પંચ'ના પાત્રની ટોપીમાં તથા તેના કૂતરાના ચિત્રમાં ગળા ઉપર લાલ રંગનો સહેજ ઉમેરો કર્યો તથા પૂઠાની ચોમેર લાલ પટ્ટી ઘેરી કરી ને અંદરના ભાગમાં મથાળાનાં બીબાના લઢણ વગેરેમાં થોડો ફેરફાર કર્યો. પરંતુ એ ફેરફાર પણ અંગ્રેજ પ્રજાને તો જાણે પોતાના રાજાની જીવનપ્રણાલિમાં જાણે મોટો ફેરફાર થઈ ગયો હોય એટલો અગત્યનો ને ગંભીર લાગ્યો.

જીવનની વ્યાખ્યા આપવી જેમ મુશ્કેલ છે તેટલું જ મુશ્કેલ પંચના વિષયો વિષે કહેવું તે છે. તેમ છતાં તેના મુખ્ય વિષયો આ લેખના પહેલા પાનાન બંને બાજુની પટ્ટીમાં ખુદ પંચે જ દર્શાવ્યા મુજબ મૂક્યા છે. પરંતુ એ પણ માત્ર અંગુલિનિર્દેશ છે. વસ્તુતઃ એમાં જણાવ્યું છે તેમ જીવનનાં વિવિધ ક્ષેત્રોમાં નજરે પડતી પ્રજાની બાધાઈની ઠેકડી ને દૂષણોની ફજેતી કરતાં ચિત્રો, અને સાહિત્યનાં જુદાજુદાં સ્વરૂપો તથા પ્રકારો જેવાં કે કટાક્ષમય નિબંધો, હળવાં કાવ્યો, પ્રતિકાવ્યો, હાસ્યના ટુચકાઓ, નાટક-સીનેમા પાર્લામેન્ટ વગેરે વૃત્તાંતનિવેદન, પ્રસંગો તથા ગ્રંથોનાં વિવેચનો, લોકકથાઓનાં સ્વરૂપો વગેરે દ્વારા 'પંચે' અંગ્રેજ પ્રજાને હસાવી છે, ચાબખા માર્યા છે, તેની સાનઠેકાણે આણી છે ને તેનું ખમીર ઘડ્યું છે.

એ પત્રનું નામ જેના ઉપરથી પડ્યું છે, અને જેનું ચિત્ર તેના જન્મકાળથી તેના પૂઠા ઉપર અનવરતરીતે આવ્યા કર્યું છે તે 'પંચ'નું પાત્ર મૂળ તો કઠપૂતળીના ખેલમાંનું એક પાત્ર. એ ખેલની રમત ઇટાલીથી ઇંગ્લંડમાં આવેલી. 'પંચ'ના ચિત્રકારોએ એ પાત્ર દ્વારા બ્રિટનનું પ્રજાતત્ત્વ રજૂ કર્યું છે. 'પંચ' એટલે બ્રિટિશરનું પ્રતિનિધિ પાત્ર. તે બ્રિટનના પીઢ, પાકટ, વ્યવહારડાહ્યા ને ધીર લોકોનું પ્રતીક પાત્ર છે. જાણે બીજનો ચન્દ્ર હોય એવી, લાંબા નાક અને લાંબી અણિયાળી દાઢીથી બનતી હસતા ચહેરાની આકૃતિવાળો અને માથે વિદૂષકની ઊંચી ટોપી ઓઢેલો 'પંચ' જીવનમાં સદા આનંદમાં રહેનાર વ્યક્તિ છે. ધર્મની તે કદી મશ્કરી કરતો નથી, ગરીબોની સહાય માટે તે હમેશાં ફાળાની પેટી લઈને હાજર થાય છે અને પ્રજાકીય આપત્તિઓમાં સંઘબળની હાકલ પાડતો સેવાતત્પર થઈ

ખડો રહે છે. ગઈ લડાઈ સમયનાં 'પંચ'-નાં પૂઠાં પર લશ્કરી પોષાક પહેરેલો પંચ કેટલી યે વાર એ હાકલ અર્થે જોવા મળે છે. ગાણસજાતની કુદરતી ખોડ કે અપંગ-દશા ઉપર અથવા જાતીયતાના–જિન્સી વિષયો ઉપર તે ભાગ્યે જ હાસ્ય કરે છે.

હવે આપણે એક બીજી વાત વિચારીએ. તમે શાક બજાર, કાપડ બજાર, કરિયાણા બજાર, કંસારા બજાર વગેરે એક જ ધંધા-નાં સુવાંગ બજારો કે લત્તા જોયા હશે, પણ જ્યાંથી માત્ર છાપાં જ નીકળતાં હોય, જ્યાં દિવસ આખો પ્રજાને સારા યા માઠા સમાચારો જ આપવા માટે લોકો પડાપડી કરતા હોય, તેવા બજાર લત્તા કે શેરીનો તમને કદી વિચાર આવ્યો છે? લંડનની ફ્લીટ સ્ટ્રીટ એ આવું જ એકમાત્ર બજાર કે લત્તો છે. તેની પાસે એક બોવરી સ્ટ્રીટ નામે શેરી છે. એમાં આપણી કોઈ જૂની હવેલીની ભવ્યતા ને શાંતિનો ખ્યાલ આપે તેવી નિરાંતવાળા, એકજૂનવાણી મકાનમાં 'પંચ'ની ઑફિસ આવેલી છે. લગભગ પોણા બે લાખ જેટ-લા જંગી ફેલાવાવાળા એ પત્રની એ ઑફિસમાં હજારો માણસો કામ કરતા હશે તેવી કલ્પના તમે જો કદાચ કરી હોય તો તે ખોટી છે. એ આખા યે પત્રના તંત્રીવિભાગનું કામ માત્ર પાંચ જ મા-ણસો ચલાવે છે. અને તેમાં યે કોઈ એક માણસ આખું અઠવાડિયું તો ભાગ્યે જ કામ કરે છે. તેના હમણાં જ નિમાએલા કલાકાર તંત્રી 'ફુગાસ'ની સાથે તેના સંપાદનવિભાગનું સાહિત્યકીય કામ-કાજ ઑક્સફર્ડ યુનિવર્સિટીનાં એક ગ્રૅજ્યુએટ મિ. એચ. એફ. એલીસ સંભાળે છે. ઘણી વાર HOD (હૉડ)ની સહીથી લખતા બર્નાર્ડ હૉલોવૂડ એ મિ. એલીસના મદદનીશ અને હાસ્ય-ની ઢબે વૃત્તાંતો લખવાની પદ્ધતિમાં નિષ્ણાત છે. સાથેસાથે કોઈ વાર એકાદ વ્યંગ ચિત્ર પણ ચીતરી નાખે છે. રીચાર્ડ મૅલેટ તો બસ રોજ સિનેમા જોઈને જ નિરાંતથી ઑફિસે આવે છે અને સિનેમા વિષે વિવેચન લખે છે. કલાસંપાદનનું કાર્ય તંત્રીની સૂચના-ઓ અને સહકાર સાથે મિ. ઍાકૉર્ન્ક કરે છે. એ વળી મોટરો



પાનાંનો મિનારો: બ્રિટનની આર્થિક કટોકટીના કાળમાં નાણાંમંત્રી સર (હવે સ્વર્ગસ્થ) સ્ટૅફર્ડ ક્રિપ્સે જે આકરી યોજનાઓ પ્રજા આગળ મૂકી તેના ઉપર કટાક્ષ કરતું ઇલિંગવર્થનું બીજું કાર્ટૂન.



"લંડનના એક પશુ-વૈદકશાસ્ત્રીએ સંશોધન કર્યું છે કે ઘોડાની લાત કરતાં ખચ્ચરની લાતનો ફટકો વધારે આકરો હોય છે"...પણ, એ તો અનુભવ કર્યા વિના કેમ જણાય? આ રીતે, 'પંચ'ના પહેલા પાના ઉપર દર અઠવાડિયે, નિયમિતરીતે 'ચારીવારિયા'માં ચાલુ બનાવો કે વ્યક્તિઓ પર બુદ્ધિપૂર્વકના તીણા કટાક્ષો આવે છે ને કલાકાર ડગ્લાસ તેનાં આવાં હસામણાં ચિત્રો આલેખે છે.





"આ મોટા સુંવાળા ચામડાનો વૈભવ સાથે તો લઇ ચાલ્યાં, પણ જકાતનાકા ઉપર તેનો વેરો ભરવો પડશે એનો કાંઈ ખ્યાલ છે?"
—જૉર્જ મરો નામનો ચિત્રકાર બસ આ જ ઢબે આધુનિક પ્રશ્નોને પુરાણા વાતાવરણમાં આલેખીને એક નવી મઝા જમાવે છે. એમાં પોશાકો, વાહનો, સાધનો કિલ્લા વગેરે હોય મધ્યયુગીય કાળનું, પણ કટાક્ષનું વસ્તુ તો હોય આધુનિક જમાનાની કોઇ બાધાઈનું.

ચીતરવાનો જ પક્કો ઉસ્તાદ છે અને ઝડપ દર્શાવવની એની પીંછીની તાકાત જાદુભરી છે; જોકે તેમને પોતાને ઘેર મોટર નથી! રાજકારણના બનાવો અને પાર્લામેન્ટના પ્રસંગોનું લેખન મિ. એ. પી. હર્બર્ટ છેલ્લાં ચાળીસથી યે વધુ વર્ષથી કરે છે. આ બધું કાર્ય તો સૌ પોતપોતાનીરીતે સ્વતંત્રપણે કર્યે જાય છે. પરંતુ એમની આપેલી આ બધી વસ્તુઓની કાગળ ઉપર માંડણી કરીને તેને છાપખાનામાં પહોંચાડવાનું તથા તે સમુચિતરીતે સાંગોપાંગ પાર ઉતારવાનું કામ મિસ વૂડ નામની એક બાઈ કરે છે. જ્યારે 'પંચ'ની બધા જ પ્રકારની ધંધાદારી તથા આર્થિક ભાંજગડ બ્રૅડબરી ઍગ્ન્યૂ ઍન્ડ કંપની Bradbury Agnue & Co. નામની પેઢી કરે છે. એ પેઢીએ છેલ્લાં પોણોસો વર્ષમાં આ વાંકી દાઢી અને લાંબા નાકવાળા 'પંચ' માંથી સારી એવી સોનામહોરો બનાવી છે. 'પંચ'ની સંસ્થાના બધા જ શેરો એ કંપનીનાં સાઠેક જેટલાં સગાંવહાલાંઓમાં જ વહેંચાએલા છે. દર અઠવાડિએ 'પંચ'ના એક અંકમાં અઠ્ઠાવીસેક પાનાંની જાહેર ખબર આવે છે. કોઈ વાર તમને જો આખા પાનાની જાહેર ખબર એમાં આપવાનો ઊમળકો થઈ આવે તો તે માટે એક વખતના તમને માત્ર ૩૦૦ પાઉન્ડ એટલેકે ચારેક હજાર રૂપિયાનો ખર્ચ લાગે! અને લડાઈની ચડતીપડતીના આટલા બધા ફેરફાર બધાં બજારોમાં થયા છતાં પંચની કિંમત (છ પેન્સ)માં જરાયે વધારો થયો નથી. 'પંચ'માં ચિત્ર દોરનારને એક ગિનીથી માંડી પાંચ ગિની અને સપ્તાહના મુખ્ય પ્રાસંગિક રાજકીય વિષય ઉપર વ્યંગચિત્ર દોરનાર ઈલિંગવર્થ જેવાને દર અઠવાડિએ ૪૫ ગિની જેટલો પુરસ્કાર મળે છે. લખાણ માટે દર હજાર શબ્દ દીઠ સાત ગિનીથી પચ્ચીસ ગિની સુધી મળે છે. આ રીતે 'પંચ'માં એકવાર આવી ગએલા ચિત્ર કે લેખના માલિકીહક્ક 'પંચ'ને જ સ્વાધીન હોય છે. પણ 'પંચ'માં પોતાનું ચિત્ર કે લેખ છપાવવાં એ જ બહુ કઠણ કામ છે, કારણ કે આવેલાંમાંથી માત્ર પાંચ ટકા જ પસંદગી પામે છે.

પંચના હાલના તંત્રી મિ. ફુગાસ હમણાં લગભગ ૬૧ વર્ષની ઉમરે તંત્રી નિમાયા. આજ સુધી નિમાએલા તેના બધા તંત્રીઓ સાહિત્યના ક્ષેત્રમાંથી આવ્યા હતા, જ્યારે આ પહેલા જ ચિત્રકાર-તંત્રી છે. તેમનું મૂળ નામ મિ. કૅનેથ બર્ડ. ૧૯૧૪ની લડાઈમાં તેમને પગે ગોળી વાગેલી અને પછી ખાટલામાં પડ્યાપડ્યા કંઇ કામ નહિ સૂઝવાથી ચીતરવાનું શરૂ કરેલું. ૧૯૧૬માં 'પંચે' તેમનું પહેલું ચિત્ર લીધું ત્યાર બાદ ૧૯૩૨માં તે 'પંચ'ના ચિત્રકલા-વિભાગના સંપાદક તરીકે આવ્યા, અને બેએક વર્ષ પર સમગ્રતયા તંત્રી થયા. તેમને આજે વર્ષે ૫૪૦૦ પાઉંડનો પગાર મળે છે. બીજા મહાયદ્ધ વખતે તેમણે કરેલાં પ્રચાર-ચિત્રો (પોસ્ટરો)ની પ્રશંસા, ખુદ રાજા જ્યૉર્જને પોતાને કરવી પડેલી. અને આજની ઘડી સુધી તેમનાં એ પોસ્ટરો સમસ્ત અંગ્રેજ પ્રજાને હૈયે છે. 'પંચ'ની આજ સુધીની વ્યંગચિત્રોની શૈલીઓમાં તેમની ચિત્રશૈલી ખૂબ જ ક્રાંતિકારી ફેરફારો ધરાવે છે.

દર બુધવારે એક અતિ પુરાણા નકશીદાર ગોળ ટેબલની આસપાસ 'પંચ'નું ચુનંદું તંત્રીમંડળ સાંજનું ભોજન લેવા બેસે છે. તે વખતે બીજા અઠવાડિયાના અંકનાં કામકાજ, વિષયો, લેખો તથા ચિત્રો નક્કી થાય છે. તેમાં સૌ પોતપોતાના વિચારો હજીપણ વિવેકભરી પાર્લામેન્ટરી ભાષામાં રજૂ કરે છે. 'પંચ'ના એ પુરાણા ટેબલ ઉપર સંપાદનમંડળનો દરેક માણસ ચપ્પા વડે પોતાનું નામ કોતરે





છેલ્લાં ચાળીસ વર્ષથી 'પંચ'માં સીનેમાનાં પાત્રો દોરતા કલાકાર શેરીફે પાત્રાલેખન માટે એક સરળ ઉઠાવદાર રેખાઓની પોતાની આગવી શૈલી ખીલવી છે, અને તેમાં તે સીનેમાનાં પાત્રોને આબેહૂબ લાક્ષણિકતાથી ઉતારે છે. છેલ્લી ટેસ્ટ મૅચ વખતે ઈંગ્લંડ ગએલી હિંદી ક્રિકેટ ટીમના ખેલાડીઓનાં તેણે કરેલાં આલેખનો તેની એ શૈલી દાખવવા અહીં આપ્યાં છે. તે દરેકનાં નામ તેણે પોતે સુરેખ અક્ષરે નીચે લખ્યાં જ છે. ડાબી બાજુથી મથાળેથી: રામચંદ ગુલાબરાય સિપાહીમલાની, સદાશિવ ગણપતરાવ શિંદે, રમેશ વિઠ્ઠલદાસ દિવેચા, દત્તાજીરાવ કૃષ્ણરાવ ગાયકવાડ, ગુલામ અહમદ, વિજય સૅમ્યુઅલ હઝારે, નીરદરંજન ચોધરી, પંકજ રાય, દત્તાત્રય ગજાનન ફડકર, હેમુ રામચંદ્ર અધિકારી, માધવ મંત્રી, પૉલી રતનજી ઉમરીગર, ચંદ્રશેખર ત્રિંબક સર્વતે, હીરાલાલ ઘસુલાલ ગાયકવાડ, પ્રવીર સેન, વિજય લક્ષ્મણ માંજરેકર, કોઈમ્બટ્રરાવ દોરાઈકનુ ગોપીનાથ.

છે. આ સંપાદકો ઉપરાંત હમણાં જ તંત્રી તરીકે નિવૃત્ત થએલા મિ. ઈ. વી. નૉક્સ (જે Evoeની સહીથી લખતા) તેનો પણ સમાવેશ થાય છે. ઉપરાંત, જૂના સમયના વાતાવરણમાં નવા જમાનાને રજૂ કરનાર ચિત્રકાર જ્યૉર્જ મરો, કવિતાઓનાં ચિત્રોને સુંદર વ્યંજનાત્મક શૈલીમાં આલેખનાર અર્નેસ્ટ શેફર્ડ તથા અગ્રભાગે આવતાં રાજકીય વ્યંગચિત્રો દોરનાર ઇલિંગવર્થનો પણ તેમાં સમાવેશ થાય છે. પંચના ટેબલ ઉપર આમ આમંત્રણ મળવું એ એક ભારે ગૌરવની વાત ગણાય છે.

'પંચ'ની ઑફિસમાંથી આ એક સૈકામાં ઇંગ્લંડના સર્વશ્રેષ્ઠ વ્યંગચિત્રકારો પેદા થયા છે, જેમાં જગવિખ્યાત બાળવાર્તા 'એલીસ ઇન વન્ડરલૅન્ડ'નાં ચિત્રો આલેખનાર ટેનિયલ અને વ્યંગચિત્રો માટે જ સરનો ખિતાબ પામનાર બર્નાર્ડ પૅટ્રિજનો પણ સમાવેશ થાય છે. આ ઉપરાંત આ જ ટેબલ ઉપર આમંત્રણ પામેલાઓમાં ચાર્લ્સ ડિકન્સ અને વિલિયમ થેકરે જેવા નવલકથાકારો તથા નામાંકિત હાસ્યલેખક માર્ક ટ્વેઈન જેવી વ્યક્તિઓ પણ છે.

આજે 'પંચ'નો ચિત્રદેહ ઘડનારા લગભગ છવ્વીસ ચિત્રકારો છે. તેમાં નિયમિતરીતે પોતાનાં કાર્ટૂનો આપનારાઓનો અહીં આપેલો એમની કૃતિઓના એકએક નમૂના સાથેનો આછો પરિચય 'પંચ'નાં વ્યક્તિત્વને જ જીવંત કરનારો છે.

ડેવિડ લૅંગડન એ પાંત્રીસ વર્ષનો કુંવારો માણસ છે. ૧૯૩૫થી તેણે પોતાના કાર્યની શરૂઆત કરી છે. ચિત્રની નીચે તેનો પરિચય આપનારું કંઈ પણ લખાણ આપ્યા વિના જ તેનાં ચિત્રો પોતાનો ટૂચકો કહે છે એ તેની વિશિષ્ટતા છે, અને આજે ય 'નીચે કશું જ લખાણ કર્યા સિવાયનાં ચિત્રો' માટે અંગ્રેજ પ્રજાનો એ પ્રિય થઇ પડેલો વ્યંગચિત્રકાર છે.

'એમેટ' (Emett) માત્ર અટપટી બનાવટની, ડોસામરડી જેવી આકૃતિઓવાળી, ખડખડપાંચમ આગગાડીઓ, મોટરો, સ્ટીમરો વગેરે જ ચીતરે છે. પરંતુ તેના તથા તેમાં બેઠેલાં હસામણાં પાત્રો દ્વારા એ જીવનની સમગ્ર કંગાલિયતનું આલેખન કરે છે. વળી એની એ ચવિત્રી આગગાડીઓની રચના કાંઇ કલ્પનાના ગોળા નથી હોતા; કેમકે એ ચિત્રકાર થયો તે પહેલાં એન્જિનીઅર હતો અને ગયે વર્ષે ભરાએલા 'ફેસ્ટિવલ ઑાવ બ્રિટન'ના મહોત્સવ વખતે તેણે રચીને મૂકેલી એવી એક આગગાડીને ખરેખાત મૂર્તિમંત કરવામાં આવેલી, જેમાં બેસીને લોકોએ બહુ મઝા માણી હતી! હમણાં તે એક એવું



મહામહેનતે ડાળ કાપી, ત્યારે તે જઇને પડી કયાં? તો કે, બરાબર એ જ પળે ઝાડ નીચેથી પૂર ઝડપે પસાર થતી મોટરમાં! અને મોટર તે પોતાની સાથે ખેંચતી ગઈ! આનો કલાકાર બ્રૉકબૅંક મોટરો અને ઝડપી વેગ આલેખવાની વિશિષ્ટ શક્તિ ધરાવે છે.



નવાં ચશ્માંનો નંબર કાઢી આપતી વેળા, વણચૂકવ્યા રહેલા જૂના બિલની યાદ આપવાનો ચશ્માના વેપારીનો આ નુસ્ખો શોધનાર કલાકારના ભેજાની ફળદ્રુપતા હસાવ્યા વિના રહે ખરી?

વાહન બનાવવામાં પડચો છે જે આકાશમાં ઊડે, દરિયામાં તરે અને જમીન ઉપર ચાલે! તેની પાછળ ૫૦,૦૦૦ પાઉન્ડની રકમ રોકનાર વ્યક્તિઓ પણ તેને મળી છે.

'ઍન્ટન' (Anton) ઉપનામથી ચીતરનાર બે વ્યક્તિઓ છે. એકનું નામ મિ. એચ. અન્ડરવૂડ થૉમ્સન છે અને બીજી વ્યક્તિ છે મિસિસ ઍન્ટન યુ. ૉન. એ બે માંથી કોણ શું ચીતરે છે એ કહેવું કઠણ પડે એવું એકસરખું તેઓ ચીતરે છે. પણ બંને આજે વર્ષોથી ભેગાં મળીને ટપાલ દ્વારા ચિત્રો મોકલે છે.

'ઍકૅન્થસ' (Acanthus) એ એચ. એફ. હોર (Hore) નામના સ્થપતિનું તખલ્લુસ છે, અને તે પોતાના ધંધાની નવરાશમાંથી ચિત્રો દોરી મોકલે છે; જ્યારે મિ. જૅકસન નિશાળના શિક્ષક છે.

નાટકોનાં અવલોકનો સાથે તેનાં પાત્રો વગેરેનું આલેખન કરતો રોનાલ્ડ સિરીલ બીજા મહાયુદ્ધ પછીની 'પંચ'ની પ્રાપ્તિ છે. તોફાની છોકરીનું એનું પાત્ર બ્રિટનમાં આજે લોકજીભે છે. અને નાટકનાં પાત્રોના આલેખનની શૈલી પણ એની આગવી છે. એ જ રીતે એક અનોખી વિશિષ્ટતાથી શેરીફ લગભગ ચાળીસ વર્ષથી સીનેમાનાં પાત્રો દોરે છે. એની આબાદ પાત્રાલેખનની પણ એક અનોખી શૈલી છે. એ શૈલીએ એણે દોરેલા, છેલ્લી ટેસ્ટ મૅચ માટે ઈંગ્લંડ ગએલી હિંદી ક્રિકેટટીમના ખેલાડીઓનાં ચિત્રો આ લેખ સાથે આપ્યાં છે. એ ઉપરાંત જુદાંજુદાં અનેક ક્ષેત્રોમાંથી માણસો પોતાનો આનંદ 'પંચ'ને કટાક્ષચિત્રો દ્વારા વ્યક્ત કરી મોકલે છે. આ ઉપરાંત 'પંચ'ના પહેલા પાને 'ચારીવારિયા' (Charivaria)ના મથાળા નીચે આવતા




"પણ એમાં હું શું કરું? મારે મોટર 'રીવર્સ' લેવી હતી, અને ટ્રાફિકની નિશાનીઓમાં 'રીવર્સ' લેવા માટે કોઇ નિશાની જ ઠરાવી નથી." પરિણામે એક શ્રીમંતની હજારોની મોટરનો ખુરદો વળી ગયો! પંચના તંત્રી 'ફુગાસ'નું એક ચિત્ર. આ રીતની કટાક્ષચિત્રોની આડી પટ્ટી 'પંચ'ના દરેક અંકને અંતે આજ અનેક વર્ષોથી નિયમિતપણે આવ્યા જ કરી છે.

રમૂજી ટુચકા ને તેનાં ચિત્રો (ડગ્લાસ નામની વ્યક્તિ એ ચીતરે છે.) પણ પ્રખ્યાત છે. તે જ રીતે હમણાં દરેક અઠવાડિયે અંકેઅંકે એ પહેલા પાનાનું મથાળાનું ચિત્ર પણ નિત્યનૂતન-નવું ને નવું જ આવે છે; અને એ જ રીતે અંકને છેડે પણ હમેશાં એક નિત્યનૂતન આડું કાર્ટૂન આવે છે. તેનાં આ ચાલુ અંગો ખૂબ ધ્યાન ખેંચે છે.

'પંચ'માં ખુલ્લા હાસ્ય (Humour) કરતાં મર્માળા કટાક્ષ (Wit) વધારે આવે છે. એ Wit અને Humour વચ્ચે શો ફેર છે તેની ચર્ચા બહુ ચાલી છે. અને સ્વ. સર રમણભાઈ નીલકંઠે એમના 'હાસ્યમંદિર'ની પ્રસ્તાવનામાં તેની છણાવટ કરી છે. 'પંચ'-ના તંત્રીના જ શબ્દોમાં કહીએ તો 'શબ્દો કરતાં ચિત્રો વધુ અસરકારક છે, અને ગમે તેમ ભાંડવા કરતાં ઠપકો વધુ વેધક છે. તમે જ તમારા મંત્રીને 'ગધેડો' કહેશો તો પછી મંત્રીમાં શું રહેશે? પરંતુ તેનાં મૂર્ખ કાર્યોને તમે ગધેડાનું રૂપ ગણીને હસી કાઢશો ને તે પણ એ સમજીને દૂર કરશે તો તેમાં બંનેને લાભ થશે.' ઇ. ૧૯૪૧માં 'પંચ'ને જ્યારે સો વર્ષ પૂરાં થયાં ત્યારે સમસ્ત પશ્ચિમની અખબારી આલમે અમુક મુકરર સમયે પોતાનું કાર્ય ઘડીભર તદ્દન બંધ કરીદઇને 'પંચ'ની પ્રવૃત્તિને માન આપ્યું હતું. તેને જે મનભર અંજલિઓ મળી હતી તેમાં અમેરિકન સાપ્તાહિક 'ટાઇમે' આપેલી અંજલિ ઉલ્લેખપાત્ર છે: Punch will always be so good that only the freshest and the most alert of his public will know how good he is. 'પંચ' સદાય એટલું સરસ રહેવાનું છે કે ફક્ત સૌથી તાજા ને તીવ્ર મનવાળા તેના વાચકો જ તે સમજી શકશે.'

જયંતીલાલ કા. પટેલ



પેટ્રોલની તંગીના વખતમાં મોટરને કોલગૅસ પૂરો પાડવા માટેની 'પૂરવઠા ગાડીની' યોજના! આ તો હજી કાંઈક સીધુંસાદું આલેખન છે; બાકી આનો કલાકાર 'એમેટ' ચવિત્રી ને ડોકામરડી જેવી આગગાડીઓ, મોટરો ને આવી 'ફળદ્રુપ' યુક્તિ-પ્રયુક્તિઓનો સ્વામી છે. એ પોતે ધંધે ઈજનેર છે, અને એની આવી યોજનાઓમાં કોઇ ગપ્પું નહિ પણ વાસ્તવિકતા હોય છે!



"ના, મા! અહીં એના હાથમાંની ચોપડીમાં તો એકે અક્ષર લખેલો નથી!"



ડેવિડ લૅંગડન નામનો કલાકાર મોટે ભાગે ચિત્રોની નીચે સમજણ નથી લખતો. વગર સમજણે કટાક્ષ સમજાઈ જાય એવી શૈલીના આલેખક તરીકે તેની ખ્યાતિ છે. ફેરિયા પાસેથી લેવાના કાંસકાની અજમાયશ કરતી અતિ લાંબા વાળવાળી સ્ત્રીની ધૃષ્ટતા પર ચિડાએલા ફેરિયાના શબ્દો વગર લખ્યે પણ સ્પષ્ટ સંભળાય છે કે 'બાનુ, તમારે કાંસકો લેવો છે કે નહિ?' સ્ત્રીસ્વભાવ બધા જ દેશમાં સરખો હશે?



એવું જ, વગર લખાણે સમજી જવાય તેવું, કલાકાર જૅકસનનું આ ચિત્ર છે. અરીસામાં ઉતાવળે મોં જોતી સ્ત્રી પોતાના ચહેરા પર શીળી ફૂટી નીકળ્યાં હોય એવા ડાઘા જોઇ ગભરાઇને ચીસ પાડતી નાસે છે; પણ ખરી રીતે એના ચહેરા પર તો કંઈ નથી. એને દેખાયા એ ડાઘા તો અરીસા પરના જ હતા! રોજિંદા જીવનમાં ઉતાવળમાં કરેલી બાધાઈને કારણે ખોટા ભયથી ફફડી મરવા ઉપર કટાક્ષ કરતું ચિત્ર. એનો કલાકાર જૅકસન ધંધે શિક્ષક છે.

બકુલ ત્રિપાઠીની નિર્બંધિકા



લગ્ન કરવું તો અપહરણ કરીને જ; પિતાશ્રી પરણાવી આપે એમાં ગઝા નહિ. વીર પુરુષોની માન્યતા આવી હોય એમ લાગે છે, કારણ કે પહેલેથી જ બહાદુર પુરુષોએ અપહરણ કરવામાં આનંદ માન્યો છે. અર્જુન બાણાવળીએ પહેલી વાર તો દ્રૌપદી જોડે રીતસર લગ્ન કરેલાં; પણ એથી એના જીવનની અધૂરપ પુરાઇ નહિ હોય તેથી, કે કોણ જાણે કેમ, પણ જ્યાં સુધી સુભદ્રાનું હરણ ન કર્યું ત્યાં સુધી એને ચેન ન પડ્યું. અને એ અપહરણ ન કરાવ્યું ત્યાં સુધી શ્રીકૃષ્ણને પણ જંપ ન વળ્યો. શ્રીકૃષ્ણનો પૌત્ર અનિરુદ્ધ પણ વીર પુરુષ હતો. ઓખા અને અનિરુદ્ધ તો વળી વધુ રસિક આત્માઓ, કે બન્નેએ વારાફરતી એકબીજાનાં હરણ કર્યાં! ચંદ્રે રોહિણીનું હરણ કર્યું ને રાવણે સીતાનું! બાકી કંઇ ચંદ્ર કે રાવણને ઘેર પત્નીઓની ખોટ હતી? પણ જ્યાં સુધી અપહરણ ન કરે ત્યાં સુધી એમને શૂરવીર કોણ કહે? અને ત્યારથી છેક પૃથ્વીરાજ અને રા'ખેંગાર સુધીનાઓએ અપહરણ કરવામાં ગૌરવ માન્યું છે.

આજકાલ તો જીવનમાં અપહરણ કરવાની તકો વધુ વિરલ બની ગઈ છે. પણ વીર પુરુષોનો ઉત્સાહ એમ કંઇ દાબ્યો દબાય કે? એમણે પોતાનું વીરત્વ સાહિત્યક્ષેત્રે દાખવવા માંડ્યું છે. સામાન્ય ક્ષુદ્ર માનવીઓ ભલે પોતાની કાલીઘેલી મૌલિકતામાં રાચે; સાચા શૂરાઓ તો અપહરણ દ્વારા જ કીર્તિ મેળવવામાં ગૌરવ માને છે. જોજનો દૂર આવેલા મહારાષ્ટ્ર, બંગપ્રદેશ કે પછી છેક આંગ્લદેશથી સાહિત્યકૃતિઓનું અપહરણ કરી પોતાની કરવી એ આપણા વંધ્યાઘટ્યા વીરત્વનો સ્વાભાવિક ઉન્મેષ છે. પહેલાંના વીર પુરુષો વનિતાઓને ઉઠાવી લાવતા, આજના વીરો વાર્તાઓને ઉઠાવી લાવે છે!

નવાઇ તો એ કે ઘણા લોકોનાં હૃદય તો સાહિત્યમાં થતાં અપહરણો જોઇને ભાંગી જ પડે છે! જાણે અપહરણ ને સાહિત્યને તો પરસ્પરનો પડછાયો ય ન ખપતો હોય! ભલા માણસ, એટલું તો સમજો કે અપહરણનું કાર્ય તો ઉચ્ચ સાહિત્યનો આત્મા છે. જગતની શ્રેષ્ઠ સાહિત્યકૃતિઓ, મહાકાવ્યો વગેરે શાના પર રચાયાં છે એનો કદી વિચાર કર્યો છે? સીતાનું હરણ ન થયું હોત તો રામાયણમાં કંઇ લખવા જેવું રહ્યું હોત ખરું? જાનકી અપહૃતા ન હોત તો ઉત્તરરામચરિતની કારુણ્ય સ્રવતી કાવ્યપ્રસાદી આપણને મળત ખરી? મહાભારત તો આખું અપહરણોથી જ ભરેલું છે. ટ્રૉયની હેલનનું અપહરણ એ યુરોપના મહાકાવ્ય ઇલિયડનો આધાર છે. મહાકવિ પ્રેમાનંદનું શ્રેષ્ઠ આખ્યાન ઓખાહરણ શાના પર રચાયું છે? મને તો વહેમ છે કે કાલિદાસે શાકુંતલ લખવા માંડ્યું ત્યારે એનો વિચાર શકુંતલાનું અપહરણ કરાવવાનો જ હશે, પણ પછીથી દુષ્યંત અને શકુંતલાના લગ્નમાં કશ્યપ મુનિએ વાંધો ન લીધો ને સ્વેચ્છાએ મંજૂરી આપી દીધી એટલે કાલિદાસે એ વિચાર માંડી વાળ્યો. ગમે તેમ પણ, ત્યારથી તે છેક 'ગુજરાતના નાથ'માં રા'ખેંગાર રાણકનું હરણ કરે છે ત્યાં સુધી અપહરણ એ સાહિત્યનો ઉત્તમ વિષય રહ્યો છે.

અને એથી જ સાહિત્યકારોમાં એ આજે પણ એટલું જ પ્રિય છે. પહેલાંના સાહિત્યકારો આળસુ હતા, એશઆરામી હતા, નિરુદ્યમી હતા, એટલે અપહરણોનાં માત્ર વર્ણનો જ લખીને સંતોષ માનતા; આજના લેખકો ઉદ્યમી છે એટલે જાતે જ અપહરણો કરે છે,—સ્ત્રીઓનાં નહિ તો સાહિત્યકૃતિઓનાં.

આહ્-હોહોહો! આપણે એ કલાનો કેટલો બધો વિકાસ કરી નાખ્યો છે! કન્યાઓનાં અપહરણો તો ઘણાંખરાં એકસરખી રીતે થતાં. પેલો વીર પુરુષ, પેલી બિચારી કન્યાને આગળ ઘોડા પર બેસાડી ઘોડો દોડાવી મૂકે તે સીધો ઘેર! કો'ક વળી ઘોડાને બદલે રથ કે વિમાનનો ઉપયોગ કરતા. પણ એકંદરે એ બધી રીતોમાં ખાસ કંઈ ભેદ ન હતો, નિત્યનવીનતાનું દર્શન ન હતું. સાચું પૂછો તો આને લીધે જ અપહરણની કળા એટલી બધી નીરસ બની ગઇ હતી કે લગ્નના ક્ષેત્રમાંથી એ પદ્ધતિ વિદાય થઇ ગઇ.

પણ સાહિત્યનાં અપહરણોની વાત જુદી છે. આપણા લેખકો બીજાઓની વાર્તાઓ ઉઠાવવામાં પણ પોતાની મૌલિકતા દર્શાવી રહ્યા છે. કોઈ બિરાદર અંગ્રેજી લેખનું માત્ર મથાળું બદલી પોતાને નામે રેડવે છે, તો કોઇ વીર પુરુષો તો મથાળું પણ નથી બદલતા! કોઈ નવરાઓ નાટક કે વાર્તાનો આરંભ અને અંત સહેજ બદલે છે, તો કોઈ વળી પુરુષપાત્રોને સ્ત્રીપાત્રો અને સ્ત્રીપાત્રોને પુરુષપાત્રો બનાવી નવા બ્રહ્માનું સ્થાન લે છે. અઘરાં વાક્યો છોડી દઈ, કાગળ શાહી અને આબરૂ બચાવવામાં કોઇ પાવરધા હોય છે, તો બીજા વળી મૂળ લેખમાં, દૂધમાં પાણી રેડતાં રબારીની હોંશથી, પોતાનાં વાક્યો ઉમેરી મૌલિકતાની વધુ નજીક પહોંચવા પ્રયત્ન કરે છે, અને લેખને એવો તો બનાવી દે છે કે મૂળ લેખક એ વાંચી જાય તો ય પોતાનો કહેતાં શરમાય;—ભલું હોય તો તો ઓળખી જ ન શકે કે આ અદ્ભુત ચીજ એ પોતાના મૂળ લેખનું જ પ્રેત છે!

દેશભક્તિ, પ્રામાણિકતા, વફાદારી વગેરે ગુણોથી અલંકૃત ઉઠાંતરકારો પણ હોય છે. એક દેશપ્રેમી ભાઇ સ્વદેશીની ભાવનાથી પ્રેરાઇ માત્ર પોતાની ભાષામાંથી જ અપહરણ કરે છે, તો બીજા એક ભાઈ પ્રામાણિકતામાં માનતા હોઇ કોઇ જૂના પત્રમાંથી અક્ષરશઃ ઉઠાવેલા લેખની નીચે 'સૂચિત'ની નોંધ મૂકી પ્રામાણિકતાનો આનંદ પ્રાપ્ત કરે છે. એક ગિત્ર તો એકપત્નીવ્રતધારી રાજા રાગને જ પોતાનો આદર્શ માને છે. તે માત્ર અમુક એક અજાણ્યા હીંદી લેખકની કૃતિઓને જ ગુજરાતીમાં મૌલિક તરીકે ગબડાવે છે; બીજા કોઈ લેખકની કૃતિ પ્રત્યે એ ઊંચી આંખે જોતા પણ નથી! એકપત્નીવ્રતધારી કંઇ રામચંદ્રજી એકલા જ ઓછા હતા? બીજી બાજુ, 'પ્રાણીમાત્રમાં હું વસી રહ્યો છું' એમ કહેતા શ્રીકૃષ્ણની જેમ 'અજાણ્યા લેખકમાત્રની કૃતિ મારી છે' એમ માનનાર એક યોગીરાજ, કંઇ પણ ભેદભાવ

રાખ્યા વિના; જ્યારે જે હાથ આવ્યો એના લેખોનું અપહરણ કરી એને પાવન કરી દે છે. શ્રીકૃષ્ણને કેટલી—સોળસો હતીને?

પરંતુ કન્યાનાં અપહરણો થાય છે ત્યારે કન્યાના પિતાની કોઈ દયા ખાતું નથી; જ્યારે સાહિત્યનાં અપહરણોમાં જો સૌથી વધારે દયા ખાવામાં આવતી હોય તો તે મૂળ લેખકની! ખરું જોતાં એ પ્રાણી જરા ય દયા ખાવા જેવું નથી ઉઠાંતરીને જો તમે ગુનો ગણતા હો તો એ ગુના માટે સૌથી વધુ જવાબદાર મૂળ લેખક જ હોય છે. શા માટે એણે એવી સરસ કૃતિ લખી કે બીજાને એ ચોરવાનું મન થાય? એણે ધૂળ જેવું લખ્યું હોત તો કોઇ એ લેખના સામે નજર પણ નાખવા નવરું હોત ખરું કે? એ...યને એનો લેખ એની તિજોરીમાં તદ્દન સલામત રહેત—આભના તારા જેટલો, કે આકડાના ફૂલ જેટલો. પણ આ તો દોઢડાહ્યા થઇને સારો લેખ લખવો, બીચારા ભોળિયા ઉઠાંતરકારોને ચોરી કરવા લલચાવવા, અને ઉપરથી ફરિયાદ કરવી કે મારા લેખનું અપહરણ થયું! આ તે ક્યાંનો ન્યાય? જો સારી મૌલિક વાર્તાઓ લખ્યા વિના ન રહેવાતું હોય તો લખો, જરૂર લખો; જિંદગીમાં બીજો કંઇ કામધંધો ન સૂઝતો હોય તો સારી વાર્તાઓ, સારાં કાવ્યો, સારા નિબંધો સારાં નાટકો અવશ્ય લખો. પણ પછી લખીને જ બેસી રહેવાને બદલે એ છપાવો છો શા માટે? એને પ્રસિદ્ધ શા માટે કરો છો? તમારી સરસ કૃતિઓને સાચવીને રાખી મૂકતા હો તો કોઈ એની ચોરી ન કરે. રજપૂતો પોતાની કન્યાઓને જનાનામાં પૂરી રાખતા'તા! પણ આ તો જગતના મેદાનમાં એને મોકળી મૂકી દેવી ને સામેથી પાછી ફરિયાદ કરવી કે અમારી વાતોનું અપહરણ થાય છે! અપહરણ ન કરે તો શું બીચારા ઉઠાંતરકારો હાથ જોડીને બેસી રહે? વાત કરે છે!

ઉલટું, ઉઠાંતર એ એવી સરસ પ્રવૃત્તિ છે કે એને જો પોતાના લેખોને કારણે ઉત્તેજન મળતું હોય તો મૌલિક લેખકોએ જરાય શોક કરવા જેવો નથી. લેખ લખાય છે તે વાંચવા માટે. અને જો બીજાના નામે ચડીને પણ તમારો લેખ વધુ વાચકોની નજરે ચડે તો એનાથી મોટું સદ્ભાગ્ય શું? તમારા લેખ નીચે તમારું જ નામ હોવું જોઇએ એવો મોહ શો? સાચા સાહિત્યસર્જકે તો ચિંતન, મનન, અધ્યયન અને ઉપવાસ દ્વારા એવી સ્વાર્થી વૃત્તિનં વહેલામાં વહેલી તકે ઊર્ધ્વીકરણ કરી નાખવું જોઇએ.

અને કદાચ ફિલસૂફ બની આવી રીતે શોક દૂર કરવાનું ન બને તો ય શું? બીજો એક રસ્તો પણ છે. તમારી વાર્તા કોઈ ઉઠાવીને છપાવી દે—આજ નહિ તો દસ વર્ષે, અને તમારી નહિ તો બીજી કોઈ ભાષામાં—એ તમને ન ગમતું હોય તો એક ઉપાય અજમાવવા જેવો છે. તમારે પણ મૂળ લેખ બીજાનામાંથી તફડંચી કરીને જ લખવો! એટલે પછી તમારા એ ઉઠાંતરિત લેખની બીજો કોઈ તફડંચી કરશે તો તમને દુઃખ નહિ થાય. તમને થશે, જનતાનું હતું અને જનતાને મળ્યું, તો મારે શોક શા સારુ કરવો? પર્લ બકની એક વાર્તા સહેજ બદલીને તમારા નામે તમે કોઇ ગુજરાતી માસિકમાં છપાવી હોય, અને પછી તમારી એ વાર્તાનું શિર્ષક બદલીને બીજો કોઇ પરોપકારી બંધુ પોતાની જ્ઞાતિના માસિકમાં પોતાના નામે છપાવે તો એથી તમને કંઈ જ શોક નહિ થાય. શોક કરવાનું કારણ રહેશે માત્ર પર્લ બકને! અને પર્લ બકે વળી કોઈ જર્મન લેખકની વાર્તા પરથી પોતાની વાર્તા લખી હશે તો એને ય કંઇ શોકનું કારણ નહિ રહે! આમ, મૌલિક લખવાને બદલે ઉઠાંતરીઓ કરવાથી આપણે સહેલાઇથી આપણા લેખો ચોરાયાનું દુઃખ ઓછું કરી શકીએ એમ છીએ, અને તફડંચી થાય ત્યારે એ કૃતિના વાચકો વધ્યા એ વાતનો વિશુદ્ધ આનંદ પ્રાપ્ત કરી શકીએ છીએ.

થોડાં વર્ષો પહેલાં આપણે ત્યાં એક ચર્ચા ઊભી થએલી. એનો મુદ્દો એ હતો કે વિવેચક સર્જક કહી શકાય કે કેમ? હવે મને લાગે છે કે અનુવાદક અને અપહરણકાર પણ સર્જક કહેવાય કે કેમ એ ચર્ચા ઉપસ્થિત કરવાનો સમય પાકી ગયો છે. સાહિત્યપરિષદ અને લેખકમિલને આળસ ખંખેરી આ પ્રશ્નનો ઉકેલ લાવવો જ રહ્યો. મારા મતે તો અપહરણકાર પણ સર્જક છે. વસ્તુ ક્યાંથી શોધવી કે જેથી કોઈના ધ્યાનમાં ન આવે, એનું રૂપ કેવું બદલી નાખવું, અને એ કયા તંત્રીના માથામાં મારી શકાય એમ છે એ શોધી કાઢી, પોતાની (અને માસિકની) કીર્તિના જોખમે પણ એ છપાવી નાખવી એ એવું તો પુરુષાર્થનું કામ છે કે, વગર પરીક્ષા આપ્યે પણ પ્રસિદ્ધ પુરુષોને યુનિવર્સિટીઓ ડૉકટરની ડિગ્રીઓ એનાયત કરે છે તેમ, આપણે અપહરણકારને પણ સર્જકનો ઇલ્કાબ આપવો જ રહ્યો. મૃત માનવીને સજીવન કરનાર માણસ એ માનવીના પિતા જેટલો જ માનનીય છે એ ન્યાયે, કોઈ જૂના દિવાળીના અંકો કે માસિકોમાં દટાઇને પડેલી કૃતિને, શુક્રવારની ગુજરી કે ચોરબજારમાંથી માનભેર લાવી, એની ધૂળ ખંખેરી, એને નવો અવતાર આપી, સૃષ્ટિમાં રમવા મોકલવી એ કાર્ય સર્જક જેટલું જ પ્રતિષ્ઠા ધરાવનારું ગણવું જોઇએ.

પણ તો પછી પ્રામાણિકતાનું શું? તમે પ્રશ્ન કરશો. ઘણા એવું માને છે કે આ પ્રવૃત્તિનો મોટામાં મોટો ગેરલાભ એ છે કે એથી સાહિત્યજગતમાં પ્રામાણિકતા જળવાતી નથી. પણ તે હોય, એમાં થઈ શું ગયું? અપહરણની પ્રવૃત્તિના બીજા લાભ જોતાં આ એક જરા સરખો ગેરલાભ—જો એને ગેરલાભ ગણીએ તો—તદ્દન ક્ષુદ્ર છે. સાહિત્યમાં અપહરણો વધારવાથી ઓછી વાર્તાઓએ વધુ વાચકોને સંતોષી શકાશે એટલું જ નહિ, જનતાને સાહિત્યમાં વધુ ને વધુ રસ લેતી કરી શકાશે. જનતાને લૂંટ, ચોરી ને તફડંચીમાં જે સ્વાભાવિક રસ છે તેને પરિણામે સાહિત્ય વધુ લોકપ્રિય બનશે. કંઈ નહિ તો ડિટેક્ટિવપદ પ્રાપ્ત કરવાની આશાએ પણ લોકોનું વાચન વધુ વિસ્તૃત અને ઊંડું બનશે. અને બીજી બાજુ, ક્યાંકથી તો કાંઈક ઉઠાવવા જેવું મળી જ આવશે એ આશાએ 'આવતી કાલના લેખકો'-ને નવં નવં પરભાષાનં સાહિત્ય અને જૂનુંજૂનું સ્વભાષાનું સાહિત્ય વાંચવાની પ્રેરણા પણ મળશે. આમ, નવું સાહિત્ય વધુ વંચાવાથી પરભાષાના સાહિત્યકારોને ફાયદો થશે, અને જૂનું સાહિત્ય વધુ વંચાવાથી આપણા એ સાહિત્યકારોની સંશોધનશકિત ખીલશે. ચર્ચાપત્રોના નવા લેખકો નિપજાવી શકાશે. કૉપીરાઈટના કેસ કોર્ટે ચડશે તો વકીલો ને સરકારને વધુ કમાણી થશે, લેખકોમાં જાગૃતિ ફેલાશે, આપણામાં ઉત્તરોત્તર સાહસિકતા વધશે ને સર્વત્ર લીલાલહેર થઈ જશે. અલબત્ત, કદાચ પ્રામાણિકતા જેવી વસ્તુ સાહિત્યમાંથી વિદાય લઇ લેશે એ ખરું, પણ એમાં વાંધો ય શો છે? જગતમાં આજે અન્યત્ર જે અવ્યવસ્થા, અસત્ય, અપ્રામાણિકતા પ્રવર્તે છે તે સાહિત્યમાં આ વશે તો સાહિત્ય ને સંસાર વધુ સરખાં બનશે. આજે સાહિત્ય માત્ર હવાઈ વાતોનો વિષય ગણાઈ ગયો છે એને બદલે એ પણ વેપાર જેટલું જ જીવનનું વ્યવહારૂ ક્ષેત્ર ગણાતું થઇ જશે. શેરબજારના સટોડિયા જેટલી જ પ્રતિષ્ઠા સાહિત્યકારોની થવા માંડશે. પ્રામાણિકતાના અર્થહીન ગગનચુંબી આદર્શોને સ્થાને જીવનનાં સૌ ક્ષેત્રોમાં આજે છે એવી અપ્રામાણિકતાને અપનાવી સાહિત્ય જીવનની વધુ ને વધુ નજીક આવી શકશે, બંને પરસ્પરને વધુ પ્રેરણાદાયી બની શકશે. અને, એ સિવાય સાહિત્યનું બીજું કર્તવ્ય છે પણ શું?



ચન્દ્રવદન ચીમનલાલ મહેતાની આપકથા

આપકથા કે આત્મકથા, પોતાની હકીકત કે ઑટોબાયોગ્રાફી, જે કંઈ કહો તે, વાંચવા હાથ લેવામાં આવે છે ત્યારે (પછી એ ગમે તેની હોય) જીવનઘાટે એણે કેટલા પ્રણયદીવડાઓ પ્રગટાવ્યા એ વિષે જાણવાની મોટા ભાગના વાચકોને ઇંતેજારી થાય છે. પછી કોઈ વિરલાએ એક જ પણ દિવ્ય દીવડો પ્રગટાવ્યો હોય તો તે વિષે, યા કોઇ રસચતુરે અનેક પણ પ્રગટાવ્યા હોય તો તે વિષે જાણવા મન લલચાય છે. કોઇ વળી પ્રગટાવે ને સરિતજલમાં તરવા પણ મૂકે, દૂરદૂર તરતા ચાલ્યા જાય તે જોયા પણ કરે; કોઈ તર્યાં જાય, કોઈ વાયુલહરીએ ટગુમગુ થતા હોલવાઇ પણ જાય; તો કોઈ વળી બેત્રણ એવા દીવડાઓને સરસા તરતા મૂકી અથડાવે, ટક્કરો ઝિલાવે!

અનોખી એવી પ્રેમની લીલા છે, અને જીવનવાટે ગમે ત્યારે એની આંધી આવી ચડે છે. મોટા ભાગના જાતકો એ પ્રેમપનોતીના છાયા-પડછાયામાં અટવાવાના તો ખરા જ. ઘણાને એના અનુભવો થવા છતાં ઘણા એ વિષેના બીજાના અનુભવો જાણવા મથામણ કરે છે. એમાંથી સમજ, ડહાપણ તારવવા પણ પ્રયત્ન કરે છે. કોઈ નવનીત નિસારે પણ છે; છતાં એ નવનીત એને કામ નથી લાગતાં, અને આશા-નિરાશામાં વલખાય છે. પ્રણય, પ્રેમ, પ્રીત, પ્યાર, સ્નેહ, મહોબ્બત, ઇશ્ક, લવ્હ—જે નામ આપી જે સમજવું હોય તે સમજે. એની ખુમારી ઓર જ છે. અને એના નશામાં ચકચૂર થએલા કંઇકે વિશ્વ-સાહિત્યમાં અનેરાં સર્જનો કર્યા છે. પોતે આપરીતે કર્યાં છે, યા તો પોતે પાત્રો બની એમની મારફત એ ખુમાર વ્યક્ત કર્યો છે. એમાં કાવ્ય, નાટક, નવલકથા, આત્મકથા તો હોય જ, પણ કદીક અદ્‌ભુત ફિલ્સૂફીગ્રંથો પણ સાંપડ્યા છે. એ વિષય ઉપર અનેક ગ્રંથો લખાયા છતાં એનો ઇતિહાસ અધૂરો છે.

મઝા એ છે કે કોઈ એમાં ભક્તિરસ પરોવે છે; કોઇ શુદ્ધ-વિશુદ્ધ, દ્વૈત-અદ્વૈત, એવાએવા વિભાગો પાડી, આખર તો એક અખંડ અને અગોચર એવા વિશાળ પ્રેમસાગરનાં વર્ણનો કરે છે. વાણીમાં વણાય નહિ, હૈયામાં સમાય નહિ, લેખિનીથી આલેખાય નહિ. મીરાં બહાવરી બને છે, નરસૈંયો પ્રેમના તંતમાં સંત બને છે, અખો એને અકથ્યો રાખી અભિનવો આનંદ અનુભવે છે. એમ કોઈ સકળ સંસારનો સાર પ્રાપ્ત કરે છે, તો કોઇને એ થકે સંસાર અસાર પણ લાગી જાય છે અને જિંદગીથી રૂખસદ પણ લઇ લે છે.

મુંબાઇમાં ક્રૉફર્ડ માર્કટ સામે સર પૅટ્રિક કેલીનું બાવલું મુકાએલું છે. પલટાતા જમાનામાં એ પૂતળું ત્યાં કેટલો કાળ રહેશે એ તો કોણ કહી શકે? એ આગ્રરિશ ગોરાની સામે, પૂનામાં મહાત્માજીના ઉપવાસને અંતે સહી થનારા હરિજન-કરારના થોડા જ દિવસ અગાઉ, હું બરાબર અગિયાર વાગ્યે હાજર થઈ ગયો. મહાત્માજી અને આંબેડકરના એ કરારને પરિણામે ’૩૨ની લડતનો છેડો દેખાતો હતો. અને માથે ભમતા વૉરંટે ભરાએલા રહેવું હવે ઠીક નથી એમ ધારી, સડસડાટ પોલીસ છાવણીમાં જઈ, નામ મોકલાવી, આપણે સર પૅટ્રિક આગળ ધસી ગયા. પોલીસ કમિશ્નરનો રાવણો અને ઠાઠમાઠ ત્યારે પહેલી જ વાર જોયા.

મારી સામે જોઈ જરા હસ્યો, ખુરશી પર બેસાડ્યો, ફોન પર એકબે સૂચનાઓ આપી, ને પછી એ ખેલદિલ અફસર તો વાતે વળગ્યો: ‘આ ચૌદપંદર મહિના તું મુંબાઈમાં જ હતો કે બહારગામ? કે કદીક અહીં, કદીક બહાર? એક સવાલ. અને બીજો સવાલ: તમારી પાસે કુલ મશીનો કેટલાં હતાં? એના મને જો જવાબ આપી શકો તો હું તમારો આભારી થઈશ.’ ઓત્તારી!

‘કુલ્લે બે મહિના બહાર: એમાં છ દિવસ પોંડીચેરી, મહિનો માસ માંગરોળ, બાકી અમદાવાદ. ને એકી સાથે જુદીજુદી જગ્યાએ ચાલુ છ ગેસ્ટેટનર મશીનો.’

‘ત્યારે મોટો ભાગ અહીં, હેં? હં હં! ઑલ રાઈટ.’ પછી થોડી વાતચિત કરી કહે: ‘તમે હજુ જમવાના હશો. તો લગભગ બાર થવા આવ્યા છે; લંચ લઇ બે વાગ્યે કેમ ન આવો?’

હું તો સડક જ થઇ ગયો! મેં કહ્યું કે ‘હું સરેન્ડર થાઉં છું,—’

‘હું સમજું છું. તમે હમણાં જેવા આવ્યા, તેવા જ બે વાગ્યે પણ પાછા આવશો એની મને પૂરી ખાતરી છે. તમે જઈ શકો છો.’

હું તો સર પૅટ્રિકની સામે જોઈ રહ્યો. ઊભા થઈ ખૂબ જ આવેશભર્યાં શેઇકહૅન્ડ કરી હું નીચે ઊતર્યો. એમ તો હું કંઇ કાચો નહોતો: જમીને જ ગયો હતો. કોણ જાણે કેટલા દિવસની જેલ મળે. અને સંધિ ન પણ થાય. સામે બેત્રણ સિપાઇઓ મળ્યા. એમાં ચાઈનાબાગમાં જેને થાપ આપેલી તેનો પણ ભેટો થઇ ગયો. એણે પૂછ્યું: ‘સાહેબ પાસે જઇ આવ્યા?’

‘હા.’

‘હવે ક્યાં?’

‘જમવા.’

‘એમ? પણ—’

‘પાછો બે વાગ્યે બોલાવ્યો છે, તે આવી રહીશ.’

એ દોઢ બે કલાક મેં કેવા ગાળ્યા છે તે મારું મન જાણે છે. ન કોઇને મળવાનું સૂઝ્યું, ન કંઇ કામ પતાવવાનું સૂઝ્યું. ફૉર્ટમાં તૈયબજી ડાહ્યાભાઈ સૉલિસિટરોના એક ભાગીદાર મારા દોસ્ત પીતુભાઈ પકવાસા પાસે જઇ ચાનો પ્યાલો પીધો. એ બાહોશ સૉલિસિટર મિત્ર પણ જરા વિચારમાં તો પડી ગયો......

‘મિનિટે મિનિટ ટાઇમસર તમે આવશો જ એની મને સો ટકા ખાતરી હતી.’ એટલું જરા મિઠાશથી બોલી સર પૅટ્રિકે ‘એરેસ્ટ હિમ’નો અફસરી ઢબે હુકમ આપ્યો. ત્યાં તો બે જણા જે હાજર હતા તે વિધિ કરવા તૂટી પડ્યા. વૉરંટ, સહી-દસ્તક, અંગૂઠા-છાપ, ને બેત્રણ છબિઓ પણ પાડી લીધા પછી ત્યાંથી મને ખાનબહાદુર પેટીગરા સાહેબ પાસે લઈ જવામાં આવ્યો. એ સાહેબે બે કલાક સુધી હવા બગાડી નાખી:

‘આ કાગળના ચીંથરા પર બે ગાળો લખી એટલે અંગ્રેજોનું રાજ જશે, એમ? સીધી કંઇક નોકરી કેમ નથી કરતો? તમો જુવાનિયાનાં

મગજ આવાં ફસકી કેમ જાય છે? કોણે તમને આમ ફૂલને ઘોડે ચઢાવ્યા?' પોતાનું કામ કરતાં કરતાં ને થોડી બાકીની વિધિ પતાવતાં પતાવતાં આમ એકધારું એણે ભાષણ ચાલુ જ રાખ્યું. જાતજાતની સલાહ આપી. એમાં કંઇ નહિ તો છેવટે ટ્રામવે કંપનીમાં નોકરી કરવા જવા પણ ખાસ આગ્રહ કર્યો—કદાચ મારા આગગાડીના અનુભવને લઇને હશે! કોણ જાણે!

ચાર-સવાચારે પાછો સર પૅટ્રિક આગળ વરઘોડો ગયો. આ વખતે ખાન બહાદુર જાતે સાથે પધાર્યા. એમણે સર પૅટ્રિક આગળ પણ મને આપેલી શિખામણ વિષે ઈશારો કીધો અને કંઇક બીજી વાતચિત કરી સિધારી ગયા. પછી કેલી સાહેબ ખીલ્યા. પહેલું તો એમણે કહ્યું કે તમે કેદી છો, એટલે બેસી શકો ખરા, પણ પેલા સ્ટૂલ પર, ખુરશી પર નહિ. પછી એમણે જાતજાતની વાતો કરી, પણ ચળવળ વિષે કશું જ પૂછ્યું નહિ.મને એટલું માત્ર એમણે કહ્યું કે તમારા પર એકે આરોપ નથી. અને બરાબર પાંચ વાગતાં એ ઊભો થયો, મારી પાસે આવ્યો, જોરથી શેઈક હૅન્ડ કરી અને અંગ્રેજીમાં કહ્યું:

'ચન્દ્રાવડન મેટા,. .કરેક્ટ?—હં. તમે હવે છુટા છો; જઈ શકો છો. મેં તમને કેદ કીધા, આરોપ ન હોવાથી વહેમ હતો એટલે બે કલાક બેસાડી મૂકયા. હવે તમને છોડી મૂકું છું: આ તમારો રીલીઝ ઑર્ડર, લ્યો. યરવડા પૅક્ટ થતાં જ બધા છૂટશે, તો પાંચસાત દિવસ માટે તમને કયાં જેલમાં નાખીએ? પણ એ તો જુદી વાત છે. આવતી કાલે સાંજે હું પોલીસ ચીફ નથી. રજા લઇ, રીટાયર થઇ, આયર્લૅન્ડ જાઉં છું. કાલે સવારે ચાર્જ આપી દઇશ. દફતરી રૂએ આ તમારો છેલ્લો રીલીઝ ઑર્ડર મેં સહી કીધો. નાઉ યૂ કૅન અન્ડરસ્ટૅન્ડ!'

હું તો એ આઇરિશ બચ્ચાને જોતો જ રહ્યો. એને થૅંક કરવા જીભ ઉપાડું તે પહેલાં તો એણે મને ખેંચ્યો, સાથે જ બહાર કાઢ્યો. બહાર એને માટે બધા અદબથી ઊભા થઇ ગયા, અને પોતાની ગાડી સુધી લઇ જઇ કહ્યું, 'કયાં ઉતારું?'

પણ મારું તો મગજ જ બહેર મારી ગયું હતું. મને બરાબર યાદ છે, સર પૅટ્રિક મને પોતાની ગાડીમાં ચાઈના બાગ ઉતારી ગયા. એ અફસરની ખેલદિલી ને વિવેક હજી મને સાંભર્યા જ કરે છે.

સર પ્રભાશંકર પટ્ટણીએ લાઠી પરિષદમાં એક શ્લેષ કર્યો હતો: 'આ પરિષદમાં પધાર્યા છો, તો અમારો એક ગ્રામ્ય પ્રયોગ છે તે પ્રમાણે કહું તો કલાપીને જાજો.' ફરી એનું મુલાયમ શૈલીમાં ભાષણ સાંભળવાનો પ્રસંગ મળ્યો. લાઠી એટલે કલાપી, અને કલાપી એટલે લાઠી. ભોંયરામાંથી નીકળ્યા કે તરત લાઠી પરિષદ તરફ. સથવારામાં આપણા પેલા રેલવેના પરાગજી અને જૂના જોગી ચન્દ્રકાન્ત ત્રિવેદી. દી. બ. કૃષ્ણલાલ ઝવેરીનું સ્ટેશન ઉપરથી સામૈયું કાઢ્યું, અને ગઢીમાં પરિષદ જામી. બુઝર્ગ પ્રભાશંકરને રાતે જામેલા રાસમાં જાતે દાંડિયા લઇ રાસ ખેલતા નિહાળ્યા. મુન્શી છૂટીને આવ્યા હતા ને રંગમાં હતા. એક દાયકા પહેલાં ભાવનગરમાં મુનશી નહોતા, અહીં હતા—એમના વર્ચસ્વ સાથે. સાહિત્ય પરિષદના દીદાર બદલવાનું બીડું તો એમણે કયારનું ઝડપ્યું હતું.

મને પરિષદની ખટપટમાં રસ નહોતો; માત્ર એના મેળાગાં મઝા પડી. નિબંધવાચન, ઠરાવ, ચૂંટણી, સમિતિ, મારે મન સાહિત્યના વિષયો નહોતા, નથી જ. એટલે અમે તો આસપાસ જ નજર રાખતા હરતાફરતા. સુરસિંહજી ગોહેલની રસભૂમિ. નાનકડું ગામ અને આસપાસ વિશાળ ખેતરો. બે દિવસ વહેલા ગએલા, ને ચન્દ્રકાન્તના બનેવી ત્યાં દીવાન, એટલે કલાપીના પૌત્ર પ્રહ્લાદસિંહજી સાથે સારો પરિચય બંધાયો હતો. ખાસ્સી ટાઢ હતી. એમાં ઓળા ખાવા ગયા. શેરડી નહોતી, છતાં કલાપીની પેલી શેરડીવાળી કવિતા યાદ આવી: 'ઊગે છે સુરખી ભરી રવિ મૃદુ હેમંતનો પૂર્વમાં.' એવાં ઊગતાં પ્રભાત અને પછી ચાંદની રાત. કલાપીની એક પછી એક સજીવન થતી ગઝલો ને ત્યાં અસલમાં જામતો કવિઓનો દાયરો. ત્યાં નાનાલાલ આવતા; કાન્ત રહેતા; મસ્ત કવિ ત્રિભુવન બુલન્દ સૂરથી 'વસુંધરાને પાયો આજ મેં પ્રેમનો રે પ્યાલો' લલકારતા; લલિત પણ રસગુંજન કરતા. લાઠીની ભૂમિને સુરસિંહજીએ સાહિત્યરસથી તરબોળ બનાવી હતી. કાન્ત-કલાપી એ બેલડીની અનેક વાતો સાંભળી, નાનાલાલે અહીંથી સંપાદન કરેલા કંઈક ઢ.બોના ઈતિહાસની કથા સાંભળી, કલાપીની એકત્રિત કરેલી વસ્તુઓનો સંગ્રહ જોયો. ત્યાં એનું સાંકળીનું બખ્તર, ટોપકવચ સાથેનું, તે પણ બાલિશ ભાવે ને કેવળ અહંવૃત્તિ પોષવા પહેરી ફોટો પણ પડાવ્યો!

એના જૂના રાજમહેલમાં રખડયા. એની લેખનસામગ્રી જોઇ, ત્યાં ગોઠવેલી લેખિનિ જોઈ, તે આંખે અડાડી કલાપીયાત્રા પૂરી કરી.

ના, પણ એક વિરલ પ્રસંગ યોજાવાનો હજી બાકી હતો.

જયન્તકુમાર ભટ્ટ–'કાન્ત'ના બીજા ચિરંજીવી મારી સાથે કૉલેજમાં હતા. એમના મોટા ભાઇ મુનિકુમાર એથી મને ઓળખે, તે એકાએક મને ચાલુ પરિષદે બોલાવવા આવ્યા. સાથે, મને યાદ છે ત્યાં સુધી, યશવંત પંડયા પણ હતા. અરે હાં, જો, એ બિરાદર પહેલા કયારે મળ્યા એ વિષે ઇશારો કરવાનું તો ભૂલી જ ગયો. અસલ ભાવનગરમાં...પણ જવા દો. એમને વિષે પછી. અહીંથી લાઠીથી આપણે એમને ત્યાં જ જવાનું છે.

મુનિકુમાર તો ગઢીના એક પછી એક દરવાજા ને ખંડ ઓળંગાવતા એક સાદા ઓરડામાં લઈ ગયા અને ત્યાં બેઠેલાં બાઇને અમારી ઓળખાણ આપી.

'ભલેભલે. એ અહીં જીવી ગયા તો તમે બધા અહીં પધાર્યા. એમને તો કેમ કેમ યાદ કરીએ'. અને પછી શાંતિ પ્રસરી, અમે તો શું બોલીએ?

એલ્ફિન્સ્ટન કૉલેજમાં નરસિંહરાવના પ્રમુખપણા હેઠળ કલાપીના સ્નેહી બલવંતરાય ઠાકોરે 'હૃદયત્રિપુટી' કાવ્ય ઉપર ભાષણ કર્યું હતું તે યાદ આવ્યું. 'હૃદય-ત્રિપુટી'નું આખું કાવ્ય કદી મોઢે નહોતું કર્યું, છતાં એના વિખ્યાત શ્લોકો સ્મૃતિમાં તરવરવા લાગ્યા. આ એ શોભના? કલાપીની સ્નેહરાજ્ઞી? ખાસ્સી ચાળીસ પિસ્તાળીસ ઉપરની ઉંમર હશે. છતાં આંખોમાં તેજ હતું, મોઢા પર સુરખિ હતી. મન માને જ નહિ. આ જ એ શોભના? શોભના, રમા, કલાપી, ત્રણે એક પછી એક ડોકાવા માંડયાં:

ત્યાં બારી એક ગૃહની ઉઘડે જરાક,
ડોકાય છે સ્મિતભર્યું મુખડું રમાનું,

એ રમા અને શોભના, અને બે પ્રેમસંયોગ વચ્ચે ચીરાતું કલાપીનું હૃદય. બધું ત્યાં ખડું થવા લાગ્યું.

પુરુષ એક કરતાં વધારેને ચાહી શકે? ચાહે જ છે ને? પણ વિશુદ્ધ પ્રેમ, નાનાલાલ કથામાં કહે છે તેમ, હૃદય એકને એક વાર દેવાય–બસ. બાયૉલૉજિસ્ટો ને સાઇકૉલૉજિસ્ટો વળી બીજું જ ફરમાવે છે. તે બધું સડસડાટ મગજમાંથી પસાર થવા લાગ્યું. મારા એ અનોખા અનુભવને લઈને મારા આનંદનો પાર નહોતો. મુનિકુમાર ભટ્ટ પર અહેશાનની લાગણી ઊભરાતી હતી. વાત તો અમે શું કરીએ? અમેરિકન જર્નાલિસ્ટ હોત તો હજાર સવાલો પૂછી એ સુંદર ઘડીનું સત્યાનાશ વાળત. કલાપી જ્યાં રહેતા ત્યાં જ શોભનાને એ જ માનમરતબાથી રાખવામાં પ્રહ્લાદસિંહજીએ સુજનતા

બતાવી હતી. આવા પ્રસંગો વખતે કલ્પનાના ઘોડા કેવા બે-લગામ વિફરે છે. એના અનુભવની યાદ આપવાની જરૂર રહે છે ખરી?

આ વાત પછી જ્યારે બીજાઓને કરી ત્યારે ઘણા અદેખાઈથી અકળાતા હતા. હું મૉર્બિડ એમને આવતી અદેખાઈથી ફુલાતો હતો!

ત્યાં એક સાંજે પ્રો૦ મોહનલાલ પાર્વતીશંકર દવે આવી ચડ્યા, જરા મોડા. અને એમનો સામાન ખોવાયો. કેવળ સ્વાર્થે, પણ બહાર તો પરમાર્થીની લાગણીથી, એ શોધી લાવવાના કામમાં હું સ્વયંસેવક બની બહાર પડ્યો. ચાલુ પરિષદે પણ હું એકાએક એ શોધમાં પહેલો થયો, એ જોઈ ચન્દ્રકાન્ત તો અંજાઈ જ ગયો. ચાંદની રાત હતી. મોટરમાં ઉતારે ઉતારે રખડી એના બિસ્તરની શોધ કરી પત્તો મેળવ્યો, પણ પછી એક ઉતારા સાથે સંકળાએલા એક બાગમાં મારા હૃદયમાં પ્રેમના અંકુરો ફૂટતા હતા. એ વિષે જ્યારે મેં ચન્દ્રકાન્તને વાત કરી ત્યારે એ બોલ્યો, 'હવે સમજાયું. તમે સ્વયંસેવક શાના, આ તો પ્રેમસેવક બનીને દોડ્યા હતા!'

પરિષદનો પંખીમેળો વિખરાઈ ગયો, અને અમે સૌથી વહેલા ગએલા તે લાઠી ઠાકોરના આગ્રહને વશ થઈ સૌથી છેલ્લા નીકળ્યા. ઠાકોરને સાહિત્યમાં રસ, કંઈક લખે પણ ખરા, અને સાહિત્યના જાણકારોનું સારું આતિથ્ય કરે. એમના નાના ભાઈ મંગલસિહજી ચિત્રકળા ખીલવે. છેલ્લા બે ત્રણ દિવસ ખૂબ હરીફરી અમે કલાપીનગર લાઠીની કલા પીને ભાવભરી વિદાય લીધી.

સાહિત્યસંસદ તરફથી નરસૈંયો ભજવવાનું નક્કી કર્યું. આખી યોજના સંગીતમાં કરી. નૃત્ય, નાટક, રાસક જે કહો તે,—એવી તૈયારી શરૂ કરી. મુનશી સૂત્રધાર રહ્યા, એટલે એમને ત્યાં તૈયારી થવા માંડી. નરસૈંયાનો પાઠ મને આપવા એમણે બહુ આગ્રહ કર્યો. આ મારા ગજા બહારની વાત હતી. ઉપરાંત, નાચવામાં સાથે નટરાજ વશી અને બીજા જાણકારો પણ હતા. નરસૈંયાનાં ગીતો ગૂંથી રાસક જમાવ્યો. લીલાબહેન અને રમણિક સુખડિયાએ સંગીત યોજવું શરૂ કરી દીધું, મેં નાચવાનું શીખવાનાં ફાંફાં મારવા માંડ્યાં. બે સાંજ ઓપેરા હાઉસમાં પ્રયોગ ભજવાયો.

પછી તો એવી જાતના પ્રયોગો બહુ ચાલ્યા. આ અખતરો ખોટી દિશામાં હતો. ગીત ગાનારા ગાય, નાચનારા નાચે, અને બજવૈયા બજાવે, એ ત્રિવેણીસંયોગ સધાવો મહામુશ્કેલ છે. એમાં નૃત્યશૈલીનો ઘણીવાર ઠીક ખીચડો થઈ જાય છે. નાટકનો આત્મા રૂંધાય છે, અભિનય મુદ્રાની ભૂલભુલામણીમાં ભૂલો પડી જાય છે. એ નૃત્યપ્રયોગ ખરો, નાટક નહિ.

હું એમાં આડે માર્ગે ચડ્યો. વર્ષો પહેલાં કનુ દેસાઈએ જે ભૂલ કરી હતી, તે મેં કરી. વગર શક્તિએ, વગર તાલીમે, વગર શરીરે, હું નાચ્યો. ઘણાએ તારીફ કરી; છાંપાંવાળાઓએ વખાણ કર્યાં; મૂરખા!

હા, કેટલાક પ્રસંગો ઠીક જામતા હતા. ગીતો અનુરૂપ રાગમાં બેઠાં હતાં. ઉપરાંત સુંદરજી બેટાઈ, ભાનુશંકર વ્યાસ, જમુ દાણી, ધનસુખલાલ મહેતા, જ્યોતીન્દ્ર દવે જેવા સાથીદારો તુલસીક્યારામાં હરિજન થઈ બેઠા હતા, એ લ્હાવો હતો. સારા પ્રમાણમાં નૃત્યની જાણકાર છોકરીઓ એમાં ઊતરી હતી. મુનશીએ પોતાની બે દીકરીઓને એમાં ઉતારી. નાનો દીકરો ગિરીશ નરસૈંનો પુત્ર શામળશા થયો હતો. વીણા મલ્હોત્રા દીકરી કુંવરબાઈ થઈ હતી. એક સરસ મેરૂબંધી ત્યારે જામી હતી, એ મહત્ત્વની વાત હતી.

આમ તો હું નરસૈંયો બન્યો હતો—સંસાર છોડી, વૈરાગી બની, 'અખિલ બ્રહ્માંડમાં એક તું, એક તું,' એમ હરિ હરિ રટણ કરતો હતો; પણ ભીતરમાં, પરદા પાછળ, બીજી જ રટણા ચાલી રહી હતી. ભક્તિમાર્ગને બદલે પ્રેમપદારથ પામવા વલખતો હતો.

એ પ્રયોગને બીજે જ દિવસે હું માંદો પડ્યો. પ્રયોગ પહેલાં મહિનો માસ, અને પ્રયોગ પછી બેત્રણ મહિના મુનશીએ પોતાને ત્યાં મહેમાન તરીકે રાખ્યો, કાળજીભરી દેખભાળ રાખી, એ દરમ્યાન એમની સામે નિકટમાં આવવાનો લાભ મળ્યો તે જુદો. મુનશી દંપતીએ ત્યારે મારા પર દાખવેલી મીઠી મમતાનો બદલો તો હું કેમ જ વાળી શકવાનો હતો?

આ જ ગાળામાં એક દિવસ બચુભાઈ (એટલેકે વિલોચન ધ્રુવ) સાથે આબુનો ડુંગરો ખૂંદવા ઊપડી ગયા. દેલવાડાનાં મંદિરો જોયાં, સુંદર સૂર્યાસ્ત પણ નિહાળ્યા. ઘણી ચડઊતર કરી, ત્યાં અનેક જાતની વાતજાળે વીંટળાતા નખી તળાવની પાળે પ્રેમનું પારાયણ માંડી બેઠા. એ ઠરેલ, ઓછાબોલા મિત્રે એક વાક્બાણ માર્યું: 'તમે તમારા સુખનો આધાર બીજા પર રાખી બેસો છો, ત્યાં સુધી કદી સુખી થવાના નથી.' વાત નાની હતી, સાદી ને સીધી હતી, પણ હકીકત હતી. એ ઉમરે નાના દોસ્તના ઘણીવાર મેં ટપલા ખાધા છે, અને તે દિવસે પણ એમણે ઘણી કડવી સુણાવી દીધી.

અમે રહેતા હતા ત્યાં બાજુમાં એક બીજું કુટુંબ આવી રહ્યું. એ જરા ઓળખાણનું નીકળ્યું. અને નહિ તોય ત્યાં ડુંગર પર ઓળખાણ વધતાં વાર શી? એમાંના એક જુવાન ભાઈ અમારી સાથે ઠીકઠીક ભળ્યા. અમે તો વળી રસોઈ પણ હાથે પકાવતા, ને મઝા કરતા.

એ નવજુવાનને એના મોટા ભાઈ હવાફેર કરતાં વધુ તો મનફેર કરવા લઈ આવ્યા હતા. વાત એમ હતી કે એ ભાઈ પ્રેમમાં પડ્યા હતા! પ્રિયતમા એને મળતી ખરી, પણ પરણવા ના પાડતી; કારણ એ માનતી કે એનો પોતે માનેલો વર તો આકાશમાંનો ચન્દ્ર છે, અને કો'ક દિવસ એ આવશે અને એને લઈ જશે! કિસ્સો રસિક હતો, અને વિલોચન તથા હું એને ફરવા લઈ જઈ વાતે વળગાડી એની ગૂંચનો ઉકેલ લાવવા મથતા. એણે માનેલી પ્રિયતમા પૂનમ આવતાં તો બહાવરી બનતી, ચંદ્રદેવની પૂજા કરતી, ને આ ભાઈ સાથે સહચાર રાખતી. ભાઈ સ્વભાવે શીતલ, પ્રેમમાં આંધળા, પ્રિયતમા વિના બીજા કશામાં રસ નહોતા લેતા. એને દેવી માની પૂજા કરતા, બધું એને સમર્પણ કરી એની લગનીમાં જ રચ્યા પચ્યા રહેતા.

પહેલાં તો આ હકીકત મારા મગજમાં ઊતરે જ નહિ. પણ વિલોચનનું વાચન સારું. એટલે આગળ ઉપર એણે રૉબર્ટ બ્રીફોલ્ટનું 'મધર' નામનું, ત્રણ ભાગમાં હજારો પાનાંનું એક જબરદસ્ત થોથું બતાવ્યું એમાં આવા તો શું પણ આથી યે વિચિત્ર ને છક કરી નાખે એવા કંઈક ઐતિહાસિક કિસ્સા નોંધાએલા બતાવ્યા. પેલા ભાઈને અમે વાત પડતી મૂકવા, અને નવા જ કામે ચડવા બહુ સમજાવ્યા, પણ જ્યારે કહીએ ત્યારે આંખમાંથી દડદડ આંસુ જ પડે! એની દયાજનક સ્થિતિ જોતાં અંતે અમે યે વાત પડતી મૂકી.

પાછા એકલા પડતાં વિલોચન અને હું સુખના આધાર વિષે ચર્ચાએ ચડતા. સુખ પોતાના અંતરમાંથી જ મળી શકે એ જાણવા છતાં એને શોધવાનાં વલખાં મારતા. પેલા ભાઈના જેવા કંઈક કિસ્સાઓની તારવણી કરી, પ્રેમમાં સુખ છે કે દુઃખ એની સારવણીમાં પડતા.

પણ તમે કહેશો કે આ શી પારકી પંચાત? પેલા કલાપીનગરમાં પ્રેમના અંકુરો ફૂટ્યા હતા એનું શું? તારી વાત કરને? અમસ્થાં ટાહ્યલાં કૂટ્યા કરે છે તે? ખરું. મારી વાત તમારે જાણવી છે? જાણીને શું કરશો? દુનિયાભરમાં પ્રેમપીડાની વાત બધે જ એકસરખી હોય છે, એમાં નવું શું મારે કહેવાનું છે? અને કહું તો પણ આવા એક ચોપડામાં પૂરી પણ થાય ખરી? એનો તો પળેપળનો

ઇતિહાસ જુદો. એક પળ એટલે કોઈ વાર એક યુગ, અને કોઈ વાર એક યુગ એટલે એક પળ સમાન લાગે. એવી અસંખ્ય પળોનો હિસાબ લખતાં તો પાર પણ ન આવે.

હા, મેં પ્રેમ માણ્યો છે. એને લઈને તરફડાટો અનુભવ્યા છે. તાલાવેલી, અધીરાઈ, વેદનાના અનુભવો વેઠ્યા છે. કલાકોની ઇંતેજારી સેવી છે, ખાવાનું ભૂલ્યો છું, કામધંધો ભૂલ્યો છું, માથે આવેલી ફરજો ચૂક્યો છું; જુઠું બોલ્યો છું. કોઇને થાપ આપી છે, રાતના ઉજાગરા કીધા છે; રખડ્યો છું, રિબાયો છું, રિસાયો છું, રિઝાયો છું, કોઈની રીસ બીજા પર કાઢી છે; વિહ્વળ થઇ વલોપાત કીધા છે, વલખાં માર્યાં છે; એકલો તેમજ ઘણાંની આગળ રડયો છું. નહિ કહેવાનું કહ્યું છે, અતિશયોક્તિનો આશરો લીધો છે; માન ગુમાવ્યું છે, અપમાન સહ્યાં છે; સાચી સલાહ માની નથી, બીજાને ભારરૂપ બન્યો છું, કંઇક મિત્રોની સ્થિતિ કઢંગી કરી છે (ને એમણે મોટા દિલે તે માટે માફી પણ બક્ષી છે); કવિતાનો આશરો લીધો છે, લાંબાલાંબા પત્રો લખ્યા છે, લખીને ફાડયા પણ છે; પેટ ચોળીને શૂળ ઊભી કીધી છે, નાના દુઃખને ડુંગર સમાન માન્યું છે; ઊંઘમાં લવારા કર્યાં છે, અપવાસ કરવાના ઢોંગધતૂરા આદર્યા છે, દિવસો સુધી શૂનમૂન બની ફર્યો છું. એ ચોટ જ કોઇ અજબ છે. એનો ખુમાર, એની મસ્તી માણસને કંઈક લાલપીળાં બતાવી ઘેલો કરી મૂકે છે. જ્યાં કંઈ ન હોય ત્યાં અવનવું દેખતો કરી દે છે. માણસ ક્યારેક રાતાંપીળાં દેખી આંધળિયાં પણ કરી નાખે છે. એ બીમારી છે, એની કોઇ દવા નથી. એ ભૂરકી છે, એનો કોઇ ઉતાર નથી.

લાંબા ગાળાની પ્રેમોપાસના એ કંઈ મજાકની વાત નથી. હા, બીજાઓ ઉપાસકની મજાક કરે,—એની પીઠ પાછળ તો કરે જ, એ એની કારુણિકા છે. એવી મજાક પણ મેં સહી છે; સહેવી પડે. બીજી વાત: એમાં ખાસ્સી ફુરસદની જરૂર છે. પ્રેમનો કાંટો વાગતાં ઘડિયાળના કાંટા તરત જ પોતાની ચાલ બદલે છે. ગમે ત્યારે બાર વગાડી દે છે! મોટા પાયાની અને લાંબી પ્રેમોપાસનામાં સારાં જેવાં સાધનોની પણ જરૂર પડે છે. થોડી દોલતની બરબાદી કરવાની પણ છાતી જોઇએ. પ્રેમની ધૂનમાં એ છાતી ખીલી તો જાય છે જ. ફુરસદ અને સાધનો હોય તો પછી ઉપાસનામાં વિવિધ અને રોમાંચક રંગો પુરાય છે. સંસારની આપણી વિચિત્ર ઘટમાળમાં છાતીની એવી કપરી કસરત જરૂરની તો છે જ. એ મીઠો કે કડવો, યા મીઠો-કડવો, યા કડવો-મીઠો અનુભવ થોડા યા મોટા પ્રમાણમાં સૌસૌના ગજા પ્રમાણે આવશ્યક પણ છે. એ રંગમાં રંગાયા વિના રાગ-વિરાગના ભેદ સમજાતા નથી. પછી તો 'સંસાર શું સરસા રહીને મન મારી પાસ' રાખવાનો નરસૈંયાનો કીમિયો સહેજે હાથ લાગી જાય છે. અનુભવોને પરિણામે મને એવો કીમિયો હાથ લાગ્યો છે એમ હું કહું તો તમે નહિ માનો, એટલે એમ કહેતાં અચકાઉં છું.

એ 'પંથે પાવકની જ્વાળા' છે, પણ 'એમાં પડેલા જ મહાસુખ માણે છે', એમ કવિએ તો કહ્યું છે. પણ એમ 'પ્રેમ પદારથ પામવો' ત્યારે એટલો સહેલો પણ નથી, એ યે એટલું જ સાચું છે.

પ્રેમનાં આ પડળ ચડયાં હતાં ત્યારે વિલાસ પળભર પણ સાંભરતી નહોતી; સંભારવી યે નહોતી. છતાં અચાનક મળી જતાં એને મેં એ લગનીની વાત કહી હતી. સામે પક્ષે એણે પણ એને પોતાને લાગેલી લગનીની વાત મને કહી. જુઓ! લગની કયાંની કયાં લાગે છે અને લગન કયાંનાં કયાં લેવાય છે? વિચિત્ર છે વિધિનો યોગ! (ચાલુ)

['કુમાર'ની કારકિર્દીમાં અત્યંત લોકપ્રિય થએલી લેખમાળાઓ પૈકીની એક આ આપકથા આવતા વર્ષે પણ હજી ચાલુ રહે છે.]



રાણી રૂપમતિની મસ્જિદ

અમદાવાદની થોડી સર્વાંગસુંદર મસ્જિદોમાં આ મસ્જિદની ગણતરી થાય છે. ઈ. ૧૮૫૧માં આ મસ્જિદ એક ટેકરા ઉપર હોય એવી લાગતી હતી અને એની આસપાસ ૪૪૩૮ ચોરસવાર જમીન હતી જે પાછળથી ઘટી ૨૩૭૯ ચો.વા. થઇ હતી. ગઇ સદીની મધ્યમાં આસપાસ સીતાફળ વગેરેનાં ઝાડ હતાં. મિનારા ભાગ્યાતૂટયા પણ હતા ખરા, એટલે ૧૮૧૯ના ધરતીકંપમાં એ પડયા નહિ હોય એમ અનુમાન થઇ શકે. અહીં જમીન પણ ખાડાટેકરાવાળી હતી. ઈ. સ. ૧૮૩૨માં અમદાવાદના કલેક્ટર મિ. વાઇબર્ટે આ મસ્જિદમાં વાઘ માર્યો હતો, એટલે આજના મિરઝાપુર લત્તાની એ વખતે કેવી સ્થિતિ હશે તે કલ્પી શકાશે. કહે છે કે આ મસ્જિદમાં બેસી રહેતા એક ફકીરને એ વાઘ કાંઈ હરકત કરતો નહોતો.


આ મસ્જિદ એના નામ પ્રમાણે ખરેખર રૂપવતી છે. આ 'રૂપવતી' કે 'રૂપમતી' કે 'રૂપમંજરી' કોણ હતી? મસ્જિદમાં તેને માટે કશો લેખ નથી, એટલે વિવેચકો એ માટે એકમત થતા નથી. પરંતુ ગુજરાતના મુસલમાન ઇતિહાસમાં માત્ર એક જ રૂપમંજરી નામની રાણી થઈ છે. એને રૂપમતી કહે છે. ડૉ. બર્ગેસ એક તવારીખના ઉલ્લેખ ઉપરથી રૂપમંજરી રાણીની કબર માણેકચોકમાં રાણીના હજીરામાં હોવાનું માને છે, અને તેથી આ રૂપમતી કોઈ બીજી હશે એમ ધારે છે. પણ એમ ધારવાને કાંઈ કારણ નથી. આ મસ્જિદની બાજુમાં એક રોજો છે તેમાં રૂપમતીની પોતાની કબર છે કે કેમ તે પણ લેખ વગર કહી શકવું મુશ્કેલ છે. પરંતુ રિવાજ પ્રમાણે તો એની જ કબર હોવી જોઈએ. હોપ અને ગેઝેટીઅરના લેખક આ મસ્જિદને અહમદશાહના સમયમાં મૂકે છે, પરંતુ બાંધણી ઉપરથી એ મહમૂદ બેગડાના સમયની છે એમાં તો કશી શંકા જ નથી.

રાણી રૂપવતીનું નામ તવારીખમાં રૂપમંજરી છે. એ સુલતાન અહમદશાહના પુત્ર મુહમ્મદશાહના પુત્ર કુતુબુદ્દીન અહમદશાહ બીજાની રાણી હતી. એ સ્વરૂપવતી ઉપરાંત ખૂબ હોશિયાર હતી. સુલતાન મહમૂદ બેગડો કુતુબુદ્દીનનો સાવકો ભાઈ થતો હતો; એટલે પોતાની પછી એ મહમૂદને ગાદી મળવાની છે અને તે માટે સંતશિરોમણિ શાહઆલમ સાહેબનો એને આશીર્વાદ છે એમ જાણ્યાથી કુતુબુદ્દીને મહમૂદને પકડીને મારી નાખવાનો ખૂબ પ્રયત્ન કરેલો. એ માટે શાહઆલમ સાહેબે એને કેવી રીતે બચાવેલો તેની ચમત્કારિક વાતો તવારીખમાં લખેલી છે. એક વાર સુલતાને રૂપમંજરીને કહ્યું કે શાહઆલમ એ છોકરાને સંતાડીને રાખે છે, માટે તું દાસીઓ સાથે જનાનામાં જઇને પણ એને પકડી લાવ. રાણી સંતના મુકામે ગઇ. મહમૂદ એ વખતે નાનો છોકરો હતો. રાણીએ એને શોધી કાઢીને હાથ પકડીને ખેંચવા માંડયો. આ ફરિયાદ શાહઆલમ સાહેબ પાસે ગઈ, ત્યારે એ બોલ્યા કે 'ફિકર નહિ; આજ એ તારો હાથ ખેંચે છે, પણ એક દિવસ તું એનો હાથ ખેંચીશ!' રાણી આ

પોતાની કલાત્મક માંડણી, બારીક કોતરણી અને હિંદુ-મુસ્લિમ તત્ત્વોના ચાતુરીભર્યા સુમેળને કારણે ભારતભરમાં વિશિષ્ટ રૂપ ધરાવતા ગુજરાતના મુસ્લિમ સ્થાપત્ય ઉપરની લેખમાળા* [૩]


લેખક · રત્નમણિરાવ ભીમરાવ બી.એ.

વાક્યનો ભાવાર્થ સમજી ગઈ અને શરમાઇને જતી રહી. પાછળથી કુતુબુદ્દીનના મરણ પછી રૂપમંજરીને મહમૂદ બેગડો પરણ્યો અને એ રીતે સંતની વાણી સાચી પડી! આ રાણી તથા તેનો પુત્ર બંને મહમૂદની હયાતીમાં જ મરણ પામ્યાં; એટલે આટલી લાગવગવાળી, રૂપાળી અને માનીતી રાણીની મસ્જિદ એ સુલતાન સારી રીતે બંધાવે એમાં કાંઈ આશ્ચર્ય નથી. મસ્જિદોની બાંધણીની પદ્ધતિ ઉપરથી એ બંધાયાનો સમય જાણી શકાય છે. એ રીતે આ મસ્જિદ મહમૂદ બેગડાના સમયના પૂર્વાર્ધના વચ્ચેના સમયમાં બંધાઈ છે.



મસ્જિદનું માપ બહારથી ૧૦૩×૪૬ ફૂટ છે અને અંદરથી ૯૩¼×૩૬½ ફૂટ છે. મોટા ઘુંમટના અષ્ટકોણનો વ્યાસ ૧૯ ફૂટ છે. વચલો ભાગ ઊંચો લીધેલો છે. વિખ્યાત કલાવિવેચક પર્સી બ્રાઉન આ મસ્જિદની રચનાને ખાસ જુદી ગણતા નથી, પરંતુ આખી યે મસ્જિદનો દેખાવ અને ઝરૂખા જોતાં આ મસ્જિદ અમદાવાદની સુંદર મસ્જિદોમાં ગણાય એવી છે. પાસેનો રોઝો ૪૦ ફૂટના ચોરસનો છે. રાણી સિપ્રીની પેઠે આનો ઘુંમટ ઊંચો નથી લીધો તેથી સારો લાગે છે. આ મસ્જિદની લાકડામાં કોરેલી નાની નકલ રૂ. ૮૦૦ના ખર્ચે એક ફૂટે અરધા ઇંચના પરિમાણથી મિ. જૅકસને કરાવેલી તે આજે કેઇપ ઑવ ગુડ હોપમાં છે. એની કોતરણી ઉત્તમ છે. [જેની બેનમૂન કોતરેલી જાળીઓ દુનિયાભરમાં વખાણ પામી છે તે સીદી સૈયદની મસ્જિદની વાત એ અદ્વિતીય જાળીઓનાં ચિત્રો સાથે આવતે મહિને.]

પાછળ લેખના મથાળે મસ્જિદનું આખું ચિત્ર, જમણી બાજુ તેના એક મિનારાનો થોડો ભાગ, અને ડાબી બાજુ એ જ મિનારામાંના નીચલા ગોખમાંની કોતરણી દર્શાવતાં આ ત્રણે ચિત્રો ગુજરાતની શોભન-માંડણી અને કોતરણીનો કાંઇક ખ્યાલ આપી રહે છે.



*ગયા સપ્ટેમ્બરમાં અમદાવાદની 'ગુજરાત સાહિત્ય સભા' તરફથી યોજાએલી સ્થાપત્યયાત્રા પ્રસંગે અપાએલાં વ્યાખ્યાનોપૈકીનું ત્રીજું.

કલાચાર્ય અવનીન્દ્રનાથ ઠાકુરની આત્મકથા જોડાસાંકોર ધારે

૧૨ દખણાદો વરંડો

શ્રીમતી રાણી ચંદના બંગાળી ઉપરથી અનુવાદક **રમણિક મેઘાણી**

જોડાસાંકોના મકાનમાં પહેલા માળનો દખણાદો વરંડો અમારો પેઢીઉતાર 'આમ-દરબાર' ગણાતો આવ્યો છે. એ વિશાળ વરંડો મકાનને એક ખૂણેથી બીજે ખૂણે પહોંચતો હતો. એના પ્રત્યેક વચગાળામાં એકએક જણને બેસવા માટે પાટ બિછાવેલી રહેતી;–એવી તોતીંગ કે એને ખસેવવા કરવાની હામ આપણા રામમાં નહોતી. એમાં એક ઈશ્વરબાબુની, એક નવીનબાબુની, એક કાલાચાંદબાબુની,એક અક્ષયબાબુની,એક વૈકુંઠબાબુની, એક નગેનબાબુની, એક મોટા ફૂવાની, એક નાના ફૂવાની, એક બાપુજીની. બન્ને બાજુએ હારબંધ પાટો પડી રહેતી. એ સૌ નિરનિરાળા વ્યક્તિત્વના સ્વામી હતા. આમાંના ઘણા બહારના હોવા છતાં જોડાસાંકોના તદ્દન ઘરના જેવા જ હતા. બાપુજીએ પાળેલો કાકાકૌવા પણ આ સૌ સભાસદોમાંનો એક જ હોય તેમ પોતાનું સ્થાન શોધીને બેસતો. સવાર-સાંજ ચર્ચાનું ચોગાન એ વરંડો જ રહેતું. હોકા ભરી કરીને નોકરો ત્યાં મૂકી જતા. કચેરીનું કામકાજ પણ ત્યાં થતું. દિવાન આવતા, મોટેરાઓ આવતા, પરિષદ જામતી. ગીતો, વાતો ને હાસ્ય, કેટકેટલું યે ત્યાં થતું. ઇશ્વરબાબુ ને નવીનબાબુ પોતપોતાને સ્થાને બેઠા હોકો ગગડાવતા હોય, બાપુજી આરામખુરશી પર બેઠાબેઠા ખોળામાં ડ્રૉઇંગ બોર્ડ રાખી નકશાઓ દોરતા હોય, એવું ઘણી વાર જોયું છે. વરંડામાં જોટા થાંભલાની હારમાળા; એના વચગાળામાં ઠીકઠીક જગ્યા; ઊગમણે મોટો ચોક; અને પશ્ચમાદો પણ એવો જ એક સિત્તેર-એંશી ફૂટ લાંબો-પહોળો ચોક.

ઈશ્વરબાબુ રોજ સવારે લાકડી ઠકઠક કરતા આવે. હાથમાં રૂમાલમાં થોડીક તાજી કાચી કેરીઓ હોય, ક્યારેક કંઈક બીજું. બજારમાં ઋતુઋતુની જે નવીનતા આવે એ એમણે લાવવાની આવું એમને બાપુજીનું સૂચન હતું. ઑફિસે જવાનું થાય ત્યાં સુધી એ વરંડામાં જ સૌની બેઠક રહેતી. તે પછી એ જગ્યા ખાલી થઈ જતી. સૌ પોતપોતાને ઘેર ચાલ્યા જતા, બાપુજી ઊઠીને પોતાનાં કામકાજમાં પરોવાતા, વિશ્વેશ્વર હોકો વગેરે ઉપાડી લેતો, ને પછી ત્યાં અમે બાળકો પ્રવેશતાં. ક્યારેક નવીનબાબુ તે વખતે પણ બેઠા હોય. અને તો અમે તેમને કહેતા કે અમને ફૅન્સી ફેરમાં લઈ જવા પડશે, ઈડન ગાર્ડનમાં ફેરવી લાવવા પડશે. અમારી આ અરજી બાપુજી પાસે રજૂ થતી, ને એમની મંજૂરી મળતાં અમારું ધાર્યું થતું.

પૂજા-(નવરાત્રિના તહેવારોમાં) એ વરંડામાં ભાતભાતની ભીડ જામતી.ચીના લોકો આવતા ને નવાં બુટ-જોડાનાં માપ અપાતાં.અમને સૌને ત્યારે ત્યાં બોલાવાતા. છાપાના કાગળની ઘડી કરી,તેની પાતળી 'ટેપ' જેવું બનાવી તેનાંથી એ ચીનાઓ અમારા પગનું માપ લેતા. હજુ યે એમનાં આંગળાં નજર સામે તરવરે છે. દરજી આવતો ને ઈશ્વરબાબુનો સાદ સંભળાતો કે 'અરે એ... ઓસ્તાગર આવ્યો છે; આવો આવો ભાઈ સૌ. માપ આપવા મંડો.' અને કપડાની ફૂટપટ્ટી લઇ દૂંદાળો દરજી ઊભો છે, એણે ધોળું પહેરણ ને ઊંચી દિવાલની શંકુ આકારની ટોપી પહેરી છે. એ અમને પૂતળાંની જેમ ચારે બાજુ ફેરવીફેરવીને માપ લેતો ને વિદાય કરતો. તે પછી ઈશ્વરબાબુ પોતે ઊઠીને તેની પાસે ઊભા રહેતા ને કહેતા કે લે, હવે મારું પણ માપ લઇ લે. એક ઝબ્બો-પૂજા આવે છે. આમ કહી એ બાપુજી તરફ જોતા.બીજી બાજુ બડાબઝારનો પંજાબી શાલવાળો ભાતભાતનાં જરીનાં ફૂલવાળું કાપડ ને કિનખાબનું પોટકું છોડીને બેઠો હોય. બાપુજીની પસંદગી મુજબનું કાપડ લેવાઇ જતાં જ નવીનબાબુ કહેતા, 'બાપા, હવે અમારા નલિન માટે પણ એક અંગરખું ભેળાભેળું થઇ જવા દો.'

અત્તરિયો પણ આવીને ઊભો હોય. એનું નામ હતું ગૅબ્રિયલ સાહેબ. અમે બાળકો એને ગિબ્રેલ સાહેબ કહેતા. એ ખરો યહૂદી હતો. જાણે શેક્સપિયરના મર્ચન્ટ ઑવ વેનીસનો શાઇલૉક જીવતો થઇને જોડાસાંકોના મકાનમાં ઈસ્તમ્બુલનું અત્તર વેચવા ઊતરી આવ્યો હોય તેવું લાગતું. બરાબર તેવો જ ચહેરો અને તેવો જ પહેરવેશ. વધુપડતું પહોળું—ઢીલું અચકન અને એના ઉપર બાંહ્ય વિનાનું જાકીટ. ઝીણાંઝીણાં હારબંધ બટન એના ઉપર ઝગમગ કરતાં. ઔરંગઝેબના ચિત્રમાં એવાં જ બટન મેં ચીતર્યાં છે. એ અત્તર વેચવા આવતાં જ ઈશ્વરબાબુ, અક્ષયબાબુ વગેરે સળી ઉપર રૂ વીંટાળી 'જોઇએ કેવુંક છે અત્તર' કહી, તેને અત્તરવાળું કરી, પૂમડું કાનમાં ભરાવતા. પૂજા વખતે અમને નવાં કપડાં ને રેશમી રૂમાલ મળતાં, એ રૂમાલમાં રૂપિયા-પૈસા બાંધી અમે રમાનાથ ઠાકુરને ઘેર ભવાઈમાં ભાગ લેવા જતા એ વાત તમને નથી કહીને? કહીશ, કહીશ, બધું યે વારાફરતી કહીશ. નંદ ફરાશના પેલા જૂના ભંડારિયાની જેમ મન આગળપાછળની વાતોમાં ફરતું ફરે છે. કેટલા યે જમાનાની કેટકેટલી વસ્તુઓ ભરેલું એ ઘર છે. સાજી ને ભાંગીતૂટી, નજીવી ને કિંમતી, કેટલી યે ચીજો એમાં ઠાંસી છે. લેવાય એટલું લઈ જાઓ આ વેળા, જેથી હું યે હળવો થઇને નિરાંતે જીવી શકું. હા, એ રેશમી રૂમાલ એ ગિબ્રેલ સાહેબ જ લાવી આપતા. તે ઉપરાંત અમને સૌને ભેટ મળતી અત્તરની ઝીણીઝીણી શીશીઓ.

ભાતભાતના માણસો આવતા ને ભાતભાતની વાતો થતી એ વરંડામાં. એક વેળા વિલાયતથી માઇક્રોસ્કોપ (સૂક્ષ્મદર્શક યંત્ર) આવ્યું. પેટી ખોલાતી હતી. કોણ જાણે કેવા યે ઘાસથી એમણે પેટી પૅક કરી હતી, કે પેટી ઉઘાડતાં વરંડો આખો મહેકમહેકી ઊઠયો! 'શું ઘાસ છે આ કાંઈ!' કહેતાં એ વરંડામાં હતા તેટલા સૌએ થોડુંથોડું લઇને એ ઘાસ પોતાના ગજવામાં નાખ્યું. થોડુંક ઘાસ મકાનની અંદર પણ સૌને પહોંચી ગયું. 'છોકરીઓને માથું ધોવાનો મસાલો થશે!' માઇક્રોસ્કોપ તો એક બાજુએ પડી રહ્યું ને ઘાસની જ વાહ વાહ થઇ રહી! થોડી વારમાં તો બધું ઘાસ ક્યાં યે ઊડી ગયું. મેં પણ દોથો ભરીને લીધેલું. ઘણા દિવસ સુધી એ ખિસ્સામાં રહેલું. વારંવાર હાથની મુઠ્ઠીમાં લઈ સૂંઘતો ને મઝા માણતો.

તે પછી એક વાર અમારા એ વરંડામાં કાચું માંસ ખાનારો એક રાક્ષસ–અઘોરી આવ્યો. સવારથી જદુ માસ્તર એના કામકાજમાં હતા. એને જોવા અમને સૌને આમંત્રણ આપી ગયા: જોવો હોય એ સૌ આવજો. 'રાક્ષસ આવ્યો છે રાક્ષસ' કહેતા અમે સૌ મોટાં છોકરાં ત્યાં ભેગાં થઈ ગયાં. બા અને ફઈબાઓ બારીનાં ખડખડિયાં વાટે એને જોતાં હતાં. બાળકબુઢ્ઢા સૌને સરખું કુતૂહલ હતું. રાવણની વાર્તા વાંચેલી. એ જ દેશનો રાક્ષસ જોવાનું મન પણ થાય અને સાથે બીક પણ લાગે. 'આવે છે–આવે છે–આ આવ્યો' એવો શોર મચી ગયો હતો ચારે બાજુ. બાપુજીનાં પાળેલા સસલાં વરંડામાં ફરતાં હતાં તેને જોઇ કેદાર'દા બરાડી ઊઠયા: 'આ સસલાંઓને જલદી પેલી બાજુ લઇ જાઓ, પેલી બાજુ; નહિ તો રાક્ષસ એને ચાવી જ જશે.'

એ સાંભળી અમે વધુ ભયભીત થએલા. કોણ જાણે શું યે થશે! થોડી વારે રાક્ષસ આવ્યો પણ એ તો માણસ હતો, વિશ્વેશ્વર જેવો જ! દેખાવમાં દૂબળો પાતળો, સાદોસીધો, સારા માણસ જેવો જ એ દેખાતો હતો. એને જોઇ અમે એકદમ હતાશ બની ગયા. નોકરો મોટા એવા એક થાળમાં રસોડામાંથી ઠીકઠીક પ્રમાણમાં કાચું માંસ કાપીને લાવ્યા. એની સામે એ મૂકતાં, તેમાં થોડુંક મીઠું ભભરાવીને હપહપ કરતાં થોડીક જ વારમાં આખો થાળ એ ચટ્ટ કરી ગયો ને ઠરાવેલી રકમ ખિસે ઘાલીને ચાલ્યો ગયો!

એ જમાનાનાં નાનાંમોટાં સૌની કંઇ ને કંઈ ખાસિયત હતી. અક્ષયબાબુ ફિટફાટ બાબુ બનીને આવતા. એની તો ઘણી વાતો થઈ ગઈ છે. એ વખતે ફૅશન નીકળેલી છાતીએ ચપોચપ અને અક્કડ ઈસ્ત્રીદાર શર્ટ પહેરવાની. એવું શર્ટ પહેરીને અક્ષયબાબુ આવેલા. એમનો વાન શામળો હતો. બાબરિયા વાળ, મૂછ વળ દીધેલી ને હાથે વીંટી. ક્યારેક ગીતો પણ ગાતા. એમનું ગળું બહુ મીઠું હતું. ગીતો તો યાદ નથી, પણ એમનાં રાગરાગિણીઓના સૂર હજુ આજે યે કાનમાં ગુંજે છે. બાકી ત્યારે તો હું હતો યે કેવડોક, માંડ છ સાત વર્ષનો હોઇશ. હં; એ અક્ષયબાબુ નવી ઢબના કડક પૅલેટનું શર્ટ પહેરી પાટ પર બેઠા છે ને મેં એમની પાસે જઈ છાતી પરના કડક ઈસ્ત્રીદાર પૅલેટ ઉપર હાથ ફેરવતાં ફેરવતાં કહ્યું કે, 'અક્ષયબાબુ આ તો ખડખડિયા બારી લગાવી હોય એવું લાગે છે!' મારું આ બોલવું ને સાથોસાથ બધાનું હો-હા કરતું હસવું, એ જોઇ હું તો કંઈ ભારે ગુનો કરી બેઠો હોઉં તેમ ત્યાંથી પોબારા જ ગણી ગયો. સાંજે ફરીથી એ ખડખડિયા બારીવાળી વાત ઉપર સૌને હસતા સાંભળેલા.

ચીનો દરજી એ પણ અનોખી ભાતનો હતો. તેથી જ હજુ યે યાદ આવતાં એનું ચિત્ર સ્પષ્ટપણે નજર સામે જોઈ શકાય છે. ઈશ્વરબાબુએ થોડીક ચીની ભાષા શીખવી હતી: 'ઇરેન દે પાગલા, ઓડેન દે પાગલા, કા સે!' એનો અર્થ કદાચ આવો હશે કે જોડા આ પગમાં યે પહેરાવ્યા ને પેલા પગમાં યે પહેરાવ્યા; પણ એક પગમાં કઠે છે. એ ચીનો દરજી આવતાં જ અમે એને ઘેરીવળીને આ ચીની ભાષા બોલતા ને એ હસતો. પહોળો ને ઢીલો પાયજામો અને કાળો ચાયના કોટ, એ હતો એનો પહેરવેશ. બરાબર એની જ નકલ કરીને હું 'આવું કામ હવે નહિ કરું' નામના પ્રહસનમાં ઊતર્યો હતો.

શ્રીકંઠબાબુ આવતા. એ વૃદ્ધનો ચહેરો આજે પણ મને બરાબર યાદ છે. પાકેલી કેરી જેવો વાન, માથે જરીની ટોપી. પાટ પર બેસી ગાતા: 'બ્રહ્માકૃપા હિ કેવલમ્' ને 'પુણ્યપુંજેન યદિ પ્રેમધન કોઽપિ લભેત.' અમે પણ બે હાથ ઉંચા કરીને ગાતા 'કોપિ લભેત કોપિ લભેત'! નાની એવી એક સિતાર એમની પાસે રહેતી. એ સિતાર વગાડતા અને અમને નચાવતા. નાનાં બાળકો એમને ખૂબ જ વહાલાં હતાં. મોટા દાદાજી સાથે એમને ગાઢ મૈત્રી હતી. એમને ત્યાં જતાં વચ્ચે થાક ખાવા છાતિમ વૃક્ષ નીચે બેસતા. સ્ટેશનેથી પાલખીમાં આવતા. વચ્ચે ત્યાં થોડો આરામ લઈ પછી સિંધીને ત્યાં જતા.

એ જમાનામાં વડિલોનું-ગુરુજનોનું કેવું માન હતું તે સાંભળો. એક વખત આમ-દરબાર ભરાયો હતો, ત્યાં ખબર આવ્યા કે પાથુર ઘાટાથી કાલીકૃષ્ણ ઠાકુર મળવા આવે છે. એ સાંભળતાં જ સૌ સ્તબ્ધ બની ગયાં! હોકા વગેરે ઝટપટ ઠેકાણે પાડી દેવાયા. બાપુજી ઘરમાં જઇને કપડાં બદલાવી કરીને તૈયાર થઈ ગયા. વડિલ આવે છે એટલે સૌ સારા સદ્‌ગૃહસ્થ જેવા બનીને એમની રાહ જોવા લાગ્યા. નાના બાળકની જેમ વડીલથી તેઓ દબાતા. વડિલો આવતાં તેમનું સન્માન કરવાની આ એક રીત ગણાતી. મોટા દાદાજી આવેલા એ વાત તો હું કહી ગયો છું ને?-દેવડીથી તે છેક ઉપર સુધી સાફસૂફી, રંગરોગાન ને સાજ-સજાવટ: જાણે ઘેર વરરાજા ન આવતા હોય!

જોડાસાંકોના ઘરના એ દક્ષિણ-વરંડાની આબોહવા કંઈ જુદી જ હતી. એ આબોહવામાં જ અમે નાનેથી મોટા થયા. આ મકાનની જેમ સામેના મકાનમાં પણ આવો જ દક્ષિણ-વરંડો હતો. ફઈબાને મોઢે સાંભળેલું કે ત્યાં સાંજ વેળા દાદાજીની મેહફિલ જામતી. અવારનવાર બેલફૂલ અને જૂઇની સૌરભે મકાન આખું મઘમઘી ઊઠતું. એ પછી મોટા બાપુજીના અમલમાં તેઓ ત્યાં બેસતા. કૃષ્ણકમલ ભટ્ટાચાર્ય અને બીજા મોટામોટા ફિલ્સૂફો આવતા. એક વાર 'સ્વપ્નપ્રયાણ'નું વાચન થવાનું હતું ત્યારે આ વરંડામાંથી બાપુજી વગેરે સૌ એ વરંડામાં પહોંચી ગએલા વચ્ચેવચ્ચે મોટા બાપુજીનું મુક્ત હાસ્ય સંભળાતું,-એવું કે એ આખી શેરીમાં સંભળાતું.

તે પછી અમારા સમયમાં-જ્યારે મકાનના દખણાદા વરંડામાં બેસવાની અમારી ઉમર થઈ ત્યારે-અમારી સાથે હતા મોતીબાબુ, અક્ષયબાબુ, ઈશ્વરબાબુ,—નવીનબાબુ-અને દાદાજીની વારીના એક વૃદ્ધ: કોક મુખુજ્જે કે એવું જ કંઈ નામ હતું. તેમની છબિ મેં ચીતરી છે. એમનો ચહેરો, ગીત, ગળાનો સૂર બધું જ મનમાં એવું ને એવું તાજું છે; માત્ર નામ વિસરાઈ ગયું છે. દાદાજીના દિવાનખાનામાં એ ગાતા. વચ્ચેવચ્ચે અમને સૌને પણ ગીતો સંભળાવતા. આ ત્રણ પેઢીના ત્રણચાર વૃદ્ધો સાથે અમે ત્રણે ભાઈઓએ મેહફિલ જમાવી હતી.

એ જ દક્ષિણાદા વરંડામાં, એ જ હોકા-નળીના સાજસરંજામ સાથે અમે બેસતા. બાપુજી જ્યાં બેસતા ત્યાં બેસીને મોટાભાઇ (ગગનેન્દ્રનાથ ઠાકુર) ચિત્રો ચીતરતા. તેમનાથી જરા દૂરના પૂર્વવચગાળામાં એક બાજુ હું બેસતો, ને મારા પછીની જગ્યાએ બેસતા સમર દા (સમરેન્દ્રનાથ ઠાકુર). અમારી બેઠકમાં પણ એ જ રીતે શાલવાળાઓ અને નવાનવા મિત્રો-દોસ્તો આવતા. સામેના બગીચામાં એ જ બધાં વૃક્ષો હતાં: દાદાજીએ હાથે વાવેલી નાળિયેરી ને ફણસ. બાપુજીએ શૉખથી તૈયાર કરાવેલા બગીચામાં એ જ ફુવારો ઊડતો હતો. એ જ ભાગવત માળી. બધું એ વરંડામાં બેઠાંબેઠાં દેખાતું. સાંજે પાકા બાંધેલા ગોળ ચબૂતરા ઉપર બેસું, કાચના પાત્ર વાળા હોકામાં એ જ ગુલાબ-પાંદડી ભેળવીને તમાકુ પીઉં. જમાનો બદલાયો હોવા છતાં જાણે પોતે બદલાયો ન હોય તેમ ત્રણ પેઢીની આબોહવા થોડીક થોડીક ત્યારે પણ એ દખણાદા વરંડામાં વહેતી હતી. ડ્રામૅટિક ક્લબનું શ્રાદ્ધ કરવાનું હતું. એ જ વરંડામાં ભોજન માટેનું લાંબું ટેબલ પથરાયું. લાંબો ડગલો પહેરેલો એ જ નવીન બબરચી અને એ જ વિશ્વેશ્વર દેખાયા. એ જ બધાં જૂનાં ઝુમ્મરબત્તી પેટાયાં, પ્લેટ-ગ્લાસ ગોઠવાયા. ત્રણ પેઢીનાં એ બધાં ગીતોના સૂર આવીને નવાંનવાં ગીતોના સૂર સાથે ભળવા લાગ્યા,-રવિકાકાનાં ગીતો સાથે, દ્વિજુબાબુનાં ગીતો સાથે ભળી ગયા.


અને એ પછીના વધુ આધુનિક કાળમાં જ્યારે અમે આર્ટિસ્ટ બની ગયા ને આર્ટ સોસાઍટીના સભ્ય બની ગયા તે દિવસોમાં મોટામોટા સાહેબ-સુબા, જજ મૅજિસ્ટ્રેટ ને લાટસાહેબો ઘેર આવતા ત્યારે નારંગીનું શરબત, પાન-તમાકુ, બેલફૂલ વગેરેથી એ દખણાદો વરંડો ઘમકી ઊઠતો. વરડાની બાજુના જ મોટા સ્ટુડિયોમાં બીનકારનું બીન મોડી રાતે થંભી જતું અને સૌ સ્તબ્ધ થઈ જતા. વળી જ્યારે ઘરમાં કોઇના વિવાહ હોય ત્યારે સામાજિક વ્યવહાર પણ ત્યાં જ ચાલતા. સ્ત્રી-વર્ગ થાળ સજાવતો અને ભેટ મોકલવાના થાળોથી એ લાંબો વરંડો આખો ભરચક થઇ જતો. (ચાલુ)

દૃષ્ટિની કરામત, ચશ્માના પ્રકાર અને આંખ વિશેની એવી બીજી અનુષંગી બાબતો સમજાવતો લેખ

દૃષ્ટિ

કાયાની કરામત-૨૭

લેખક · ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી



હવે આપણે દૃષ્ટિ વિષે વિગતવાર વિચારીએ. આપણી બન્ને આંખો એકબીજાથી આઘે, વચમાં એક આંખ સમાય એટલા અંતરે ગોઠવાએલી છે. આના લીધે એક જ વસ્તુ કે પદાર્થની છાપ બંને આંખોમાં થોડીશી જુદીજુદી પડે છે. પણ મગજમાં જતા નેત્રતંતુઓની રચના એવી છે કે જેને લીધે બંને છાપો એકબીજામાં ભળી જઇને આપણા મગજમાં એક જ ઘનરૂપ છાપ ખડી કરે છે.

મગજના પાછલા ભાગમાં આવેલા દૃષ્ટિ-કેન્દ્રમાં જતાં પહેલાં દરેક નેત્રપટના ડાબા અને જમણા અડધ ભાગના જ્ઞાનતંતુઓ સામસામા પડખા ભાગી ફંટાય છે; અને ઊર્મિ-મગજ(Thalamus) આગળ એકઠા થયા બાદ એક તંતુ રૂપે ડાબાજમણા દૃષ્ટિકેન્દ્રમાં જાય છે. બંને નેત્ર પટના જમણા અડધ ભાગના નેત્રતંતુઓ ઊર્મિ-મગજ આગળ એકઠા થયા બાદ જમણા દૃષ્ટિકેન્દ્રમાં જાય છે, અને ડાબા અડધ ભાગના નેત્રતંતુઓ આવી રીતે ડાબા દૃષ્ટિકેન્દ્રમાં જાય છે. આથી સ્પષ્ટ થશે કે એક નેત્રપટના દરેકે દરેક બિંદુનું અનુરૂપ-બિંદુ (Corresponding બિંદુ) બીજી આંખમાં પણ આવેલું હોય છે જ. આમ, આ અને નેત્રતંતુઓની મગજમાંની કરામતભરેલી રચનાને લીધે બંને આંખોના અનુરૂપ બિંદુઓ પર પડેલી છાપ દૃષ્ટિકેન્દ્રમાં એ જ બિંદુ ઉપર જાય છે. આથી બે નેત્રપટોમાં બે છાપો પડેલી હોવા છતાં યે એક જ છાપની સંવેદના પ્રગટ થાય છે. (જુઓ ચિત્ર)

જો પદાર્થની છાપ બે આંખોના અનુરૂપ-બિંદુઓ ઉપર ન પડે તો તેની બબ્બે છાપો જોવાય છે. જે પદાર્થ ઉપર દૃષ્ટિ કેન્દ્રિત થઇ હોય એ સિવાયના દૃષ્ટિક્ષેત્ર(Field of Vision)માં આવતા બીજા પદાર્થો બબ્બે દેખાય છે. સામાન્ય રીતે એક જ પદાર્થ ઉપર આપણું ધ્યાન એકાગ્ર થએલું હોવાથી બીજી છાપો તરફ આપણે લક્ષ્ય આપતા નથી. પણ જ્યારે બબ્બે છાપો દેખાય ત્યારે એ અસાધારણ સ્થિતિ ગણાય છે. ડોળાને હલનચલન કરાવતી માંસપેશીઓમાંની એકાદ જ્યારે અશક્ત કે ક્રિયાહીન બને ત્યારે બંને ડોળા એકીસાથે ફરતા નથી. એક આંખ પદાર્થ ઉપર બરાબર કેન્દ્રિત નહિ થવાથી બંને આંખોમાં પદાર્થની છાપ અનુરૂપ-બિંદુઓ ઉપર પડતી નથી. આમ થવાથી પદાર્થની બબ્બે છાપો દેખાય છે. આ સ્થિતિ સુધારવા માટે માંસપેશી પર શસ્ત્રક્રિયાની કે ખાસ જાતના ચશ્માંની જરૂર પડે છે.


બે છાપોની એક છાપ જોવા ઉપરાંત દૃષ્ટિમાં મગજ એક મહત્ત્વનો ભાગ ભજવે છે. દરેક આંખ થોડા જુદા ખૂણા પરથી જોતી હોઇ એમાં પડેલી છાપો પણ એકસરખી ન હોતાં એમાં જરા ફેર હોય છે. પણ આ હકીકત મગજ સ્વીકારી લઈ બે છાપોનું એકીકરણ કરીને જૂએ છે. આ દૃષ્ટિને (Stereoscopic Vision) ઘનચિત્રદૃષ્ટિ કહે છે.

ઉપર આપણે દૃષ્ટિક્ષેત્ર (Field of Vision) શબ્દ વાંચ્યો. એ દૃષ્ટિક્ષેત્ર એટલે શું? આંખ ફેરવ્યા વગર એકીવખતે બહારની દુનિયા જેટલી વિશાળતામાં દેખાય તે આપણું દૃષ્ટિક્ષેત્ર છે. એ દૃષ્ટિક્ષેત્ર જેમ વિશાળ તેમ એનાં વધારે પ્રમાણમાં દશ્યો દેખાય છે. એમાં પાસેના કરતાં આઘેના પદાર્થો નાના દેખાય છે અને માથું ફેરવ્યાથી આઘેની વસ્તુઓ પાસેની વસ્તુઓના સંબંધમાં ઊલટી દિશામાં ફરતી લાગે છે. ટ્રેનમાં મુસાફરી વખતે પાસેનાં ઝાડ જોસબંધ આપણી પાછળ દોડી જતાં દેખાય છે, પણ આઘેનાં ઝાડ આપણી ગતિની દિશામાં જ ગોળાકાર ફૂદડી ફરતાં આગળ જતાં દેખાય છે. આ હકીકતને પૅરૅલેટીક paralletic ગતિ કહે છે. આવી ગતિ સ્ટૂડિયોમાં કૃત્રિમ રીતે ઉપજાવી વૉલ્ટ ડીઝનીએ મશહૂર કાર્ટૂનો ઉપજાવ્યાં છે.

આપણું દૃષ્ટિક્ષેત્ર પરિમિત છે. આપણાથી એકીસાથે બધી દિશામાં જોઈ શકાતું નથી. એકીસાથે આપણે ૧૮૦ અંશ અથવા અર્ધ ગોળાકાર ભાગનાં દશ્યો જોઈ શકીએ છીએ. પણ જે પ્રાણીઓની આંખો (સસલાં, ઉંદર, ઘોડા વગેરે) બાજુએ હોય છે તે ડોકું ફેરવ્યા વિના ચારે દિશામાં જોઈ શકે છે. માછલીનું દૃષ્ટિક્ષેત્ર અતિવિશાળ હોઈ તે ફક્ત માથા પાછળના થોડા ભાગ સિવાયનો બધો પ્રદેશ જોઈ શકે છે. એને Panaromic Vision કહે છે.

પક્ષીઓમાં આંખો માથા ભણી આગળપડતી આવેલી છે. આથી ઘણાં પક્ષીઓ આપણી જેમ સીધું જોઈ શકે છે. જે પ્રાણી અને પંખીઓમાં નેત્રેન્દ્રિયનો વપરાશ આગળપડતો હોય એમની આંખો આપણી જેમ ચહેરા ઉપર આવેલી હોય છે. શિકારી પશુ-પંખીઓને આવી આંખો હોય છે. પણ શિકારનાં ભોગ બનનાર પશુ-પંખીઓની આંખો માથાની બાજુએ ગોઠવાએલી હોય છે. દાખલા તરીકે ઘુવડની આંખો આગળ છે તો કબૂતરની બાજુએ. બિલાડીની આગળ છે તો ઉંદરની બાજુએ છે. બાજુએ આંખવાળાઓનું દૃષ્ટિક્ષેત્ર વિશાળ હોવાથી શિકારીના ઓચિંતા હુમલાની તરત ખબર પડી જાય છે. (જુઓ આગળનું ચિત્ર) પક્ષીઓમાં સમળીની આંખો ખાસ ઉલ્લેખનીય છે. તે એવા સ્થાને ગોઠવાએલી છે કે સમળી આપણી જેમ સીધું પણ જોઈ શકે છે અને એક આંખ વતી તે દિશાનું દૂરનું દશ્ય પણ જોઈ શકે છે. એની આંખોમાં બે પિત્તબિંદુ હોવાથી આમ બને છે.

આંખ તો માત્ર જોવાનું 'સાધન' છે, પણ 'જૂએ' છે તો મગજ એ આપણે આગળ વાંચી ગયા છીએ. બાળપણમાં સ્પર્શ અને દર્શનની જ્ઞાનશક્તિઓના સહચારથી પદાર્થોના અરસપરસના સંબંધો પિછાનતાં અને આંખમાં પડતી છાપોના અર્થ ઘટાવતાં આપણે શીખીએ છીએ. આ દૃષ્ટિ-સ્મરણશક્તિ(Visual Memory)ના આધારે મોટપણે આપણે જે કંઈ જોઇએ છીએ એના અર્થ ઘટાવતા હોઇએ છીએ.



દૃષ્ટિકેન્દ્રમાં જતાં પહેલાં બંને નેત્રપટના ડાબી તરફના નેત્રતંતુઓ ઊર્મિમગજ આગળ એકઠા થઇ એકતંતુ રૂપે ડાબા દૃષ્ટિકેન્દ્રમાં પ્રવેશે છે. અને એવી જ રીતે બંને નેત્રપટના જમણી તરફના નેત્રતંતુઓ જમણા દૃષ્ટિકેન્દ્રમાં પ્રવેશે છે. બંને નેત્રપટમાં ઊંધી પડેલી બે છાપ દૃષ્ટિકેન્દ્રમાં એકબીજામાં મળી જઇ ઘનરૂપ તથા સવળી દેખાય છે.

મોટી ઉમરે અકસ્માતે મગજના પાછલા ભાગમાં ઈજા થતાં દૃષ્ટિ-સ્મરણશક્તિ નાશ પામે ત્યારે વ્યક્તિની જોવા-સમજવાની શક્તિ નાના બાળક જેટલી બની જાય છે. એની નજરે પ્યાલો કે લોટો કોઈ વિચિત્ર ઘાટવાળું અને અર્થ વગરનું ઠામપાત્ર સમજાય છે. પણ હા, આવા વાસણને હાથમાં પકડતાંવેંત જ સ્પર્શની સ્મરણશક્તિ વતી તે તરત જ એ વાસણને ઓળખી શકે છે.

નાનાં બાળકો જુએ છે તો ખરાં, પણ જે જુએ છે એનો કશો અર્થ સમજતાં નથી. છ માસની ઉમર સુધી તો આંખોના પ્રકાશ-ચંચળ કોષો પૂરા ખીલેલા નથી હોતા, એટલે આંખોમાં પડતી છાપ પણ ચોખ્ખી નથી હોતી. વળી માંસપેશીઓ ઉપર કાબૂ ન હોવાને લીધે અવાજ કરતી વસ્તુ તરફ જોતી વખતે એની બંને આંખો એકીસાથે ફરતી પણ નથી હોતી. છ માસની ઉમર બાદ બાળક રમકડું લેવા તેના હાથ અને બંને આંખો વાપરવા માંડે ત્યાં સુધીમાં આટલું શીખવા માટે પણ તેને ઘણી પ્રૅક્ટિસ કરવી પડે છે. અને આમ થયા પછી પણ જે વસ્તુ તે પકડે કે જુએ એના અર્થ પણ તેને શીખવા પડે છે. પણ આ બધી બાળપણની વાતો આપણને ઓછી યાદ રહે છે!

આંખોનો ઉપયોગ મગજની ખીલવણી પ્રમાણે થાય છે. માણસને કંઈ સર્વશ્રેષ્ઠ આંખો નથી; પણ એના મગજના કદ અને વિકાસને લીધે તે વાંચી લખી શકે છે. સૌંદર્ય ને નજરની ઉત્તમતાની દૃષ્ટિએ તો સર્વોત્તમ આંખો પંખીઓની છે; પણ એમની આંખોના વિકાસની સાથોસાથ મગજનો વિકાસ થએલો નહિ હોવાથી તેઓ પક્ષી દશામાં જ રહ્યાં છે. હા, એટલું જાણવા જેવું છે કે એમના દેહના કદના પ્રમાણમાં એમની આંખો આપણા મુકાબલે કદમાં ઘણી મોટી હોય છે. આ અને એમની આંખના અવયવોની વિશિષ્ટ રચનાને લીધે એમની દૃષ્ટિ ઘણી તીવ્ર હોય છે.

માણસે માણસે પણ આંખની શક્તિમાં ફેર હોય છે, જંગલવાસીની આંખો આપણા કરતાં કંઇ વધુ તીક્ષ્ણ નથી હોતી, પણ લાંબા અનુભવના પ્રતાપે તે એવુંએવું દેખતા હોય છે કે જે જાણી આપણે આશ્ચર્ય પામીએ છીએ. આવી રીતે, જે ચિત્રકળા જોઈ આપણે આનંદિત થઇ વખાણતાં થાકીએ નહિ એની જંગલવાસીઓને કશી જ ગતાગમ પડતી નથી! સૌંદર્ય ને કળાની પ્રશંસા એ કંઈ આંખ-દૃષ્ટિનું કામ નથી, પણ એ બુદ્ધિગમ્ય બાબત છે; અને આ જ કારણસર એક જ દૃશ્ય જોનારા બે માણસો એના જુદાજુદા અર્થ તારવે છે.

મગજ અને દૃષ્ટિનો ઘનિષ્ટ સંબંધ જાણવા માટે બે-ચાર હકીકતનો ઉલ્લેખ ઈચ્છનીય છે: ઊંઘમાંથી જાગ્યા બાદ ક્ષણભર ઓરડાની પરિચિત વસ્તુઓ આપણને વિચિત્ર ને અવનવી લાગે છે. એ વેળા આંખોની સાથોસાથ મગજ જાગ્રત થએલું નહિ હોવાથી આવું બને છે.

મગજ સારું હોય તો નબળી આંખને લીધે કશી વિટંબણા પડતી નથી; કારણ કે આંખોથી બરાબર ના જોવાએલી વિગતો પણ મગજ અનુમાનથી પૂરી કરે છે. દૂરથી જાહેરખબર જાણી લેવી કે દોડતી ગાડીમાંથી સ્ટેશનનાં નામ વાંચવાં આ હકીકતના આધારે બને છે.

આખા દિવસની કામગીરી બાદ આંખો થાકી ગયાનું અનુભવાય છે. પણ એ કામ છોડી એકાદ રસભર નવલકથા વાંચવાનું શરૂ કરો તો? નથી લાગતો આંખને થાક કે નથી આવતો કંટાળો. નથી લાગતું કે આવા વખતે આંખો નહિ પણ મગજ થાકેલું-કંટાળેલું હોય છે?

આ જ રીતે ભય, ચિંતા, આઘાત ને એકાગ્રતા વખતે આંખ સારી હોવા છતાં યે 'જોતી' નતી હોતી. આ બધા પરથી સ્પષ્ટ થશે કે ગમે તેવી સારી આંખની કામગીરી મગજની ક્રિયાશીલતા પર અવલંબે છે.

આપણે જોયું કે આપણી જોવાની શક્તિ એ અનુભવનો પરિપાક છે. પદાર્થનાં અંતર ને ઊંડાણનો ખ્યાલ પણ આના આધારે જ છે. વળી આપણા નેત્રપટ ઉપર પદાર્થમાત્રની ઊંધી પડતી છાપ દૃષ્ટિકેન્દ્રમાં પાછી ચતી થઈ જાય છે, એટલે આપણે તે ચતી જોઇએ છીએ અને આપણે એવું જોવા જ ટેવાઈ ગયા છીએ. આની સાબિતી રૂપ એક વિજ્ઞાનીનો પ્રયોગ છે. તેણે એવાં ચશ્માં પહેર્યાં કે જેથી નેત્રપટ પર સીધી જ છાપ પડવા માંડી. પણ નેત્રપટ પર પડેલી છાપને ઊંધી જોવા ટેવાએલા મગજને લીધે એને બધું ઊંધું જ દેખાવા માંડ્યું. ચશ્મા થોડા દિવસ પહેરી રાખવાથી એ બધું ઊંધું જોવાને ટેવાઈ ગયો. આ પછી એણે ચશ્માં કાઢી નાખ્યાં ત્યારે એને દુનિયા સીધી જોવાનું ફરીથી શીખવું પડ્યું!

અજવાળામાંથી અંધારામાં જઈએ તો તરત આંખે દેખાતું નથી, પણ થોડી વાર પછી દેખાય છે. અંધારાના આછા પ્રકાશને આંખમાં સમાવી લેવા કીકી પહોળી તો થાય છે, પણ આ ઉપરાંત બીજું ઘણું બને છે. નેત્રપટ વધારે ચંચળ બને છે; સળીકોષોમાં રૅાડૉપ્સીન (દૃષ્ટિ જાંબુડિયો Visual Purple) પેદા થાય છે; નેત્રપટ આમ્લિકમાંથી અલ્કલી ગુણધર્મી બને છે; અને ટૂંકા ગાળામાં અટપટી રાસાયનિક ક્રિયાઓની એવી તો હારમાળા ચાલે છે કે આપણે એની કલ્પના પણ ન કરી શકીએ. એ જ રીતે અંધારામાંથી અજવાળામાં આવીએ ત્યારે આનાથી ઊલટી ક્રિયાઓ પણ ઝડપથી થઈ જાય છે.

રાતના દીવાના તેજમાંથી અંધારામાં જતાં પ્રથમ કંઇ દેખાતું નથી, પણ સાતથી દસ મિનિટમાં ઠીકઠીક દેખાવા માંડે છે; અને એક કલાક જેટલા સમય પછી તો અંધારામાં જોવા જેટલી શક્તિ આંખોમાં આવી જાય છે. પ્રકાશમાં આંખ જેટલી પ્રકાશ ઝીલવાને શક્તિમાન (ચંચળ) હોય છે એના કરતાં અંધારામાં પ્રકાશ ઝીલવા તે દસ હજાર ગણી ચંચળ બને છે. રતાંધળાપણામાં વિટામિન 'એ' ની ઊણપને લીધે રૅાડૉપ્સીન ખૂબ ધીમો કે બિલકુલ ન બનતો હોવાથી અંધારામાં જોવાની મુશ્કેલી ઊભી થાય છે.

બિલાડીવર્ગનાં પ્રાણીઓ, બળદ, ઘેટાં, દીપડા અને નિશાચર પ્રાણીઓ રાતના દેખી શકે છે. બિલાડીની કીકી દિવસના તો ઊભી પાતળી પટ્ટી જેટલી જ ઉઘાડી રહે છે, પણ રાતના બધો પ્રકાશ સમાવી લેવા તે પૂરેપૂરી ખૂલે છે. નિશાચર પ્રાણીઓની આંખો રાતના લીલા રંગની ચમકતી દેખાય છે. આમ થવાનું કારણ એ કે એમના કૃષ્ણપટલમાં ટૅપેટમ (Tapetum) નામનું રંગનું પડ આવેલું હોય છે. આ પડ ઝાંખા પ્રકાશમાં રિફ્લેક્ટરનું કામ કરે છે. રાતનાં થોડાં પ્રકાશકિરણો નેત્રપટ પર પડેલાં હોય એને આ પડ ખેંચી લઈ પાછા નેત્રપટ ઉપર ફેંકે છે. આમ થવાથી દરેક પ્રકાશકિરણ બબ્બે વાર નેત્રપટ ઉપર ફેંકાય છે. આવી રીતે બબ્બે વાર પ્રકાશ મળવાથી રાતના દેખી શકાય છે. પણ આ પ્રાણીઓને દિવસના ઝળહળતા પ્રકાશમાં હેરાનગતિ ભોગવવી પડે એ સ્વાભાવિક છે. આથી બિલાડી સાંકડી પટ્ટી જેટલી કીકી ખુલ્લી રાખે છે. આવી કીકી રાખવાથી દશ્ય પૂરી ત્રિગતથી જોવાય એ જાણીતી બીના છે. ખુલ્લા પ્રકાશમાં સ્પષ્ટ જોવા માટે આપણે પોંપચાં આંખો ઉપર નથી ઉતારતા? અગર તો આંખો ઉપર આંગળીઓની છાજલી બનાવી તે દ્વારા નથી જોતા હોતા? આ પાનું તમારી આંખો પાસે એટલું બધું લઇ જાવ કે અક્ષરો સ્પષ્ટ ના દેખાય. હવે આંખો ઉપર જરા પોલી આંગળીઓ ગોઠવો અને આંગળીઓના પોલાણમાંથી વાંચી જુઓ : અક્ષરો સ્પષ્ટ વંચાશે.

આપણી આંખોની એક અદ્દભુતતા રંગો જોવામાં છે. કહેવાય છે કે કોક માછલીઓ, મધમાખ ને પક્ષીઓ પણ રંગો પારખી શકે છે.

નેત્રપટના છેડા ઉપરના સળીકોષો ને મધ્ય શંકુકોષો વધુ પ્રકાશ-ચંચળ છે. પણ આ તો ફક્ત પ્રકાશની ઉજ્જ્વલતા કે કાળાશ જ પારખી શકે છે, જ્યારે પિતબિંદુના શંકુકોષો પ્રકાશનાં કિરણોની લંબાઇ અનુસાર રંગો પારખે છે.


પ્રકાશની ઉજ્જ્વલતા જેમ વધુ તેમ રંગોના ભભક પણ વધારે દેખાય છે. વહેલી સવારમાં ફૂલોના રંગો ઓળખાતા નથી. લાલ ફૂલ કાળાં અને બીજા રંગનાં રાખોડિયા રંગનાં લાગે છે. પરોઢિયાના ઝાંખા પ્રકાશમાં સળીકોષો દ્વારા ફૂલો રંગવિહીન દેખાય છે, પણ જેમ પ્રકાશની માત્રા વધે છે તેમ શંકુકોષો દ્વારા સૌ પ્રથમ પીળો રંગ અને પછી આસમાની, લીલો અને લાલ રંગ દેખાય છે.

પ્રકાશનાં કિરણોનાં મોજાંની લંબાઇ અનુસાર આપણને રંગોની સંવેદના પ્રગટે છે. લાંબામાં લાંબાં કિરણો લાલ રંગની સંવેદના પ્રગટાવે છે, જ્યારે ટૂંકામાં ટૂંકાં જાંબુડિયા રંગની. આ બન્નેના વચગાળાનાં કિરણો નારંગી, પીળા, લીલા, ભૂરા ને વાદળી રંગોની સંવેદના પેદા કરે છે. જ્યારે બધા યે પ્રકારનાં કિરણો એકસામટાં નેત્રપટ ઉપર આવે છે ત્યારે સફેદ રંગ, ને બધાં યે કિરણો શોષાઈ જાય ત્યારે શ્યામ રંગ દેખાય છે. પણ જ્યારે એક સિવાયનાં બીજાં કિરણો શોષાઈ કે પરાવર્તિત થઈ જાય ત્યારે તે રંગની સંવેદના પ્રકટે છે. આંખોની નિરામય સ્થિતિમાં માનવી સૂર્યપ્રકાશમાં ૧૬૦ જાતના રંગોના Shades પારખી શકે છે. પણ એ બધા લાલ, લીલો અને જાંબુડિયા એ ત્રણ મૂળ રંગના થોડાવત્તા મિશ્રણમાંથી ઉત્પન્ન થયા હોય છે એ જાણવા જેવું છે. આ ઉપરથી સ્પષ્ટ થાય છે કે પ્રકાશની માત્રા અનુસાર રંગોમાં ફેરફાર પડે છે. પ્રકાશનાં કિરણો જે પ્રમાણે આપણા નેત્રપટને ઉત્તેજે છે એ પ્રમાણે આપણે રંગો જોઈએ છીએ. ઘાસને લીલો રંગ અને કરેણના ફૂલને લાલ રંગ આપણે જ આપેલો છે. આ ઉપરથી નથી લાગતું કે સૌંદર્ય અને કળાની જેમ રંગો પણ જોનારના મગજમાં જ વસે છે?

બધા માણસો બધી જાતના રંગો જોઇ (પારખી) શકતા નથી. ચાર ટકા જેટલા પુરુષો રંગ-અંધ (Colour-blind) હોય છે. સ્ત્રીઓમાં આ સંખ્યા ઓછી હોય છે, પણ આ ખોડ તે બાળકોને વારસામાં તો આપતી જ હોય છે. રંગ-અંધ લોકો લાલ ને લીલા રંગની પરખમાં ગોટાળા ઊભા કરે છે. આવા લોકોમાં લાલ રંગનાં કિરણો લીલા રંગની સંવેદના કરતાં જ્ઞાનતંતુઓને પણ સાથેસાથે ઉત્તેજતાં હોય છે, અને લીલા રંગનાં કિરણો લાલ રંગની સંવેદના પ્રગટાવતાં જ્ઞાનતંતુઓને. આથી એમને લાલ કે લીલો રંગ 'દેખાતો' નથી હોતો પણ એના બદલે આછો પીળો—રાખોડી રંગ દેખાય છે.

૧૮મી સદીના વિજ્ઞાની જૉન ડૉલ્ટનને લોહીનો રંગ લીલો દેખાતો અને લીલા ઘાસનાં પાન લાખ જેવા લાલ રંગનાં દેખાતાં. જ્યારે તેને કાયદાની ડૉક્ટરેટની પદવી મળી ત્યારે તો એણે લાલ રંગી ઝભ્ભો પહેરી લહેરથી ટહેલવા માંડ્યું! તેની આ ખોડ ઉપર ખૂબ સંશોધનો થયાં અને એ લાલ-લીલા રંગ એ અંધાપા માટે 'ડૉલ્ટનિઝમ' નામ અસ્તિત્વમાં આવ્યું.

અંધાપો આવવાનાં અનેક કારણો છે, પણ એ દરા જાણીતાં બે કારણોએ તો માનવીનું ધ્યાન લાંબા કાળથી ખેંચ્યું છે. એક તો મોતીઓ અને બીજું રતાંધળાપણું. રતાંધળાપણાનું ખરું કારણ તો પહેલા વિશ્વયુદ્ધ પછી જણાયું. શિયાળામાં બેલ્જિયમના ખેડૂતો રતાંધળા બની જતા અને વસંત આવતાં કાચાં ફળો અને છોડવાઓની દાંડી-કૂંપળો ખાઇ પાછા આંખે સાજા થઇ જતા! આમાંથી એક મહત્ત્વની શોધ થઇ કે આંખના આરોગ્ય માટે વિટામિન 'એ'ની આવશ્યકતા છે. આંખોને આકર્ષક અને તેજસ્વી રાખનાર કુદરતી જળ—આંસુઓના ઉત્પાદક અશ્રુપિંડોને પણ તે પુષ્ટિ આપે છે. આ વિટામિનની ઊણપ કે અછતને લીધે ઝેરોપ્થેલમિયા અને કૅરેટૉમૅલેશિયા નામના આંખના વ્યાધિઓ થઇ આવે છે, જે આખા એશિયા ને આફ્રિકામાં વ્યાપકપણે ફેલાએલા છે. આ ઉપરાંત સારી દષ્ટિ માટે વિટામિન બી ૧, વિટામિન બી ૨, (રીબોફ્લેવીન) ને વિટામિન સી.



કુદરતે દરેક જીવની દષ્ટિમર્યાદા તેની જીવનપ્રણાલિકાનુસાર રાખી છે. શિકારી પશુપંખી કરતાં તેમનો શિકાર થનાર પશુપંખીની દષ્ટિનું ક્ષેત્ર કુદરતે વધુ વિશાળ રાખ્યું છે, જેથી તે પોતાની ચોપાસ નજર રાખી પોતાનો બચાવ કરી શકે. અહીં પહેલા ચિત્રમાં ગાય-ઘોડા જેવા ગમરુ પ્રાણીની દષ્ટિમર્યાદા બતાવી છે, બીજામાં બિલાડી તથા ત્રીજામાં તેના શિકાર ઉંદરની અને ચોથા તથા પાંચમા ચિત્રમાં અનુક્રમે ઘુવડ જેવાં શિકારી તથા પારેવાં જેવાં ગરીબડાં પંખીઓની દષ્ટિમર્યાદા દર્શાવી છે. છેલ્લા છઠ્ઠા ચિત્રમાં માછલીની દષ્ટિમર્યાદા બતાવી છે જે અન્ય સૌથી વધુ વિશાળ હોઈ માત્ર પોતાના માથાની પાછળના ભાગ સિવાય બાકીની બધી જ બાજુએ તે જોઇ શકે છે.

દૃષ્ટિ સુધારવા માટે ચશ્માંની જરૂર સૌ જાણે છે. ત્રણ કારણો સર ચશ્માંની જરૂરિયાત રહે છે. દૃષ્ટિદોષ, વક્રદૃષ્ટિ અને આંખોનો પાક કે માથાનો દુખાવો દૃષ્ટિદોષને અંગેનાં કંઇ ચિહ્ન જણાય કે જોવાની તીવ્રતા કમી હોય તો ચશ્માંનો ઉપયોગ અનિવાર્ય છે. વક્રદૃષ્ટિ સુધારવા માટે પણ ચશ્માં વાપરવાં હિતાવહ છે. દૃષ્ટિદોષ ઉપરાંત માથાના દુખાવાનાં બીજાં ૨૩ કારણો છે; એટલે ફક્ત દૃષ્ટિદોષને લીધે જ માથાનો દુખાવો આવી પડ્યો છે કે કેમ તેની ઝીણવટભરી તપાસ થવી ઘટે છે. યાદ રાખવા જેવું છે કે ટેલીસ્કોપ ને માઈક્રોસ્કોપની જેમ ચશ્માં પણ જોવા માટેનું એક યંત્ર જ છે. આ રીતે એની ઉપયોગિતા સ્વીકારી વપરાશ થવો ઈષ્ટ છે.

ત્યારે ગૉગલ્સનું શું? સૂર્યના પ્રકાશથી આંખોને બચાવવા અને રાહત આપવા આ ચશ્માં અસ્તિત્વમાં આવ્યાં છે. સૂર્યનો પ્રકાશ સહન કરવાની શક્તિમાં માણસેમાણસે ફેર ખરો, પણ એ ઝીલવાની જેમ ટેવ પાડીએ તેમ આંખો એ માટે તૈયાર પણ બને છે: સહરા કે ઑસ્ટ્રેલિયાના રણપ્રદેશમાં દરિયાકિનારે કે હિમાચ્છાદિત પહાડો પર અલ્ટ્રાવાયોલેટ કિરણોથી આંખોને રક્ષવા ગૉગલ્સ જરૂરી છે. આંખોના કેટલાક રોગોમાં પણ એ હિતાવહ છે. સૂર્યતેજથી આંખોને ટકાવવા ગૉગલ્સ ઉપરાંત હેટ (સોલા કે ફેલ્ટ)નો ઉપયોગ સ્વીકારવા જેવો છે. હાથા વગરની છત્રી જેવું આ શિરછત્ર આંખો ઉપર સીધાં પડતાં સૂર્યકિરણોને—અટકાવી રક્ષણ આપે છે.

પણ શૉખ કે ફૅશનની ખાતર અવારનવાર ગૉગલ્સ ચડાવવામાં કંઇ ડહાપણ નથી. એ પહેરવાથી આંખો આછો પ્રકાશ ઝીલવા ટેવાય છે. ભર બપોરે પણ ગૉગલ્સ પહેરી કૃત્રિમ રીતે ઉપજાવેલા ભરભાંખળા જેવો પ્રકાશ ઝીલવાને પરિણામે કીકી આખો વખત પહોળી ને પહોળી રહે છે અને તે આંખની અ-સાધારણ સ્થિતિ છે. આવી રીતે આછો પ્રકાશ જોવા ટેવાએલી આંખો ઉપર પછી વધારે ઘાટા રંગનાં ગૉગલ્સ પહેરવાની વૃત્તિ થતી જાય છે, તે એટલે સુધી કે વાદળાં હોય તો પણ ગૉગલ્સ પહેર્યા વિના ચાલતું નથી. હા, સૂર્યના પ્રખર તેજમાં ફરતી વખતે ગૉગલ્સ પહેરવાં ઠીક છે, પણ એનાં રંગ ને જાતની પસંદગી વિચારપૂર્વક કરવી. તે પીળા-લીલા રંગનાં અને એવા ground and polished કાચનાં બનેલાં હોવાં જોઈએ કે જે સૂર્યના પ્રકાશમાં અલ્ટ્રાવાયોલેટ કિરણો શોષી લે અને સૂર્યપ્રકાશના વર્ણપટના રંગો થોડા અને એવી તો સરખીરીતે શોષી લે કે જેથી કુદરતની વર્ણશોભા જોવામાં ખામી ન આવે.

જાણવા જેવું છે કે નિરામય શરીરમાં તંદુરસ્ત આંખો વપરાશથી કદી બગડતી કે ઘસાતી નથી. આપણી જાગ્રત અવસ્થામાં એની માંસપેશીઓ દર સેકન્ડે ક્રિયાશીલ રહ્યા કરે છે, છતાં યે તેને કશો ઘસારો પહોંચતો નથી. હા, ઉમર વધતાં નેત્રમણિ સખત થાય છે ખરા, પણ આ તો અનિવાર્ય બીના છે. પણ જેની આંખ વપરાશમાં નથી રહેતી એને તો આ અવસ્થા વહેલી આવે છે. આંખોના વપરાશથી જ એનું તેજ વધે છે.

ક્ષણે ક્ષણે આપણી આંખોમાં બહારની દુનિયાનું ચિત્ર સૂર્ય રૂપી પેન્સિલથી નેત્રપટ રૂપી સફેદ પડદા ઉપર ચીતરાયા જ કરે છે. એની સંવેદના પ્રગટ થતાં ચિત્ર જોવાનું જ્ઞાન થાય છે. આ જ્ઞાન ૧/૫ સેકન્ડ સુધી કાયમ રહે છે. આ દરમિયાન બીજું ચિત્ર નેત્રપટ ઉપર આવે તો અગાઉની સાથે એનું પણ જ્ઞાન થાય છે. સળગેલી અગરબત્તી જોસબંધ ગોળગોળ ફેરવીએ તો પ્રકાશનું એક કુંડાળું દેખાય છે તે આ હકીકતના આધારે છે. આ સિદ્ધાંત ઉપર ચલચિત્રની કળા અસ્તિત્વમાં આવી છે. જેમાં એક સેકન્ડમાં ૧૫ થી ૨૦ ચિત્રોની હારમાળા આપણી આંખ આગળથી પસાર થતાં આપણે હલનચલનભર્યું ચિત્ર જોઈએ છીએ.

આંખના એક ઘન ઇંચ જેટલા અંધારા ગોળામાં કેટલી અદ્‌ભુતતા ભરેલી છે! એમાં જેટલી અદ્‌ભુતતા છે, એટલી જ એ આકર્ષણભરી પણ છે. પ્રથમ આપણી નજર દરેકની આંખ ઉપર પડે છે અને કોઇને યાદ કરતાં સૌ પ્રથમ એની આંખ જ ખડી થાય છે. એના વિના ચહેરાની કલ્પના તો કરો. કેવો વિરૂપ લાગે! અરે, એના વિના આપણું જીવન નીરસ. નકામું અને પરાધીન બની જાય. व्यर्थो लोकोऽयं तुल्य रात्रि दिवानां। पुसामंधानां विद्यमानऽपि वित्ते॥ અંધને દિવસ અને રાત્રી સરખાં જ છે. એને સંપત્તિ અને વૈભવ હોય તો પણ શા કામનાં? આપણા મનના બધા ભાવો જાણે કે આંખોમાં આવીને ઠરેલા છે. હસે છે તો આંખો, હોઠ નહીં. કાન નહિ પણ આંખ પણ સાંભળે છે. ભવાં કરતાં આંખમાં તિરસ્કાર અને ક્રોધ વધુ જણાય છે. અવાજ કરતાં આનંદ, કરુણા, પ્રેમ અને શોક તે અજબ અને અનુપમ રીતે સાદૃશ્ય કરે છે.

આંખની ક્રિયાશક્તિ યે અદ્‌ભુત છે. તેની દ્વારા પ્રકાશ, હલનચલન, કદ રંગ અને અંતરનું જ્ઞાન થાય છે. તે નજીકમાં નજીક નાકના ટેરવા ઉપર બેઠેલા મગતરાથી માંડી કરોડો માઇલો દૂર અંતરિક્ષમાં આવેલાં નક્ષત્રમંડળોના ઝાંખા તારાઓ પણ જોઇ શકે છે. એની દ્વારા વિશ્વનાં સૌંદર્ય અને ભયાનકતાનું આપણને સતત જ્ઞાન થયા કરે છે, જેનાથી આપણું મન ક્ષુબ્ધ કે શાંત રહે છે. આવી અદ્‌ભુત અને જીવન પર્યંત કાર્યરત રહેતી નાજુક અને કોમળ આંખનાં નેત્રમણિ, નેત્રપટ અને માંસપેશીઓ કંઇ વજ્ર જેવા પદાર્થમાંથી નથી બનેલાં, પણ પોચાં, મૃદુ અને સ્થિતિસ્થાપક એવાં દ્રવ્યોનાં બનેલાં છે, જેનો ૪/૫ ભાગ તો જળમય છે! (ચાલુ)

સુભાષિત

गुणाः सर्वत्र पूज्यंते पितृवंशो निरर्थकः।
वासुदेवं नमस्यंति वसुदेवं न वै जनाः॥

અનુવાદ

ગુણો સર્વત્ર પૂજાતા પિતૃવંશ ન કામનો,
વાસુદેવ જ પૂજાયે, ન નમે વસુદેવને.

વિવરણ: સાદા શ્લોકમાં કવિએ દાખલો જ એવો સચોટ આપ્યો છે કે એમાં લાંબી સમજૂતીની જરૂર નથી. શ્રીકૃષ્ણને આપણે પરમેશ્વરના પૂર્ણાવતાર તરીકે પૂજીએ છીએ. વસુદેવના પુત્ર તે 'વાસુદેવ' એ નામમાં એમના પિતાને માત્ર યાદ કરીએ છીએ. પરંતુ ॐ नमो भगवते वासुदेवाय એ વૈષ્ણવોના મહામંત્રથી જપ તપ ને પૂજા તો કૃષ્ણ-વાસુદેવની જ થાય છે. ગુણનું એ માહાત્મ્ય છે. તેથી જ કવિ કહે છે કે

गुणाः पूजास्थानं गुणिषु न च लिङ्गं न च वयः॥

ગુણો પૂજાયે છે ગુણ મહિં ન જાતિ, વય નહિ. ર.ભી.

ત્રીસ વરસે એક લાખના દલ્લા સાથે નિવૃત્ત થતા તંત્રીને કોઇએ તેના આ જીવનસાફલ્યનું રહસ્ય પૂછતાં તેણે કહ્યું: "મારી આવી નગદ સફળતા ૩૦ વરસના સખત પરિશ્રમ, ચુસ્ત કર્તવ્યપાલન અણીશુદ્ધ પ્રમાણિકપણા ને મારા કાકાના ૯૯,૯૭૫ રૂપિયાના વારસાને આભારી છે."

પચ્ચીસ વર્ષ પહેલાં




માગશર ૧૯૮૩
અંક ૪૮માંથી

કુલાકાર પ્રમોદકુમાર ચટ્ટોપાધ્યાયનું રંગચિત્ર (શ્રી ચૈતન્ય ને સાર્વભૌમ પંડિત), શ્રી 'ધૂમકેતુ'ની નાટિકા અને શ્રી કૃષ્ણમૂર્તિના ચરિત્ર સાથે ઉઘાડ પામતા આ અંકમાં વિવિધરસની બીજી ઘણી સામગ્રી હતી. તેનો ઇન્તિખાબ આ વખતે આપીએ: દક્ષિણ હિંદમાં જ્યાંની ગોમતેશ્વરની પ્રખ્યાત મહાકાય પ્રતિમા જોઇને આજે પણ જગતપ્રવાસીઓ આશ્ચર્યમૂઢ થઈ જાય છે, એ જૈન તીર્થ શ્રમણ બેળગુળનો પરિચય ડૉ. હરિપ્રસાદ દેસાઈની પ્રાસાદિક ભાષામાં:

અગત્સ્ય ઋષિની સરદારી નીચે આર્ય લોકો વિન્ધ્યાચળ પર્વત ઓળગીને દ્રવીડ દેશમાં ગયા એ દક્ષિણમાં આર્ય સંસ્કૃતિ ફેલાયાનો પ્રથમ બનાવ હતો. વેદકાળ ગયા પછી યજ્ઞયાગનો જમાનો આવ્યો હતો અને એ જઈ ભવ્ય દેવળો બંધાવાનો યુગ આવ્યો. દક્ષિણમાં હિંદુ ધર્મનાં—શિવ, શક્તિ અને વિષ્ણુનાં અસંખ્ય, શહેરો જેવડાં મોટાં દેવાલયો બંધાયાં અને સનાતન હિંદુ ધર્મે દ્રવીડ પ્રજાઓની ધાર્મિક જીત કરી લીધી.

ત્યાર પછી ભદ્રબાહુ નામના ઉત્તરના એક જૈન યતિને જ્ઞાન થયું કે ઉતર હિંદમાં બાર વર્ષનો મોટો દુકાળ આવવાનો છે. તેમાંથી લોકોને બચાવવા માટે દિગંબરી જૈનોના એક મોટા સંઘને એ દક્ષિણમાં લઇ ગયા. એ દિવસથી દક્ષિણમાં જૈન ધર્મનો પ્રચાર થયો અને શ્રમણ બેળગુળ ત્યારથી એટલે કે લગભગ ૨૦૦૦ વર્ષથી જૈન ધર્મના તત્ત્વનો પ્રકાશ ફેલાવતું, યાત્રાનું સુપ્રસિદ્ધ ધામ ગણાવા લાગ્યું.



મ્હૈસુર રાજ્યમાં બૅંગલોરની પશ્ચિમે તે આવેલું છે. હિંદની પ્રાચીન મહત્તા જાણવાની ઇચ્છાવાળાં એકેએક હિંદીએ એ તીર્થના દર્શન કરવાં જોઈએ.

જૈન પુરાણોમાં લખ્યું છે કે ચંદ્રગુપ્તે અહીં જૈન ધર્મ અંગીકાર કરી ભદ્રબાહુ સાથે નિવાસ કર્યો હતો ને પોતાના જીવનનો ઉત્તર કાળ ગાળ્યો હતો. જે ટેકરી પર એમણે તપશ્ચર્યા કરી અનશન વ્રતથી પોતાનો દેહ ગાળી નાખ્યો તે ચંદ્રગિરિ નામથી ઓળખાય છે.

એ ચંદ્રગિરિની બરાબર દક્ષિણે બીજી ટેકરી પર ગોમતેશ્વરની ૬૦ ફીટ ઊંચી પ્રચંડ મૂર્તિ છે. શરીરનું પ્રમાણ યોગ્ય માપસર છે ૧૦૦૦ વર્ષથી એ ભવ્ય મૂર્તિ પૃથ્વીમાં નિર્બળ મનુષ્યોને ઇન્દ્રિયો પર વિજય મેળવવાનો વીર સંદેશ આપતી ઊભી છે. એ નગ્ન છે, છતાં નિર્દોષ બાળક જેવી એ નગ્નાવસ્થા તમે કોઇ પણ પ્રકારના વિકાર વગર જોઇ શકો.

કથા એમ છે કે પહેલા તીર્થંકર આદિનાથે સંસારત્યાગ કર્યા પછી એમના બે પુત્રોમાં રાજ્યગાદી માટે લડાઇ થઈ.ભરત મોટો ભાઇ હોવાથી ગાદીનો ખરો વારસ એ હતો. બાહુબલી—જેમની આ મૂર્તિ છે—એ નાનો હતો. બાહુબલીએ ભરતને હરાવ્યો ને ગાદી છીનવી લીધી. પણ થોડા જ સમય પછી એમને પોતાનાં કર્મનો પશ્ચાત્તાપ થયો.મોટા ભાઇને બોલાવી એમણે ક્ષમા માગી ને રાજપાટ છોડી આ સ્થળે આવી તપ આદર્યું. જૈન ધર્મનાં તમામ અંગોનું એમણે જ્ઞાન મેળવ્યું એટલે તે 'કેવલી' અથવા કેવળજ્ઞાની (પરમ જ્ઞાની) ગોમતેશ્વર નામથી પ્રસિદ્ધ થયા.

એમના અવસાન પછી ભરતે પોતે આ પર્વતની ટોચ કોતરાવી એમની સુવર્ણની મૂર્તિ (એટલે કે જેમાં પથ્થરના વજન જેટલું સુવર્ણ ખર્ચાયું હશે એવી) બનાવડાવી. આ મૂર્તિ નગ્ન છે. નથી એને ભસ્મ કે નથી લંગોટી. ઉપર આભ ને નીચે ધરતી છે. પર્વતની ટોચ પરથી એ સંસાર પર નજર નાખે છે. પગ પાસે વેલા ઊગી નીકળ્યા છે ને સાપ ફરે છે, પણ એને દેહની દરકાર જ નથી. સંસારના જીવો પર એ પ્રેમ ને કરુણાથી જોઇ રહી છે.'

આજ અને કાલ

આપણે જ આપણા સ્રષ્ટા છીએ. આજે વિચાર કરીએ કે આપણે તો આમ કરવું છે, તો કાલે તે કરવા શક્તિમાન થઇશું, આજે આપણે ધારીએ કે આવતી કાલ આવી પડે, તો તે જરૂર એવી જ પડશે. આપણી આજ ઉપર કાલ અવલંબે છે. આપણે આજને બરોબર જીવીએ, પછી તો કાલ કેવી પડશે તે આપણે જાણીએ જ છીએ. આજ એ મહત્ત્વની ઘડી છે. આજને પકડીને એના ઉપર મેખ મારીએ તો કાલ અને કાળના ઉપર આપણો વિજય છે. —ગિજુભાઈ

જાપાનના એક કલાપ્રકાર 'બૉન-કી' વિષે: જાપાની ભાષામાં 'બૉન' એટલે મોટો થાળ અને 'કી' એટલે કુદરતી દેખાવ=એક મોટા થાળમાં બનાવેલો કુદરતી દેખાવ,—એટલા ઉપરથી તેનો અર્થ સમજાઈ જશે.


ઘરમાં એક ખૂણાના ટેબલ પર એક મોટા થાળમાં કુદરતનો કોઈ નાનકડો દેખાવ, ચીતરેલો નહિ પણ ચારે બાજુથી ખરેખર જોઈ શકાય એવો ગોઠવ્યો હોય.એ દેખાવને જુદાજુદા છાયાપ્રકાશથી વિવિધરંગી બતાવી શકાય; યા જુદાજુદા સ્થાને રાખી, તે પર ખૂબીદાર રોશનીથી નવાનવા પડછાયા પાડી સૂર્યાસ્ત કે સૂર્યોદયના દેખાવો બતાવી શકાય.આવી નાનકડી, કાલ્પનિક લાગતી, છતાં કોઈ વેંતિયાંઓને વસવાની સૃષ્ટિ હોય એવી આબેહૂબ દેખાવની પ્રકૃતિ એ બૉન-કી.

જગતની પ્રજાઓમાં પોતાની અવનવી ને લાક્ષણિક કળા માટે વિખ્યાત થએલા જાપાનીઓની અદ્ભુત કલાશક્તિ બતાવનારા અનેક જાતના પ્રકારોમાં બૉન-કી પણ એક છે.

જાપાની બગીચો કરવા માટે ફૅન્સી ફૂલઝાડ કે વિલાયતી લોખંડના સળિયાની જરૂર પડતી નથી. કેટલીક વાર તો તેમાં એકે ફૂલ ન હોતાં માત્ર પથરા જ હોય! પણ પથરા એટલે? કોઇ ચિત્રવિચિત્ર રંગના, વિવિધ કદના, લીસા ને ઘરેવાળા, કોઇ અજબ આકર્ષક અને નવીનરીતે, અવ્યવસ્થિત દેખાય છતાં ચોક્કસ ગોઠવણવાળા. આવા બગીચા કે પછી કોઇ દેખાવની નાના રૂપમાં બના-

વટ કરી, થાળીમાં મૂકી તે દીવાનખાનામાં પધરાવો એ 'ઑાન-કી' થઈ.

'ઑાન-કી'નોપ્રાચીનઇતિહાસઝાંખો છે, પણ એટલું નક્કી કે એ ચીનમાંથી જાપાનમાં આવી. દુનિયાની કૈંકૈં કળાકારીગરીઓનોપત્તો ચીનમાંથી જ હજારો વર્ષ પહેલાંથી શરૂ થતો જણાયો છે, ને ચીનની ઘણી બાબતો હિંદમાંથી આવી એમ કહેવાય છે; એટલે આ 'ઑાન-કી'ની કલ્પનાનું મૂળ પણ હિંદને જ આભારી છે એમ મનાય છે. આજે જૈન ધર્મમાં શેત્રુંજય કે ગિરનારના આવા નાના નમૂના મોટા ઉત્સવ પ્રસંગે રચવામાં આવે છે, પણ તેમાં ઑાન-કીના હજારમાં ભાગનો પણ કલાપ્રેમ હોતો નથી.



કલાશિક્ષણની પેલી ખૂબ લોકપ્રિય અને બોધપ્રદ બનેલી અનિયતકાલિક લેખમાળા 'ચીતરવાનું સહેલ છે'નો આગળ છપતો :

અગાઉ ડાબી-જમણી બાજુ જોતા ચહેરા કરવાની રીત બતાવી હતી. આ પાઠમાં સામાં મોં ચીતરવાનાં છે. આ છ યે નમૂનામાં કંઈ ને કંઈ ખાસ ઢબ ને યોજના છે. ગોળ બનાવી લેવા માટે રૂપિયો, ઢબ્બુ, ડાબલીનું ઢાંકણું કે કંપાસ, ગમે તે સાધન વાપરો. તેની બરોબર મધ્યમાંથી એક ઊભી ને આડી રેખા દોરી, નીચે પ્રમાણે કામ કરો. જે જે કરો તે ફરીથી સ્મૃતિથી કરી શકો એટલી તૈયારી કરવાની છે.


નં. ૧માં સામા મોઢાનાં સામાન્ય માપ બતાવ્યાં છે. આંખના ખૂણા અને કાનનો ઉપરનો સાંધો એ બંને આડી મધ્યરેખા પર જ આવેલાં છે; અને તેની નીચેના ભાગમાં બરોબર અડધે ભાગે બીજી રેખા પાડવાથી નાકની લંબાઈ તથા કાનનું નીચેનું મૂળ નક્કી થાય છે. પછી નીચે વધતા ભાગના ઊભા ત્રણ ભાગ પાડવાથી પહેલા કાપ ઉપર મોંની ફાડ આવશે અને બીજા કાપ ઉપર હડપચીનો ખાંચો આવશે. ગળાની પહોળાઇ વર્તુલની આડી મધ્યરેખાના અડધા ભાગે નીચે લીટીઓ મારતાં નક્કી થાય છે. નમૂનામાં બતાવ્યા પ્રમાણે ગળા આગળથી ઉપર ત્રાંસી લીટીઓ મારશો એટલે ખોપરીની પહોળાઈ બનશે. આટલું ખોખું તૈયાર થાય એટલે માથું, લમણાં, ગાલ અને દાઢી બતાવતી ચહેરાની રેખા દોરી લ્યો. નાકની પહોળાઇ, આંખની લંબાઇ વગેરે બતાવવા મધ્યરેખા પર જે ભાગ પાડચા છે તે જુઓ. આ બધાં નમૂના પ્રમાણે ધ્યાનપૂર્વક દોરવાથી ચહેરાનો સામાન્ય ડોળ તમારે હાથ બેસી જશે. કાનના ત્રાંસ ખાસ ધ્યાન રાખીને દોરજો.


ઑાન-કીમાં યોજેલું ટેકરી ને ઝરણાનું સુંદર દૃશ્ય

પ્રમાણોને લગતી આટલી રીત છ યે નમૂનામાં સામાન્ય છે. માત્ર નં. ૨માં વાળ, ભમર, નાક ને હોઠની વિગતો વધારી છે. નં. ૩માં આ સામાન્ય બંધારણના કારણભૂત ખોપરી અથવા હાડચહેરો સમજ માટે બતાવ્યો છે. આંખના ખાડા, ગાલના ખાડા, જડબાં, કપાળ, વાળની જગ્યાઓ વગેરે ચોક્કસ રીતે દોરી શકવાને આ જાણી લેવું જોઈએ.

નં. ૪માં ઉપલાં સામાન્ય પ્રમાણોને આધારે રેખાના વળાંકોથી એક ચહેરો બતાવ્યો છે. વાળ બાંધતો કપાળ પરનો પટ્ટો ભમરથી કેટલો ઊંચો છે તે ધ્યાનથી જુઓ.

નં. ૫માં એક સુંદર મોંનો ઘાટ છે. સામાન્ય પ્રમાણની મદદથી ચહેરાનું બંધારણ કેટલું સહેલું થાય છે તે આથી સમજાશે. નં. ૬માં હસતા ચહેરાનું આલેખન છે.



ધ્રંગ ગામે હબા ડુંગર પાસે દાદા મેંકણનો અખાડો. ઊંચું દેખાતું શિખર તે મેંકણનું મુખ્ય મંદિર છે જેની નીચે દાદાની સમાધિ છે.

કચ્છના હબા પ્રદેશની લેખમાળાનો ત્રીજો હપ્તો

દાદા મેંકણ

લેખક અને તસ્વીરકાર • રામસિંહજી રાઠોડ

હબા પ્રદેશમાં ખરી 'હુબ' દેખાઇ દાદા મેંકણને. ખોંભડીના ભટ્ટી કુળમાં જન્મેલા કચ્છના આ સત મેંકણના જે જીવનપ્રસંગો વિકસ્યા છે તે રસભર્યા છે. સ્વ.ઝવેરચંદ મેઘાણીની 'પુરાતન જ્યોત'-માં અને 'મેંકણ ચરિત' નામે એક જૂના પ્રકાશનમાં તેમના કેટલાક જીવનપ્રસંગો વર્ણવ્યા છે. તેમાં જે નથી તે નવી નજરે નિર્દેશી, તેમનાં જ કેટલાંક નવાં મળી આવેલાં પદોના આધારે, તત્ત્વચિંતક તરીકેના તેમના જીવનની અહીં છણાવટ કરી છે. લોકોનાં હૃદયમાં ઘર કરી ગએલો તેમનો આ તત્ત્વબોધ જીવંત છે અને તેમાં મેંકણ અમર છે.

મેંકણના પિતા હાધાજી નવું ઘર બાંધતાં ખોદકામ કરાવતા હતા ત્યારે અમુકસ્થળે ન ખોદવાની તેમને સૂચના કરવામાં આવેલી, છતાં તેમણે તેને અવગણી તો ત્યાંથી ખલકો, ટોપ, પતર, પાવડી, ચાખડી અને ચૂંદડી નીકળ્યાં. આ ઉખાણુ નીકળવાની ખબર વાછરડાં ચારતા મેંકણને પડતાં તેણે આ વસ્તુઓ હાથવગુ કરી લીધી.

મેંકણ તું તોજે બિરદ સામું ન્યાર;
ઈજ પતર, ઇજ પાવડી, ઈજ પાંજો આચાર,
પાત્રડીજી પત્ત રખ તું, પત્તરની પ્રતિપાર.

પોતાનું આગમભાખ્યું બિરદ પાળવા આ ચીજોને પોતાના આચાર તરીકે સ્વીકારી મેંકણ ઘેરથી ચાલી નીકળ્યા. તેમની માતા પબાંબાની ઘણી સમજાવટ છતાં તેમણે 'માતાના મડ' નામના સ્થાનકે આવી ત્યાંના કાપડી સાધુ ગાંગારાજા પાસે ભેખ લીધો. પછી તેઓ સિંધ થઈ સૌરાષ્ટ્રમાં ઠેરઠેર યાત્રામાં ફર્યા. ગિરનારમાં ગુરુ દત્તાત્રેયની ટૂક ઉપર તેમને 'કાવડ-પ્રપ્તિ' થઇ. બીલખા, જંગી અને લોડાઈમાં તેમણે બારબાર વર્ષની ધૂણીનું તપ કર્યું, અને પછી પોતે મેળવેલી સિદ્ધિની સાર્થકતા માટે હબા પ્રદેશના વિસ્તારમાં સેવા-પરાયણ શાંત જીવન જીવવા મળશે એવી ધારણાએ હબાના ગામેગામ તેઓ ભમ્યા. તેમને હબામાં ખરી હુબ દેખાઈ. છેવટે તેઓ ધ્રંગમાં ઠરીઠામ થયા. અહીં તેમને લીરબાઈ માતા અને મયાગર સ્વામીનો ભેટો થયો. કચ્છના રા' દેશળે ધ્રંગ આવી મેંકણનું ગુરુપદ સ્વીકાર્યું. મેંકણની સિદ્ધિની ખરેખરી પરીક્ષા પણ હબામાં થઇ. તેમાંથી તેઓ અણીશુદ્ધ પાર નીકળ્યા. તેમનું ચમત્કારિક પ્રસંગોથી ભરપૂર જીવન હબાના એ સમયના સમાજજીવનની ઝાંખી કરાવે છે. સાદી લોકવાણીમાં એમણે રોજિંદા વ્યવહારથી માંડી જીવનના ઉચ્ચ આદર્શો દર્શાવતો ચિરંજીવ તત્ત્વબોધ આપ્યો છે, ને ત્યારથી લોકોમાં લાડીલા ને આદરપાત્ર બની 'દાદા મેંકણ'ના વ્હાલાસોયા નામે કચ્છને ઘરેઘર જાણીતા થયા છે.


નીચલા થરના લોકોને આગળ આણવાની અંત્યજોદ્ધારની મેંકણની પ્રવૃત્તિ તો જાણીતી છે. તેમના અખાડામાં ભજનિકોમાં અંત્યજો પણ રહેતા; અને જાતભાતના ભેદ વિના બધા હળતાભળતા, અખાડાની ગાયોનો ગોવાળ પણ મેઘવાળ રહેતો. ગરાસિયા તેને રંજાડે નહિ તે માટે તેમણે પોતાની નિશાની તરીકે એ ગોવાળને માથે ભગવો પહેરાવી તેને અભય બનાવી તેનો મોભો વધાર્યો.


નીચલા થરના લોકો પ્રત્યેનો એમનો પ્રેમ પોતાને ઉચ્ચ વર્ણના મનાવતા લોકોને સંભળાવેલા તેમના એક પદમાં જોવા મળે છે:

કેંકે વલ્યું કોરીઉં, કેંકે વલા વેઢ,
વલે કનાં વલા, મુંકે ઢાઢી બ્યા ઢેઢ.

કોઇને સમૃદ્ધિ પ્રિય છે તો કોઇને શણગાર; પણ આ દુનિયામાં મને વ્હાલામાં વ્હાલી વસ્તુ હોય તો તે મારી સમૃદ્ધિ અને શણગાર જેવા મારા ઢાઢી અને ઢેઢ ભાઇઓ છે. સમાજદેહમાં તેઓ આપણા અંગ છે એવી તેમને અગત્ય આપ્યા વિના ચાલવાનું નથી.

મેંકણના અખાડાના હાલના પરંપરિત અધિપતિ કાપડીરાજા. એમણે ઉપાડેલી કાવડ મેંકણની પોતાની ત્યારની છે ને તે પૂજાય છે તથા માત્ર કાપડીરાજા જ અમુક ખાસ પ્રસંગે તે ખભે ધરે છે.





મેંકણ મંદિરનો આગળનો ભાગ. ભજનની હલકભરી મિઠાશ જ્યારે વાતાવરણમાં ગુંજી રહે છે ત્યારે અડધી રાતે યે અહીં દાદા મેંકણની સુવાસ મઘમઘતી લાગે છે.

પંથ કે મતમતાંતરથી પર મેંકણે સર્વધર્મસમભાવ કેળવ્યો હતો, છતાં તેમની કને આવતા કૃષ્ણભક્ત આહિરોને તેઓ કહેતા કે:

'અસલ અસાં જો દ્વારકામેં દાવો
મોં ન્યારી માવેજો મેંકણચે, પોય ખ્યોં ખાવો.

દ્વારકાધીશે કહેલા અસલ ધર્મ ઉપર અમારો પ્રથમ દાવો હોઈ ગોપાલનાં દર્શન કરી પછી જ અમે પ્રસાદ લઇએ છીએ.' મેંકણના ભક્તજનોમાં રંગરંગના આમ લોકો આવતા, તેમાં મુસ્લિમ ફકીરોને પણ માનભર્યું સ્થાન હતું. ધર્મે જુદા છતાં એક સમાજમાં રહેતા લોકોમાં એકતા આણી રહેવાના તેમના પ્રયત્નો સફળ થયા હતા.

પીર, પેગંબર, ઓલિયા, મિડે વ્યા મરી,
ચોણ ઉડાંજપું ગાલિયું નાયો કોય વરી.

ઠાકર તેં ઢુકાયો, મુલ્લાં ડિને તે બાંગ,
ઉન માલકજે ઘરજો, છે ન કો તાગ.
કુરો કરિયાં, કિત વિનાં, કેંકુ કરિયાં સહુ?
જમ જોરાણું થઇ મુકે, આડી ડઈંયા અકુ!
પીર પીર કુરો કર્યો? પીરેંજી નાંય ખાણ;
પંજ ઇંદ્રિયું વસ કર્યો ત પીર થિયોં પાણ.

પીરંપેગંબર, ઓલિયા ને કંઈ કેટલાય ઋષિમુનિઓ, યોગીઓ મૃત્યુ પામી ભગવાનને ઘેર પહોંચ્યા કહેવાય છે, પણ ત્યાંની પરિસ્થિતિની વાતો કરવા કોઇને પાછો આવ્યો જાણ્યો નથી. લોકો તો ઠાકોરજી પાસે આરતી વગાડી તેમને. ને મુલ્લાં બાંગ પોકારી પોકારી અલ્લાને રોજ પૂછે છે, પણ હજુ ઈશ્વરના ઘરનો તાગ કોઈ પામી શક્યું નથી. મેંકણ કહે છે કે 'હું તે હવે શું કહું ને કોને બોલાવું? મારી અને આ પેગંબરો તથા ઋષિમુનિઓ વચ્ચે મૃત્યુરૂપી આડ આવી ગએલી છે. તેને દૂર કરવાનો ઉપાય શો? ક્યાં જઇ હું કોને બોલાવું? આમ વિચારી નિરાશ ન થતાં પછી મેંકણ જોશથી કહે છે કે 'પીર પીર શું કરો છો? પીરોની કાંઇ ખાણ હોતી નથી. પાંચ ઇંદ્રિયોને સંયમમાં રાખી શુદ્ધ જીવન જીવીએ તો આપણે જ પીર બની જઇએ.'

આવી તેમની સાચી સેવાભાવનાથી ધીમેધીમે લોકોમાં તેમના પરચા વિષે અનેક વાતો ચાલવા લાગી. રામ-લક્ષ્મણ-જાનકીને ભજતા લોકોએ તો તેમને સેવાભાવી લક્ષ્મણનો અવતાર કહી દીધા. જ્યારે મેંકણની સિદ્ધિ અને શક્તિ આગળ માનવ-સમાજ નમતો આવે છે ત્યારે પણ મેંકણ સેવક તરીકે નમ્રભાવ ચૂકતા નથી, તેમણે સમદૃષ્ટિ કેળવી હતી. અરે, વનસ્પતિ પણ જીવંત છે એમ પિછાણી જીવનતત્ત્વ સર્વત્ર એકસરખું વ્યાપક છે એ ભાવભર્યું પદ કહે છે:

પીપર મેં પણ પ્રાણ, નાય બાવરમેં બ્યો,
નીમ મેં ઊ નારાણ, ત કંઠેમેં કયો?


પીપળામાં જે આપણા જેવું જીવનતત્ત્વ છે તેનાથી જરા યે જુદું તત્ત્વ બાવળમાં નથી; લીમડામાં પણ એ જ જીવનશક્તિ કામ કરી રહી છે, તો ખીજડામાં કાંઈ તેનાથી ભિન્ન તત્ત્વ હોઈ શકે?

કિતે સિજ, કિતે ભમરો, કિતે આંધી બિયાં,
ફુલ ફરોટી મઘમઘે, જીયણવારી યાં.

સૂર્યમાંથી શક્તિ મેળવી ફૂલ ખીલે છે, તે પર ભમરો ગુંજતો આવે છે તો ક્યારેક તોફાન વચ્ચે પણ એ જ ફૂલ ઝૂઝી રહી સુવાસ ફેલાવી રહે છે; આવા જીવનને આદર્શ ગણી માનવીએ વિકાસ કરવો જોઈએ. પોતા પર જ વીતેલા વીતકનો નિર્દેશ કરી તેઓ કહે છે:

ગુજારત જ્યું ગાલિયું વધી વડ થઇયું,
તાણે કે ન પૂછ્યું, મું પણ ન ચઈયું
ન ખપે તોજો માનમુર્તઓ, ન ખપે તોજો નાણું,
કાયા નગરી જમ જો રીંયા, તડેં સભારજ ટાણું.

'મારી જિંદગીમાં મારા પર જે ગુજરી છે એ ધર્મસંકટોમાંથી



જે ધૂણી પ્રગટાવી મેંકણે અહીં તપશ્ચર્યા કરી હતી તે ધૂણી ઉપરનું ગુંબજાકાર શિખર. એ મૂળ ધૂણી, તેની રાખ, ખલકો, ટોપ, પતર, પાવડી તથા ચાખડી અને દાદાની સેવાભાવનાના પ્રતીક જેવી તેમની કાવડ અહીં સચવાયાં છે અને તેમની પૂજા થાય છે.

ઊગરી મારી જીવનસિદ્ધિ વિષે લોકોમાં અનેક વાતો પ્રચલિત થઇ વડ જેમ વધી ગઇ છે, પણ હજુ કોઈએ તે વિષે કે મારા પર ઓઢાડાએલા આળ વિષે મારી પાસે ચોખવટ કરી નથી; ને તેથી મેં પણ તે માટે હરફ સુદ્ધાં ઉચ્ચાર્યો નથી. સ્વાર્થ કે મતલબ રાખી માનગરતઓ કે સમૃદ્ધિ મેળવવાની મેં ક્યારે ય ઇચ્છા દેખાડી નથી. મારી આજીજી એટલી જ છે કે જ્યારે તમારું આયખું ખૂટે ત્યારે જીવનમાં આવેલા સુ-અવસરોની યાદ તાજી કરશો તો સુખ મળશે.'



સેવાપરાપણુ લાલિયા-મોતિયાની બેલડીની સમાધિ

મેંકણના અખાડામાં દુખ્યાંભૂખ્યાંને સદા આશરો ને અન્ન મળતાં. તેઓ જાતે ગામમાં ઘરેઘર ઘૂમી, કાવડ ફેરવી રોટલા ઉઘરાવી લાવતા અને તેમાંથી ભૂખ્યાંઓને ક્ષુધાતૃપ્તિ કરાવતા. ધર્માદા જાગીરોમાં જે ખળા દીઠ ધાન ઉગારી માપો લેવાના અને ખેડૂતો જે ખુશીથી આપતા તે લેવાની પણ મેંકણે તો અનિચ્છા જ રાખી હતી. માપો લેવાની વૃત્તિથી ધર્મસ્થળો જાગીરમાં વિકસી પછીથી અહપાચુ બની જાય છે એવી માન્યતા રાખી મેંકણ જાતમહેનતથી કરી શકાય તે જ સેવા આપવામાં મગ્ન હતા. ક્યાંથી કોઇ દુઃખીનો આર્તનાદ સંભળાય કે મેંકણની સેવા તેનું સાંત્વન કરવા હાજર રહેતી. આવા કામમાં દાદાના સહયોગીઓ પણ સદા સાથ આપતા.

ખેડૂતોની બોલીમાં મેંકણ તેમને તેમના ખેતીના વ્યવહારધર્મનો બોધ આપવા સાથે જીવનધર્મનો સાર પણ સમજાવી દે છે.

પોખા કર પોખ વતર છડ વારી,
ચીંધી ધરતી સોક ત હથ હણને હારી.
પોચ પાધચડો પોખજે, પેલી કજજે વાડ;
પાધિડો ભેવાણો સુણી હથડા ડિને નિલાડ.

હે ખેડૂ, ટાણું ચૂકજે મા. બીજ વાવવાનું તારું કામ ધરતીમાં વતર (ભેજ) હોય ત્યાં સુધીમાં કરી પરવારી લે. જો પછી ધરતી સુકાઈ જશે તો પાછો પડી પસ્તાશે ને તારું આખું વર્ષ બગડશે. ખેતરમાં પોખ કર તેના પહેલાં તેને ફરતી વાડ કરી મૂકજે; નહિતો ખેતરમાં ઢોરઢાંખર બધું ખાઈ ગયાં એવું જ્યારે સાંભળશે ત્યારે બધી મહેનત પાણીમાં ગએલી જોઇ નિરાશ થઈ કપાળે હાથ દઈ બેસી રહેશે. એ રીતે જિંદગીમાં કસ છે ત્યાં સુધી સારાં કામ કરી લે.

વેપારીઓને તેમની વાણિજ્યરીતિમાં ધર્મનીતિ કહેતાં મેંકણ

મોતી મંગયે ન ડિજે, મરની ચડે કિટ;
જડેં ગડજે પારખુ તડેં ઉઘાડજે હટ.
સક્કર કે ન સુનણે, ગુડ કે વાખાણે.
માલ મલીધા મીઠાઇઉં કુડમી કો જાણે?

માલ બગડતો હોય તો પણ ગ્રાહકને બોલાવી ગરજુપણું દેખાડી તે ન આપવો. એમાં માલનું મહત્ત્વ ઘટે છે. માટે લાગે કે મોતી કટાય છે, બગડે છે તોપણ તે જેનેતેને ન આપવું. એ તો ખરેખર કોઇ પારખુ મળે ત્યારે જ પાધરું કરવું જોઇએ. તમે પણ મારી વાતના પારખુ આવ્યા છો ત્યારે મારા મનના હાટને તમારી સમક્ષ ખોલું છું. વિવિધ વાનાઓ અને મેવા મીઠાઇઓ ખેડૂને શા ખપનાં? સાકર પણ એને શા કામની? એને તો એની રગેરગમાં ઊતરી શરીર બાંધતો ગોળ ગમે. શરીરસુખો તો સૌને ગમે છે; પણ ધર્મથી મેળવાતી મનની મોજ એવી છે કે તેથી રીઝનાર સદા આનંદી રહે છે.

આ રીતે તેમના જીવનનું મર્મદર્શન કર્યા પછી તેમના સંસારી જીવનપ્રસંગો વિષે ઊંડા ઊતરવાની આવશ્યકતા રહેતી નથી. માત્ર અખાડાના આશ્રિત અને દાદાના પશુમિત્રો લાલિયો ગધેડો અને મોતિયો કૂતરો દાદાની સેવાભેખમાં જ અજબ જેવી સહાય આપતા તેનો ઉલ્લેખ વિના મેંકણના સેવાયોગની આ વાત અધૂરી કહેવાય.

ધ્રંગની ઉત્તરે, બન્નીની પાર વિસ્તરેલા ભેંકાર રણમાં કોઈ વટેમાર્ગુ ભૂલો પડી રખડી પડીને ભૂખતરસથી મરતો હોય તો એવા વાટાળુની ભાળ મોતિયો ફરતાં ફરતાં લઇ આવતો. લાલિયા ઉપર છાંટમાં ખાવાનું ને પાણી ગોઠવી દેવાતાં. મોતિયો લાલિયાને દોરતો, મુસાફર પાસે ખેંચી જતો. મુસાફરને તૃપ્તિ કરાવી પછી ભોમિયા બની તેને અખાડે લઈ આવતા. મેંકણના કૂતરા-ગધેડાની આ બેલડી તેમના આવા અદ્‌ભુત કામથી અમર બની ગઈ છે. એ જ રીતે એ બે પશુજીવોનો કાફલો ધ્રંગથી ભૂજ સુધીની ખેપો કરી આવ્યાનું પણ કહેવાય છે. એમની સેવાની કદર કરતાં મેંકણે કહ્યું છે કે

લાલિયો મુંજો લખણવંતો, મોતિયો જેડો ભા,
મૂછારા પણ ઘોરી ફગાઇયાં, ઈનિજે પૂછ મથાં.

લખણવંતો લાલિયો ને મોતિયો તો મારા ભાઈઓ જેવા છે. એ પૂંછાળા પશુઓનાં કામ પાસે મુછાળા મર્દો પણ પાણી ભરે છે.

આવું સેવાભાવી જીવન જીવી સંત મેંકણે સંવત ૧૭૮૬ના આસો વદ ૧૪ થાવરવારે પોતાની જીવનલીલા સંકેલી અને હબાના ધ્રંગ ગામે સમાધિ લીધી. જેણે પોતાની જુવાની અને જીવન દાદાને અર્પણ કરી દીધેલાં તે દાદાની અટલ ભક્ત આહિરાણી લીરબાઈ અને તેમના બીજા શાગિર્દ સુંદરદાસ સાધુ, કાનજી મિસ્ત્રી, ધ્રંગનાં ઠકરાણી પ્રેમાંબા, જાડા ખીંયરોજી, પ્રેમજી જોષી, કંથડ સુથાર, વીઘો આહિર, મોકોજી ઠકરાઈ, તુંઅર વાઘોજી અને મયાગર સ્વામીએ પણ દાદા સાથે જીવતે સમાધિઓ લીધી. મંદિરમાં એ બધી મેંકાજી રાજાની જોડાજોડ આવેલી છે. બાજુએ મેંકણના ભાઈ પતંગશા પીરની લોર પણ કરાઈ છે; અને મેંકણનાં પ્રિય પશુઓ કૂતરા અને ગધેડાની સમાધો પણ ધ્રંગના અખાડામાં ખડી કરવામાં આવી છે. મેંકણે સમાધિ લીધી ત્યારે હબાની આહિરાતે પોકાર કર્યો કે

એ...અવસર આધાર મરવો નો'તો મેંકણા
સેવકોની સંભાર કોણ જ લેશે કાપડી?

પણ મેકણ તો કહી ગયા કે

જી-નામ બાત્રા જીયંયો, નેહુ ધ્રંગ નમાણ;
જાુગેં જાૂનાં ન થિયે ઈ આખર પરમાણ.

હે બાવરો, 'જી-નામ' (ઉચ્ચ કાર્યો કરી કમાએલી કીર્તિ) જ અજર રહેશે. ધ્રંગ મુકામે સેવાની સુવાસ એટલી દૃઢ થઇ રહેશે કે આખરી પ્રમાણ જેમ તે યુગો લગી અમર ગવાશે.

ટિકિટસંગ્રહ

આ યુગનો એ સંસારવ્યાપી શૉખ કેમ કેળવવો તેની તથા ટિકિટોના ઇતિહાસ, પરિચય વગેરે બીજી ઉપયોગી માહિતી આપતો વિભાગ

જેના પર ટિકિટો છાપવામાં આવે છે એ કાગળની જાતો ઓળખવી એ પણ ટિકિટ-સંગ્રહને લગતો એક અગત્યનો તેમજ રસિક વિષય છે. તેની પસંદગી મોટે ભાગે ટિકિટ છાપવાની મુદ્રણ-પદ્ધતિ, ટિકિટને લાગવાનો ઘસારો, રદ્દીકરણની છાપ ભૂંસી ટિકિટનો ફરી ઉપયોગ થવાનો ભય, ઈત્યાદિ બાબતો લક્ષમાં રાખીને જ થાય છે.

કાગળ મોટે ભાગે સૂતરના ડૂચા, રૂ, નરમ લાકડું, અને કેટલાક ઘાસના માવા-માંથી બને છે. યંત્રમાં બનાવેલો કાગળ 'મશીન મેઇડ' અને હાથે બનાવેલો 'હૅન્ડ મેઈડ'ને નામે ઓળખાય છે. ટિકિટોમાં મોટે ભાગે તો 'વોવ' અને ક્વચિત 'લેઈડ' જાતના કાગળો બધે વપરાય છે. 'વોવ' કાગળ પ્રકાશ સામે ધરી જોતાં તેનો માવો એક-સરખો જ પથરાએલો લાગશે. તેની સપાટી પણ એકસરખી લીસી હોય છે. 'લેઇડ' કાગળ પ્રકાશ સામે ધરી જોતાં થોડે થોડે આંતરે વૉટરમાર્ક જેવી સમાંતર રેખાઓ દેખાશે. આવી જ રેખાઓ વાળો 'રિબ્ડ પેપર' આ 'લેઈડ'ને એટલો તો મળતો લાગે છે કે એ બંને જાતો તારવવી મુશ્કેલ થઇ પડે. પણ એ કાગળ 'લેઈડ' કરતાં હલકો હોય છે. ઑસ્ટ્રિયાની શરૂઆતની ટિકિટો એ કાગળ પર છપાએલી. લીટીઓની આવી જ ભાતવાળો, પણ વધુ લીટીઓવાળો 'બૅટન' નામનો પણ એક કાગળ વપરાય છે, જે સામાન્યરીતે આપણે લખવાના ઉપયોગમાં લઇએ છીએ તેવો જ છે. બ્લીચ્ડ અને અન-બ્લીચ્ડ માવો મેળવી 'ગ્રેનાઈટ' નામનો પણ એક કાગળ વપરાય છે. નરી આંખે પણ આ કાગળ પર આછા રંગીન રેસાઓ દેખાય



અવનવી ટિકિટો બહાર પાડવામાં કદાચ કૉમ્યુનિસ્ટ દેશો સૌથી આગળ આવે. તેમાં ચેકોસ્લોવાકિયા, હંગેરી, યુગોસ્લાવિયા વગેરે મધ્ય યુરોપના દેશોની ટિકિટો અવારનવાર અમે આપી છે. આ ઉપર આપેલી હંગેરીની ટિકિટો પૈકી વચલી બે હારમાં એ દેશનું પશુધન દર્શાવતી ટિકિટો હજી આ વર્ષે જ બહાર પડી છે. મથાળાની હારમાં આપેલી ફૂલોની ટિકિટો ૧૯૫૦માં અને છેલ્લી હારમાંની ફૂલોની ટિકિટો ૧૯૫૧માં પ્રકટ થએલી. બધી મૂળ ટિકિટો તો સુંદર ભભકભર્યાં પૂર્ણરંગી રંગોથી છાપેલી છે. (શ્રી અજિતકુમારના સંગ્રહમાંથી)

છે. રદ્દીકરણની છાપ ભૂંસવાનો પ્રયત્ન કરતાં આ રેસાઓ ઊખડી જઈ ચોર પકડાઇ જાય છે. દેખાવે આ કાગળ સહેજ મેલા જેવો લાગે છે. ઑસ્ટ્રિયાની ૧૯૧૯-૨૧ની ટિકિટો આના પર છપાએલી. ઈ. ૧૮૯૨માં ફ્રાંસે તથા ૧૮૯૪-૧૯૦૨માં જિબુટીએ પણ આવી ચોરીઓ પકડવા વાર્નિશના એક મિશ્રણથી ચોરસ ખાનાંઓ પાડેલો 'કવૉડ્રિલ' નામનો એક કાગળ વાપરેલો. પોસ્ટમાર્ક ભૂંસવા જતાં આ ખાનાંની લીટીઓ પર છપાએલી ટિકિટની છાપ પણ ભુંસાઈ જઈ એ ચોરી ઉઘાડી પડી જતી. છાપેલી ડિઝાઈનની તથા પોસ્ટમાર્કની શાહી કાગળમાં ઊંડે ઊતરી જઇ ભુંસાતી જ મુશ્કેલ થઈ પડે તેવો, બૅન્કના ચેક જેવો, 'સેઈફ્ટી' કે 'સિક્યુરિટી' નામનો એક કાગળ લંડનની ટિકિટ છાપનારી પેઢી 'દ-લા-રૂ ઍન્ડ કંપની' એ કાઢેલો. એ જ કંપનીએ ચૂનાની સપાટીવાળો 'ચૉક સરફેઈસ્ડ' તથા જુદીજુદી જાડાઇનો 'ગ્લેન્સ' એવા બે જાતના કાગળો પણ બનાવેલા, તથા એક ખાસ રંગીન કાગળ પણ બનાવેલો. વિશ્વયુદ્ધ દરમિયાન રંગની આવી ઝાંય કાગળ પર શાહી વડે જ છાપી લેવાતી. પણ એ છાપ તો કાગળની એક જ બાજુ પર આવે, એટલે એ કાગળો 'કલર્ડ સરફેઈસ્ડ' કે 'વ્હાઈટ બૅક'ને નામે ઓળખાયા. પોસ્ટમાર્ક ભૂંસવાની ચોરી સહેલાઇથી પકડાય તેવા કાગળોમાં 'ડિકિન્સન' પણ ખાસ ધ્યાન ખેંચે તેવો છે. જૉન ડિકિન્સને તે શોધેલો. તેની બનાવટમાં રેશમના તાંતણા ઉમેરાય છે. નરી આંખે પણ જોઈ શકાતા આ તાંતણા પોસ્ટમાર્ક ભૂંસતાં ચુંથાઇ જઇ તેનાં ફૂંછાં ઊપડી આવે છે, અથવા જો કોઈ રાસાયનિક પ્રયોગ અજમાવાય તો તેના પર તેની અસર ચોખ્ખી વરતાઈ આવી ચોરી પકડાઈ જાય છે.

બીજા કોઈ દેશ કરતાં ન્યૂ ઝીલૅન્ડની ટિકિટો પર કાગળોની આ બધી વિવિધતા ઠીકઠીક દેખાય છે. ૧૯૦૧માં તેણે બૅસ્ટેડ કંપનીનો પાતળો, કડક અને 'વોવ' જેવો 'બૅસ્ટેડ પેપર' વાપરેલો. તેની બનાવટમાં બેવડી લીટીએ N. Z. અને તારકનો વૉટરમાર્ક ઉતારેલો. આવો બીજો 'કૉવેન' કંપનીનો 'કૉવેન' નામનો કાગળ પણ વાપરેલો, જેમાં N. Z. ને તારકનાં વૉટરમાર્કવાળો તથા વોટરમાર્ક વિનાનો એમ બે પ્રકાર વાપરેલા. આ જ પ્રકારે તેણે 'વૉટર લો' નામનો એક જાડો અને નરમ કાગળ ઈ. ૧૯૦૦માં વાપરેલો. ૧૮૬૨માં તેણે 'પેલ્યોર' નામે



આ ૧૦મી ડિસેમ્બરે 'માનવ હક્કોના જાહેરનામા'ની ચોથી સંવત્સરીએ ઊજવાએલા 'માનવ હક્ક દિન' નિમિત્તે યૂ.નો.નાં ટપાલ ખાતાએ બહાર પાડેલી ત્રણ ને પાંચ સેન્ટની કિંમતની, અનુક્રમે લીલા અને વાદળી રંગની આ ટિકિટમાં પૃથ્વીના બે ગોળાર્ધની પશ્ચાદ્‌ભૂમિ ઉપર માનવમાત્રની સમાનતા અને આઝાદીના પ્રતીક રૂપ મશાલ-જ્યોત, તથા તેની ચોમેર વર્તુલમાં યૂનોની પાંચ અધિકૃત ભાષાઓમાં 'માનવ હક્ક' એવા અક્ષરો આલેખેલા છે.

એક કાગળ વાપરેલો. એ કાગળની સાચી વ્યાખ્યા પ્રમાણે તો એ 'ટિશ્યુ પેપર જેટલો અતિશય પાતળો, અર્ધપારદર્શક, ચીકણો ને ટકાઉ, તથા સહેલાઈથી ફાટે તેવો કાગળ' છે. ઘણીવાર ટિકિટ-સંગ્રાહકો એવા પાતળા, પણ ચીકણા ને ટકાઉ નહિ એવા કાગળને 'પેલ્યોર' માની લે છે તે ભૂલ છે.

અમેરિકાએ પણ ટિકિટ જગતમાં કાગળની ઘણી જાતની નવીનતા ઉમેરી છે, જેમાં ચીંથરાના માવાનો વાદળી રંગનો 'બ્લ્યુ રૅગ', રંગીન રેશમી રેસાઓવાળો 'સિલ્ક' તથા રદ્દીકરણની છાપ ભૂંસતાં જેની સપાટી જ ચુંથાઈ જાય તેવો બે પડવાળો 'ડબલપેપર' મુખ્ય છે. 'ગ્રાંડ કૉન્સોમેશન' જેવા મોટા નામનો પણ હલકી જાતનો, મેલો 'ગ્રેનાઇટ પેપર' એક વાર ફ્રાંસે વાપરેલો. આવા હલકા કાગળોમાં 'નેટિવ' નામના કાગળો વધુ વપરાયા છે. મોટે ભાગે નાનાં નાનાં દેશી રાજ્યો જ તેનો ઉપયોગ કરતાં હોવાથી તે એ નામે ઓળખાય છે. સિગારેટના કાગળ જેટલા પાતળાપણાથી માંડી 'પાર્ચમેન્ટ પેપર' જેટલી જાડાઈ તેમાં જોવા મળે છે. રંગે એ મેલો દેખાય છે. જાપાનની બહુ જૂની ટિકિટો 'નેટિવ' પર છપાયાનું ઘણા કહે છે, પણ તે તો 'જાપાનીઝ' નામનો જુદો જ કાગળ છે. ૧૮૮૬માં ઇરાને ને પછી અમેરિકાએ પણ 'ગોલ્ડ બીટર્સ સ્કિન' નામનો એક કાગળ વાપરેલો. રાળના દ્રાવણમાં બોળી પારદર્શક જેવો બનાવેલો એ સાદો પાતળો કાગળ જ છે. તેના પર છાપેલી છાપ પાણીમાં ભીંજાતાં ભુંસાઇ જાય છે.

પણ આ બધાને ટપી જાય તેવા કાગળો તો ૧૯૧૮માં લૅટવિયા સ્વતંત્ર થયું ત્યારે પોતાની ટિકિટો માટે તેણે વાપરેલા. કાગળની અછતના એ કાળમાં તેણે વિશ્વયુદ્ધ દરમિયાન પોતે હાથ કરેલા જર્મનીના લશ્કરી નકશાઓની પાછલી કોરી બાજુ પર જ ટિકિટો છાપેલી. વિદ્યાર્થીઓ વાપરે છે તેવી આંકેલી નોટનાં પાનાં પર પણ તેણે ટિકિટો છાપી હતી જેમાં પેલી આંકેલી લીટીઓ ચોખ્ખી દેખાતી! સિગારેટ પેપર પણ તેણે વાપરી જોયો. તે બાદ ૧૯૧૯ના એપ્રિલમાં તેણે 'વોવ'નો સ્વીકાર કર્યો. પણ ૧૯૨૦માં છાપેલી ધર્માદા ટિકિટો તો તેણે રશિયાની અધૂરી છપાએલી ચલણી નોટો ઉપર જ છાપેલી.

આમ, કાગળોના આવા અવનવા પ્રયોગો ઉપરાંત જેના પર 'કુમાર'નાં રંગીન ચિત્રો છપાય છે તે 'આર્ટ', ચળકતી સપાટીવાળો 'ગ્લેઇસ', 'રેપ', ખૂબ ચાકની સપાટીવાળો 'ચૉકી', ખરબચડી ધારવાળો 'ડેકલ એજેડ', 'મિલ' ઇત્યાદિ કાગળો પણ વપરાય છે,– પણ બહુ ઓછા. મોટા ભાગની ટિકિટો તો 'વોવ' અને 'લેઇડ' પર જ છપાય છે.

OUR FRIENDS ABROAD

જગત્સંપર્ક સાધતો પત્રમિત્ર-વિભાગ

ગયા અંકમાં ભાઈ જયંત પટેલ (Jayant M. Patel, Frankenstein Str. 35, Darmstadt Germany west) તરફથી મળેલાં જાપાનનાં જે ૪૩ સરનામાં આપ્યાં હતાં તેને અનુસંધાને બીજાં સરનામાં આ નીચે આપીએ છીએ. પત્રવ્યવહાર વખતે ભાઈ જયંતનો તથા 'કુમાર'નો નામોલ્લેખ કરવો. દરેક સરનામાને છેડે Japan ઉમેરવું.

(44) Mitugu Ozawa, Kogatu Nishizakimura, Awagun, Chiba–Man-19, Instrumental, Music; (45) Yasuhileo Yamagu'chi, Kenbatu, Nishizakimura, Awagun, Chiba–Man-17, Base ball; (46) Hiroko Nonaka, add. as above—Woman-21, Dance; (47) Shuichi Kato, Toka Middle School, Kameda village, Hokkaido—Man-22, Music; (48) Atsuo Yamagaki, add. as above—Man-26, Literature; (49) Oseki Sato, add. as above—Woman-24, Music; (50) Jo Tsuchida, 566 Tatsuka, Kashiwazaki City, Niigata Pref.—Man-26, Movie; (51) Toshi Kudo, Takadate, Rokunohe Post 20 N. Kamikita-Gun, Aomori–Pref.—Male-21, Stamps, English-grammer; (52) Shinmatsu Takahashi, Honai Junior High School, Kami Honai Osakimura, Minamikan Baragun, Nigataken—Man-21, Base-ball; (53) Hideo Kido, add. as above—Man-18, Literature; (54) Kigyuro Morohashi, add. as above—Man-42, The game of Go; (55) Isao Fujino, No. 1064, Yoshida, Nanasato-mura, Hiki-Gun, Saitama-ken—Man-22, Photograph, Reading; 56) Yoshifumi Kitabori, No. 1070, Nakao, Miyamae-mura, Hiki-Gun, Saitama-ken—Man-22, Sports, Reading; (57) Tomitaka Koyama, No. 936, Imoguki, Koguki village, North Saitama District, Saitama Pref.—22, Collection of Stamps; (58) Tetsuo Hazama, No. 74, Hazama village, Kikuchi province, Kumamoto Pref.—Male-24, English Conversation, English Literature; (59) Isukito Nakagawa, 931, Shoinchoo, Waifu Town, Kikuchi-District, Kumamoto Pref.—Male-40, View of Movie; (60) Shinki Sasaki, Hirose, Hanabusa village, Kikuchi Province. Kumamoto Pref.—Male-29, Japanese Lesling; (61) Koichi Baba, Hiramaki Junior High School, Hiramaki-mura, Kikuchi-Gun, Kumamoto-ken—Man-26, Radio, Reading; (62) Masahiro Tsuji, Yanagigawra-machi, Usa-Gun, Oita-ken—23, Reading, Travel; (63) Tugio Shida, Unotoro Sarusawamura, Iwafune-Gun, Nigata-ken—Man-20, Base-ball, Valley-ball, Literature, Sports, Camera; (64) Masaharu Fukuoka, Higashikushira Secondary School, Higashikushiracho, Kimotsukigun, Kigofhi Ma, Pref. —Man-32, Music; (65) Shigemori Tabu, add. as above—Man-24, Reading; (66) Toshiyuki Hiratai, Motocho, Okoppe-Machi, Mombetsu-Gun, Hokkaido–Man-14, Swimming, Reading; (67) Tsuneo Sato, Miyashitacho, Okoppe-Machi, Mombetsu-Gun, Hokkaido—Man-14, Pingpong, Reading; (68) Ryoji Akasaka, Honcho, Okoppe-Machi, Mombetsu-Gun, Hokkaido—Man-22, Tennis, Base-ball, Reading; (69) (આ નીચેના સરનામે લખતાં રમણિકલાલ સોલંકી(રાંદેર)નો નામોલ્લેખ કરવો.) Sachio Noiri, 3-1988, Jno-cho Nakamura-ku, Nagoya—Boy-17, Reading, Baseball, History, Literature.

હિંદી પત્રમિત્રો

(35) Amin Narendra R., C/o R. H. Amin, Kadi (N.G.)—18, Reading, Politics, Cinema; (36) Bachubhai Mohanlal Shah, C/o Mohanlal Chhaganlal, Mandvi Street, Lalbhai Pole, Derawala Khancha, Ahmedabad—18, Stamps, View-cards, Pen-pals; (37) Ashwin H. Shah, 947, Prabhu Niwas, Near Dawn Bldg., Krishna Nagar, Bhavnagar (Saur.)—15, Sports, Music; (38) Shantilal Champaklal Sanghavi, C/o Sanghavi Pragji Meghji, Vallabhipur (Saur.)—17, Swimming, Reading, Cinema; (39) Hirabhai Gopaljee Patel, Dajia Falia, Karadi, Jalalpur—19, Stamps, Coins, Sports, Magazines, View-cards, Music; (40) Amritlal P. Sanghavi, C/o Shree Jain Bal Mandal, Bazar, Harsol, Via Talod (A. P. Rly.); (41-44) Miss Latakumari M. Oza—18, Embroidary, Literature, Music, Cinema; Kumudchandra M. Oza—16, Sports, Magazine, Reading; Miss Lilavati M. Oza—14, Dancing, Cinema, Reading; Miss Shakuntala M. Oza—12, Music, Drawing, Make up; Nilamber Banglow, Baroda Recidencey, Baroda; (45) Chandrakant Mohanlal Bhatt, Ayurved Vidyalaya, Hostel No. 1, Room No. 36, Jamnagar (Saur.)—22, Drawing and Painting, Reading, Medicine (History of); (46) Aniruddh Asharam Joshi, Ayurved Vidyalaya Hostel No 1, Rm. No. 36, Jamnagar (Saur.)—20, Music, Cinema, Photography; (47) Ravindra Sajanlal Choksi, 63 Dhanji Street, 3rd Floor, Rm. No. 27, Bombay 3—17, Stamps, Photography, View-cards; (48) Vasantkumar Gandhi, C/o Himatlal G Gandhi, Somwar Peth, Jerani Mistri Bldg., Malad (West)—18, Stamps, Geography, Reading, Writing. (49) Vasantlal Chimanlal Shah, 72/80 Nagdevi Cross Lane, 3rd floor, Bombay-3—18, Stamps, Reading, Politics; (50) Mohanlal D. Bhundari, Vinod & Co., Raichur—20, Cinema, Reading; (51) Chandrakant Mamtora, Block No. CB 8, Rm. No. 7, Sardarganj (Cutch)—22, Photography, Stamps; (52) Bipin Mehta and Rasik Mehta, Amritlal Mansion, 264, C. Lakhamshi Napu Road, Matunga (G.I.P.), Bombay-19—18, 18, Photography, Sports, Politics, Stamps.




આધુ ઝરો

અરવ મૌનભર્યો જડ કોલસો
તુજ ગભીર પ્રશાંત હૈયા સમો;
પ્રજળતાં ઇંધણાં મુજ જ્યાં અડયાં
સરવ ચેતન પાંગર્યું; પ્રાણનો
ઢળકતો મલયાનિલ ઢોળતાં
ગુલમહોર તણા ફુલ શો બન્યો. –નટુ ઉમતિયા

સ્વ. ડૉ. ચાઇમ વાઇઝમાન

સ્વપ્નદ્રષ્ટાઓનો આ દુનિયામાં તોટો નથી. પણ ખંત અને પરિશ્રમ વડે પોતાનાં સ્વપ્નોને સાકાર કરી જનારાઓ વિરલ જ રહેતા આવ્યા છે. એવા એક વિરલ પુરુષ ડૉ. ચાઇમ વાઇઝમાન હતા. યહૂદી રાજ્યનું પોતે સેવેલું સ્વપ્નું એ સાકાર કરી ગયા અને એના પ્રથમ પ્રમુખ તરીકે એ શિશુ રાષ્ટ્રનું સંગોપન કર્યું. ગયા માસની ૯મી તારીખે ૭૮ વર્ષની વયે એમના થએલા અવસાનથી ઇઝરાએલના યહૂદી રાજ્યે જ નહિ પણ સમગ્ર જગતે એક મહાપુરુષ ગુમાવ્યો છે. લોકશાહીનાં મૂળ જે ધરતીમાં અસંભવિત મનાતાં હતાં ત્યાં ચોમેરનાં સઘળાં અરબ રાજ્યો વચ્ચે ઇઝરાએલનું એકમાત્ર લોકશાહી રાષ્ટ્રવૃક્ષ ઉછેરી બતાવ્યું. અને અરબ રાજ્યોને આ રીતે એમણે એક આદર્શ પૂરો પાડયો છે. ઇઝરાએલ પૂર્વ અને પશ્ચિમ વચ્ચેનો સેતુ બની રહે એ જ એમની મહત્ત્વાકાંક્ષા હતી.

બે હજાર વર્ષથી બેવતન બનેલી યહૂદી પ્રજાને પાછું તેનું પાલેસ્ટાઈનમાંનું વતન સંપડાવી આપી એક મુક્ત અને સ્વતંત્ર રાષ્ટ્રનો દરજ્જો અપાવનાર ડૉ. વાઇઝમાન દેખાવે હૂબહૂ લેનિન જેવા લાગતા. ખંત અને દઢાગ્રહીપણામાં પણ બંને સરખા જ હતા. પરંતુ લોકશાહીનું તત્ત્વ ડૉ. વાઇઝમાનના લોહીમાં એટલી હદે ઓતપ્રોત થઇ ગએલું કે એ કદી આક્રમણકારી વલણ લઈ શક્યા નહોતા. જે દિવસે ઇઝરાએલે સ્વતંત્રતા જાહેર કરી એ જ દિવસે અરબ રાજ્યોએ એના પાટનગર તેલ-અવીવ પર બૉમ્બ ફેંક્યા, છતાં વાઇઝમાને વૈરભાવ સેવવાને બદલે સામો દોસ્તીનો હાથ લંબાવેલો. ઈ. સ. ૧૯૪૭માં પ્રસિદ્ધ થએલા એમના આત્મચરિતાત્મક પુસ્તક 'Trial and Error'માં એમણે પોતાની સ્વપ્નસિદ્ધિનો જે ક્રમવિકાસ આલેખ્યો છે એ પરથી લોકશાહીમાંની એમની દૃઢ શ્રદ્ધાની અને માનવતાવાદી જીવનદૃષ્ટિનો પરિચય મળે છે. અંગત જીવનને તો એ એમાં બહુ ઓછું સ્પર્શ્યા છે, અને તે એટલે સુધી કે પોતાની પત્ની વિષે પણ એ લગભગ ખામોશ રહ્યા છે.



ડૉ. વાઈઝમાનનો જન્મ ઈ. સ. ૧૮૭૪માં રશિયન કબજા હેઠળના પોલાન્ડના પિન્સ્ક નગર નજીક મોતલી નામક એક નાના ગામડામાં થએલો. યહૂદી શાળામાં અભ્યાસ કર્યો

માસમાસનાં પંખી-૮૩
ગંદમ



પોતાના પીળા ધમરક રંગથી ચોમેર દૃષ્ટિ-માધુર્ય રેલાવતાં ગંદમોને જોયાં છે? પહેલી નજરે ચકલી જેવાં જ લાગતાં આ પંખી કદે તેનાથી સહેજ મોટાં, અને તેની પૂછડી પણ વધુ લાંબી તથા છેડે જતાં ફંટાએલી હોય છે. એ મૂળ તો છેક પૂર્વ યુરોપ ને પશ્ચિમ એશિયાનું વાસી. પરંતુ આ ઋતુમાં આપણે ત્યાં ઊતરી આવી છેક પૂર્વમાં છોટા નાગપુર તથા દક્ષિણમાં કોઈમ્બતુર સુધી નજરે પડે છે. તેની બે જાત જોવા મળે છે: કાળા માથાવાળી તથા લાલ માથાવાળી. આ સિવાય બાકી બધી રીતે તે સરખાં હોય છે. પીઠ નીલી ઝાંય લેતી બદામી, પાંખો વધુ ઘેરી તથા રાખોડી ઝાંયવાળા પીળા રંગની કિનારીવાળી; આંખો ઘેરી તપખીરી; ચાંચ આછી લીલાશ પડતી ને મૂળમાં સહેજ તપખીરી; પગ ચીકણા બદામી રંગના. તેની ચાંચનાં બંને અડધ વચ્ચે સહેજ જગ્યા રહે છે. પણ આ બધા કરતાં પેટનો પીળો રંગ સૌથી વધુ ધ્યાન ખેંચે છે.

ખેતરોમાં જુવાર બાજરી ને ઘઉં પાકવા આવતાં મોટી સંખ્યામાં તેનાં ટોળાં ઊતરી પડે છે, ત્યારે પોતાના પીત વર્ણથી તે બહુ સુંદર દેખાય છે, પરંતુ પાકને તે ઘણું નુકસાન કરતાં હોઇ ખેડૂતને તો ભારે જ પડે છે.

શિયાળો ઊતરતાં તેઓ પોતાને મૂળસ્થાને પાછાં ફરવા લાગે છે. એ વખતે તેઓ કંઈક રંગમાં આવી ગયાં હોઇ ટ્વીટ-ટ્વીટ જેવો મીઠો અવાજ કરતાં સંભળાય છે. મે જૂનમાં તેઓ પોતાના વતનની વાડીઓની વાડોમાં, ગુલાબના છોડ વચ્ચે કે દ્રાક્ષના માંડવાઓમાં, જમીનથી બેચાર ફૂટ ઊંચે બકરાંના વાળ ને વનસ્પતિના રેસા વગેરેથી પ્યાલા ઘાટનો માળો ગૂંથી, તેમાં લવંડર, રાખોડી ને ઘાટા તપખીરી છાંટણાંવાળાં. ઝાંખા લીલાશ પડતા સફેદ રંગનાં પાંચ ઇંડાં મૂકે છે.

પછી માધ્યમિક શિક્ષણ એમણે પિન્સ્કની સરકારી શાળામાં લીધું. એ પછી ઉચ્ચ અભ્યાસ માટે રશિયાની કોઇ યુનિવર્સિટીમાં દાખલ થવાનો એમનો ઇરાદો હતો, પણ કોઇએ પ્રવેશ ન આપતાં જર્મનીનો આશ્રય લેવો પડચો. આ હતી એ કાળે યુરોપમાં યહૂદીઓની સ્થિતિ. યુરોપભરમાં વધુ ને વધુ હડધૂત થતા રહેવાના કારણે પોતાનું બેવતન-પણું એમને વધુ ને વધુ સાલવા માંડયું હતું અને પાલેસ્ટાઈનમાંનું પોતાનું રાષ્ટ્રીય વતન મેળવવા એ સંગઠિત બનતા જતા હતા.

જર્મનીમાં રહ્યેરહ્યે વાઈઝમાને યહૂદી રાષ્ટ્રીય પુનરુત્થાન, જે 'ઝાયોનિઝમ'ના નામે ઓળખાતું, તે માટે પ્રયત્નો કરવા માંડચા. એ પ્રયત્નોને પરિણામે ૧૮૯૭માં પહેલી ઝાયોનિસ્ટ કૉંગ્રેસ ભરાઈ, પરંતુ એમાં ભાગ લેવા પહોંચવા જેટલાં પૈસા વાઈઝમાન પાસે ન-હોતા. જર્મનીમાં રહી એ ધર્મોપદેશક તરીકે સેવા આપતા અને એના બદલામાં પોતાનું ભણતરનું ખર્ચ મેળવતા. પરંતુ ઇ.સ.૧૮૯૮માં ડૉકટરની ઉપાધિ મેળવ્યા પહેલાં એમણે રંગોની બનાવટની બાબત-માં એક મહત્ત્વની શોધ કરેલી. જીવનની પહેલી પચ્ચીસી વિતાવ્યા પહેલાંની એ શોધ એમણે એક ઔદ્યોગિક પેઢીને વેચી દીધી અને આ રીતે આર્થિક નજરે નિશ્ચિંત બન્યા.

ઇ. સ. ૧૯૦૧માં જીનીવા યુનિવર્સિટીમાં એ રસાયનશાસ્ત્રના લેક્ચરર નિમાયા ત્યારથી એમણે ઝાયોનિસ્ટ આંદોલનમાંવધુ સક્રિય ભાગ લેવા માંડચો. ઝાયોનિસ્ટ કૉંગ્રેસમાં એમણે લોકશાહી પક્ષની સ્થાપના કરી અને ખાલી ચર્ચાના ગોળા ગબડાવવા કરતાં પાલેસ્ટાઈનમાં સક્રિય કામગીરી થવાની આવશ્યકતા પર વધુ ભાર મૂકવા માંડચો. યહૂદીઓનું ધ્યાન પાલેસ્ટાઈન પરથી હઠાવવા બ્રિટિશ સરકારે યુ-ગાન્ડામાં તેમને વસાવવાનું કહેણ મોકલેલું જે 'યુગાન્ડા ઑફર'ના નામે ઓળખાય છે. યહૂદીઓને તેમનું પાલેસ્ટાઇનનું વતન સોંપતાં આરબો ઉશ્કેરાય એમ હતા અને બ્રિટન આરબ રાજ્યો સાથે બગાડવા તૈયાર ન હતું. પરંતુ વાઈઝમાને કૉંગ્રેસમાં બહુમતી મેળવી એ ઑફરનો અસ્વીકાર કર્યો. બીજી બાજુ યહૂદી રાજ્ય-સ્થાપનાની દિશામાં રચ-નાત્મક કામગીરીરૂપે એમણે હિબ્રુ યુનિવર્સિટીની યોજના તૈયાર કરી.

૧૯૦૪થી ૧૯૧૪ સુધી એ માંચેસ્ટર યુનિવર્સિટીમાં બાયો-કેમિસ્ટ્રીના રીડર રહ્યા એ દરમિયાન બનાવટી પદાર્થોની રચના અંગે કેટલાક મૂળભૂત સિદ્ધાંતો શોધી આંતરરાષ્ટ્રીય ખ્યાતિને વર્યા, ને એ દરમિયાન જ ૧૯૦૬માં ડૉ. વીરા ચેટ્ઝમાન સાથે લગ્ન કર્યું.

બ્રિટનની સામાન્ય ચૂંટણી વખતે એ વખતના વડા પ્રધાન બાલફરે માંચેસ્ટરની મુલાકાત લીધેલી. ડૉ. વાઈઝમાને એને મળીને યહૂદી રાષ્ટ્રનો કેસ એની પાસે એટલો પ્રતીતિકારક રીતે રજૂ કરેલો કે દસ વર્ષ બાદ બંને એક સ્થળે એકત્ર થતાં કોઇએ બાલફરને તેમનો પરિચય આપતાં તેણે કહેલું 'ડૉ. વાઇઝમાનનો પરિચય આપવાની મુદ્દલ જરૂર નથી. મને ઝાયોનિસ્ટ બનાવનાર એ જ વ્યક્તિ છે!'

પ્રથમ મહાયુદ્ધ દરમિયાન ડૉ. વાઈઝમાને બ્રિટિશ સરકારને પોતાની સેવા આપી. મિત્રરાજ્યોની ખરેખરી કટોકટીભરી સ્થિતિ વખતે તેમણે સ્ફોટક અસ્ત્રોમાં કામ લાગતા એસીટોનની બનાવટની નવી રીત શોધી કાઢી. કેટલાકના અભિપ્રાય મુજબ તો એમની આ શોધે જ મિત્રરાજ્યોને વિજય અપાવેલો. આ કદાચ અતિશયોક્તિ હોય, તોપણ યુદ્ધ દરમિયાનની એસીટોનની બનાવટને લગતી તથા બીજી એમની શોધો મિત્રરાજ્યોને ખૂબ ઉપયોગી થઈ પડેલી એ તો નિઃસંદેહ છે. એમને સરકારી પ્રયોગશાળાના વડા નીમવામાં આવેલા. આ પદે રહીને એમણે બાલફર ઉપરાંત નૌકાખાતાના વડા તેમજ બીજા અનેક બ્રિટિશ અફસરો, રાજનીતિજ્ઞો, પત્રકારો, ધર્મા-ચાર્યો વગેરેને પોતાના પક્ષમાં લઈ, યહૂદી રાજ્ય માટે બ્રિટનમાં જાહેર પ્રજામત ઊભો કર્યો, જેનું પરિણામ છેવટે ૧૯૧૭માં યહૂદીઓને રાષ્ટ્રીય વતન માટેનું વચન આપતા બાલફર-જાહેરનામામાં આવ્યું.

યુદ્ધ પતી ગયા બાદ પારીસમાં મળેલી સુલેહ પરિષદમાં એમણે ઈરાકના શાહ ફૈઝલ સાથે બાલફર જાહેરનામાનો સ્વીકાર કરતી સમજૂતી કરી લીધી. પાલેસ્ટાઈનમાં હિબ્રુ યુનિવર્સિટીનો પાયો નાખ્યા બાદ તેમણે અમેરિકાની મુલાકાત લઇ ત્યાંનો લોકમત પણ યહૂદી રાષ્ટ્રની તરફેણમાં વાળ્યો.

પરંતુ બાલફર જાહેરનામાથી વચનબદ્ધ થયા છતાં પાછળથી બ્રિટન ઢીલું પડચું. ડૉ. વાઈઝમાન હિંમત ન હાર્યા. એમણે અમે-રિકાને ગળે પોતાનો મુદ્દો બરાબર ઉતારી દીધેલો હોઇ, પાલેસ્ટાઇનમાં યહૂદીઓના પ્રવેશ પર અંકુશ મૂકવાનાં કે બીજાં કોઈ એવાં પગલાંમાં બ્રિટનને નિષ્ફળતા જ વરી. બીજા મહાયુદ્ધ દરમિયાન બ્રિટનનાં પગલાંનો એ પ્રત્યક્ષ સામનો ન કરી શકચા, પણ યુદ્ધ સમાપ્ત થયા બાદ એમણે અમેરિકાના પ્રમુખ ટ્રુમૅનની મુલાકાત લીધી અને યહૂદી કામચલાઉ સરકારની જાહેરાત કરવાની બાબતમાં તેની સંમ-તિ મેળવી. ઈઝરાએલની આ કામચલાઉ સરકારના પ્રમુખ તરીકે એમની જ વરણી થએલી. ત્યાર બાદ ૧૯૪૯માં ઇઝરાએલનો યુક્ત રાષ્ટ્રસંઘે સત્તાવાર સ્વીકાર કર્યો અને ડૉ. વાઈઝમાન એ સાલમાં તેમજ ૧૯૫૧માં તેના ફરી ફરી પ્રમુખ ચુંટાયા.

આમ, આજીવન મથતા રહી એમણે બેવતન યહૂદી જાતિને તેનું વતન પાછું અપાવ્યું અને બે હજાર વર્ષથી અશકચ મનાતા કાર્યને શકચ કરી બતાવ્યું. અલબત્ત, જગતનાં અન્ય રાષ્ટ્રોના પ્રમાણમાં ઇઝરાએલ બહુ નાનું રાષ્ટ્ર છે, પણ ડૉ. વાઈઝમાનના આ શબ્દો એ શિશુ રાષ્ટ્રના એકએક નાગરિકના હૈયે જડાએલા છે કે, 'અમે એક દેશ તરીકે નાના છીએ, પણ પ્રજા તરીકે મહાન છીએ.' અને એક વખતના ઇંગ્લંડના યહૂદી વડા પ્રધાન ડીઝરાએલીના કહ્યા મુજબ, 'યુરોપ તેના કાનૂનોના સર્વોત્તમ ભાગ માટે, સાહિત્યના સારા જેવા હિસ્સા માટે અને ધર્મની બાબતમાં તો સંપૂર્ણપણે જે પ્રજાનું ઋણી છે એ યહૂદીઓ એક મહાન પ્રજા હોવાનો કોઇથી ઈન્કાર થઈ શકે તેમ નથી.'

—અશોક હર્ષ

કસોટી પત્થર

ચોકસી તથા સોની લોકો સોનાની પરખ માટે જે કાળો પત્થર વાપરે છે તે 'કસોટી' કહેવાય છે. અંગ્રેજીમાં તેને 'ટચ સ્ટોન' કહે છે.

કસોટી પત્થર આપણે ત્યાં ગંગા, ગંડકી અને નર્મદા એ ત્રણ નદીઓમાંથી નીકળે છે, જેમાં સૌથી ઉત્તમ પત્થર ગંડકી નદીના ગણાય છે. ત્યાંના પત્થર ખૂબ ચળકતા, સુંવાળા અને કાળા રંગના આવે છે. તેની નીચે માણસના મોં જેવું ચિહ્ન અથવા ચક્ર જેવો આકાર કુદરતીરીતે જ પડેલો હોય છે. આવાં ચિહ્નોવાળા પત્થરોને 'શાલિગ્રામ' કહે છે. કોઇકોઈ જવલ્લે જ મળતા પત્થરોમાં આ ચિહ્નો-ની અંદર સોનું પણ મળી આવે છે, જે શુદ્ધ શાલિગ્રામ કહેવાય છે અને ધર્મશ્રદ્ધાળુ લોકો તેની પ્રભુના અંશ તરીકે પૂજા પણ કરે છે. આ પછી બીજે નંબર ગંગા નદીના પત્થરોનો આવે છે. આ પત્થરો પણ સારા જ આવે છે, પરંતુ તેમાં નીચે મુખારવિંદ જેવું ચિહ્ન નથી હોતું; ફક્ત ચક્ર જેવી છાપ ઘણી વખત મળી આવે છે. જ્યારે છેલ્લો ક્રમ નર્મદા નદીના પત્થરોનો આવે છે. એમાં કોઈ પણ જાતનું ચિહ્ન ન હોતાં તે ફક્ત લીસા સુંવાળા પત્થરો જ હોય છે.

આ બધા પત્થરોમાં પણ પાછી ચાર જાતો છે: એક 'લીલી', બીજી 'રાયડી', કસોટી કરવાના ચાર પ્રકારોની ત્રીજી 'મધ્યમ' અને

આ માસ(ડિસેમ્બર) ઇતિહાસમાં: દિનવિશેષ · વ્યક્તિવિશેષ · પ્રસંગવિશેષ

આ માસના દિનવિશેષ

તા. ૪ અંગ્રેજોએ કાયદો કરી હિંદમાંથી સતી થવાનો રિવાજ બંધ કર્યો, ૧૮૨૯.
તા. ૧૦ મુઘલકાલિન ઇતિહાસના સમર્થ સંશોધક જદુનાથ સરકારનો જન્મ, ૧૮૭૦.
તા. ૧૨ હિંદની રાજધાની કલકત્તાથી ફેરવીને દિલ્હી લઇ જવામાં આવી, ૧૯૧૧.
તા.૧૬ ચીનમાં ૨૦ લાખ માનવીનો ભોગ લેનાર જગતનો સૌથી ભયંકર ધરતીકંપ, ૧૯૨૦.
તા. ૨૫ ગુરુત્વાકર્ષણના શોધક આઈઝૅક ન્યૂટનનો જન્મ, ૧૬૪૨.
તા. ૨૬ પહેલા મુઘલ સમ્રાટ બાબરનું આગ્રા મુકામે અવસાન, ૧૫૩૦.
તા. ૨૮ ઍલન ઓ. હ્યુમના પ્રયત્નને લીધે 'ઇન્ડિયન નૅશનલ કૉંગ્રેસ'ની સ્થાપના, ૧૮૮૫.
તા.૨૯ 'આઇરિશ ફ્રી સ્ટેટ'નો અંત આવી 'આયર' તરીકે આયર્લૅન્ડ નવજન્મ પામ્યું, ૧૯૩૭.
તા.૩૧ બાંકીપુરમાં કૅપ્ટન કૅમ્પવેલને હાથે પરાજય પામી નાનાસાહેબ અદૃશ્ય થયા, ૧૮૫૭.

આ માસની વ્યક્તિવિશેષ: સ્ટાલિન



રશિયાના તારણહાર લેનિન પાસેથી 'પોલાદી પુરુષ'નું બિરુદ મેળવનાર અને નવસર્જન વડે રશિયન મહારાજ્યની અડીખમ કાયા ઘડનાર તેના આજના સરમુખત્યાર સમા સ્ટાલિનનો જન્મ ટિફલિસના એક નિર્ધન મોચીને ત્યાં ૧૮૭૯ની ૨૧મી ડિસેમ્બરે થએલો. ઝૂગાશ્વિલિ–Dzhugashvili એ તેનું ખરું નામ. વીસ વર્ષનો થતાંમાં તો તેણે માર્ક્સનાં તમામ પુસ્તકોનો ઝીણવટથી અભ્યાસ કરી નાખ્યો અને ૧૯૦૩માં લેનિનને જઈ મળીને સામ્યવાદી બનવામાં જે કંઈ બાકી હતું તે પૂરું કર્યું ને લેનિનનો મુખ્ય ચેલો બની ગયો, પણ સ્વભાવે એકાંતિક હોવાથી તે બહુ જાહેરમાં આવ્યો ન હતો. ઓળખીતાઓ તેને 'લેનિનનો મૂંગો મંત્રી' કહેતા. આ વર્ષો દરમિયાન પંદર પંદર વાર તો તેને જેલમાં જવું પડ્યું હતું, પણ કંઇ ને કંઈ યુક્તિ કરી તે દરેક વાર નાસી આવેલો. તેની કામગીરીથી ખુશ થઇ લેનિન તેને પોલાદી પુરુષ કહેતો. રશિયન ભાષામાં સ્ટાલિન એટલે પોલાદ.

૧૯૨૨માં લેનિને કૉમ્યુનિસ્ટ પક્ષનું ખાલી પડેલું મંત્રીપદ લેવા ટ્રૉટ્સ્કીને કહ્યું, પણ તેણે ના પાડતાં સ્ટાલિને તે ધારણ કર્યું અને લેનિનના મૃત્યુ બાદ તો તે બોલ્શેવિક રશિયાનો સર્વશ્રેષ્ઠ અધિષ્ઠાતા બન્યો. જોકે એમાં એ અનેક કાવાદાવા રમ્યો ખરો, જેને લીધે ટ્રૉટ્સ્કીને દેશવટે નીકળવું પડ્યું.

સ્ટાલિને સત્તા હાથ ધરી ત્યારે બોલ્શેવિકોનું સર્વસ્વ જામ્યું હતું ખરું, પણ રાષ્ટ્રોદ્ધારના કાર્યનું વિશાળ ક્ષેત્ર હજી અણખેડ્યું જ હતું. વિપ્લવ પછી શાંતિ સ્થપાઈ હતી, પણ યુદ્ધને પરિણામે ત્રાસી ગએલા ને ભૂખે મરતા કરોડો રશિયનોનો ઉત્કર્ષ સાધવાનો હજી બાકી હતો. અન્ન, રહેઠાણો, રસ્તાઓ, ઉદ્યોગો, અક્ષરજ્ઞાન વગેરે રાષ્ટ્રને પગભર થવા માટે જરૂરી પ્રત્યેક જરૂરિયાતના ક્ષેત્રમાં ધરમૂળથી પરિવર્તન લાવવાનું હતું. તે માટે ભૌતિક આબાદી કરનારી એક પંચવાર્ષિક યોજના ઘડવામાં આવી અને દુનિયાનાં અન્ય આબાદ સામ્રાજ્યો પણ જોઈને દંગ થઇ જાય તેવા મોટામોટા હુન્નરઉદ્યોગનાં તથા વીજળી ને મોટરગાડીઓનાં કારખાનાં ખોલવાનો નિર્ણય કર્યો. રશિયાના આ દિવાસ્વપ્નની પૂંજીવાદી દેશો ઠેકડી કરતા રહ્યા ત્યાં તો પાંચ વર્ષને અંતે ૧૯૩૨માં જ્યારે એ વિરાટ યોજના સફળ રીતે પાર ઊતરી ત્યારે એ નવજાગૃતિને આખી દુનિયા વિસ્મય ને વિમુગ્ધ દૃષ્ટિથી જોઈ રહી. રશિયાના આ નવઘડતરની પાછળ લોખંડી સ્ટાલિનનો પ્રબળ પુરુષાર્થ હતો. એની એ પોલાદી શક્તિના કારણ રૂપ એની દૃઢતા, એની તંદુરસ્તી, ધૈર્ય, ખંત, ઉસ્તાદી ને યુક્તિ છે. વ્યવસ્થાશક્તિ તો એ પોતાની જ કહેવડાવે છે. ફિલસૂફી ને ઇતિહાસનો એ જ્ઞાતા ભાગ્યે જ કોઇને મળે છે. એનું ઘર પણ સાદુંસીધું માત્ર ત્રણ ઓરડાવાળું જ છે. ઘણુંખરું તો એ ગામડામાં જ રહે છે.

આવા જોસેફ વિસારીઓનોવિચ સ્ટાલિનના નેતૃત્વ હેઠળ રશિયા આજે જગતના રાજકારણમાં કેવું અગત્યનું સ્થાન લઇ બેઠું છે તે દુનિયાના વર્તમાન રાજકારણથી પરિચિત કોઇથી અજાણ નથી.

નવેમ્બર(૧૯૫૨)ની તવારીખ

તા. ૧ પ્રજાના વિરોધ સાથે મુંબાઈ રાજ્યમાં બહુમુખી વેચાણવેરાનો પ્રારંભ. **તા.** ૫ રીપબ્લિકન ઉમેદવાર જનરલ આઈઝનહોવરની અમેરિકાના આગામી ૩૪મા પ્રમુખ તરીકે ચૂંટણી. **તા.** ૧૦ છ વર્ષ સુધી 'યૂનો'નું મહામંત્રીપદ ધરાવતા મિ. ટ્રિગ્વે લીએ પોતાના હોદ્દાનું રાજીનામું આપ્યું. **તા.** ૧૨ ભારતના ઉપ-રાષ્ટ્રપ્રમુખ ડૉ. રાધાકૃષ્ણનની ૧૯૫૩ માટે યુનેસ્કોના પ્રમુખ તરીકે ચૂંટણી. **તા.** ૧૬ એનિવેટોક ટાપુઓ પર અમેરિકાએ કરેલો પ્રયોગ હાઇડ્રોજન બૉંબનો હોવાની માન્યતા પ્રસરી. **તા.** ૧૭ કાશ્મીરમાં ૪૦૦૦ વર્ષની જૂની રાજશાહીનો અંત આવી યુવરાજ કરણસિંહે ત્યાંના પ્રથમ ચુંટાએલા રાજપ્રમુખ તરીકે સોગંદ લીધા. **તા.** ૨૧ ભારતના રીઝર્વ બૅંકે ૧૦૦૦, ૫૦૦૦ અને ૧૦,૦૦૦ની નોટો ફરી ચાલુ કરવાનો નિર્ણય લીધો. **તા.** ૨૨ મુંબાઈ રાજ્યે ભોજન-સમારંભો પરના અંકુશો હળવા કરી સો માણસો જમાડવા સુધીની છૂટ આપી. **તા.** ૨૪ મુંબાઈમાં ગુજરાતી નાટ્યશતાબ્દી મહોત્સવનું શ્રી કનૈયાલાલ મુનશીએ ઉદ્ઘાટન કર્યું.

પ્રસંગવિશેષ: યાંત્રિક વિમાનનું પ્રથમ ઉડ્ડયન · ૧૭મી ડિસેમ્બર · ૧૯૦૩

આજના વિમાને સાધેલી પ્રગતિ જોયા બાદ આપણે ભાગ્યે જ માનીએ કે એ ઉડ્ડયનોની શક્યતા નિશ્ચિત થયાને હજી તો પૂરાં પચાસ વર્ષ પણ નથી થયાં. આપણા પુરાણમાં આવતાં તેનાં વર્ણનો હકીકત હો યા તરંગ, પરંતુ તેને મૂર્ત કરવા પશ્ચિમે જે પ્રયત્નો કર્યા છે તેના તો પ્રત્યક્ષ પુરાવાઓ આપણી પાસે છે. પંખીની ઢબે શરીર સાથે પાંખો બાંધી ઊડવા જતાં કૈંક તુક્કેબાજોએ જાન ગુમાવ્યા બાદ, વિજ્ઞાનની તરક્કી સાથે હલકા વાયુ ભરેલા ફુગ્ગાઓ જોડે સઢ-સુકાનવાળા ટોપલા બાંધીને હવામાં જહાજો તરાવવાના પ્રયોગો થયા; જેના અભ્યાસ-અનુભવે આખરે ગ્લાઇડરો શોધાયાં. આ ગ્લાઈડરમાં કેટલીક મૌલિક શોધખોળ ઉમેરી, યંત્રની મદદથી હવા કાપીને અદ્ધર ઊડતું એક વિમાન અમેરિકાના ઓરવિલ રાઇટ તથા વિલ્બર રાઇટ નામના બે ભાઈઓએ બનાવીને ઈ. ૧૯૦૩ની ૧૭મી ડિસેમ્બરે તેનો પ્રથમ પ્રયોગ કર્યો. જગતનું એ પહેલું વિમાન હવામાં તો ફક્ત ૫૯ સેકંડ જ રહી શકેલું, પણ એટલાથી યે પ્રોત્સાહન પામીને એ શોધે ત્યાર પછી ઉત્તરોત્તર જે ઝડપી પ્રગતિ સાધી છે તેના તો આપણે સૌ સાક્ષી છીએ.

ઉપજાતિ

જાઓ ભલે જીવનઆશ સર્વે, ઉત્પાત થાઓ, ઉપહાસ થાઓ;
થાઓ તિરસ્કાર, વિનાશ થાઓ, ન એક થાજો પ્રભુપ્રીતિ નાશ.

—રમણભાઇ નીલકંઠ



ફિનલૅન્ડમાં તાજેતરમાં ભરાએલી ૧૫મી ઑલિમ્પિક જગત હરીફાઇઓ પ્રસંગે નીકળેલી ટિકિટોની રદ્દીકરણમાટેની છાપ.

પાકિસ્તાની સૈનિકોએ કાશ્મીર પર ચડાઈ કરી ત્યારે ઘેરાએલાં ગામડાંઓમાં શેરવાની નામે બારામુલ્લાનો એક સામાન્ય મુસ્લિમ દુકાનદાર (જેણે શેખ અબ્દુલ્લા સાથે સ્વતંત્રતા માટે કામ કરેલું) લોકોની વચ્ચે ઘૂમીને હિંમત આપી રહ્યો હતો. ત્રણ હુમલા પાછા વાળ્યા બાદ તે શત્રુને હાથ પડ્યો, ત્યારે હુમલાખોરોએ તેને એક દુકાન આગળ બાંધી, ત્યાં બંદુકને કુંદે એકઠા કરેલા લોકો પાસે 'પાકિસ્તાન ઝિંદાબાદ' પોકરાવવા ફરમાવ્યું. શેરવાનીએ સાફ ના પાડતાં તેમણે ઈશુની માફક તેનાબે હાથમાં ખીલા ઠોકયા ને કપાળે 'દ્રોહીને મૃત્યુની શિક્ષા' એવા અક્ષરોવાળું પતરું ઠોક્યું. પણ શેરવાનીએ તો ઊલટો પોકાર કર્યો: 'હિંદુ-મુસલમાનની જય.'

અને ૧૪ ગોળીઓએ તેને વીંધી નાખ્યો.

ગણિતનો ચમત્કાર ૧૧ પાઉંડ, ૧૯ શિલિંગ, ૧૦ પેન્સથી ઓછી કોઈ પણ રકમ લ્યો. એમાં પાઉન્ડથી પેન્સ ઓછા હોવા જોઇએ. તમે લીધેલી સંખ્યાને ઉલટાવી મૂળ સંખ્યામાંથી બાદ કરો, ને જે બાદબાકી આવે તેમાં બાદબાકીની જ રકમ ઉલટાવીને ઉમેરી દો. પછી તમે ગમે એટલા મથશો તો યે જવાબ હમેશાં આજ આવશે: ૧૨ પા. ૧૮ શિ. ૧૧ પે. (૨૫)


એક કંટાળેલો આગિયો બીજા આગિયાને: 'હું તો હેરાન હેરાન થઈ ગયો. હું મૂર્ખો ક્યારનો એક બળતી સિગારેટના ઠૂંઠા જોડે પ્રેમ કરતો'તો!'

કહેવતોના અર્થ: 'કારતક મહિને કણબી ડાહ્યો'–ચોમાસું વીતીને છેક અનાજ પાકવાનો વખત થાય તે વખતે ખેડૂત "આમ ખેતી કરી હોત તો આમ થાત" એવા વિચાર કરે તે જેમ નિરર્થક છે, તેવી રીતે અવસર વીત્યા પછી તેના ઉપર ડહાપણ ડોળનાર પાછળબુદ્ધિના લોકો માટે આ કહેવત વપરાય છે. તેને મળતી બીજી કહેવતો: 'રાંડ્યા પછીનું ડહાપણ'; 'ગરથ ગયા પછી જ્ઞાન' વગેરે.


અનેકાર્થી શબ્દ : **પાણું**=ચોથો ભાગ; ચોથો ભાગ દર્શાવનારી કાના જેવી ઊભી લીટી; ખેતરના પાકને પાણી પાવું તે; કાંજી; પવાત; પહાણ; પાષાણ; હાથ.

માગશર (ડિસેમ્બર): હેમંત ઋતુ: દ્રાક્ષને ફળ આવવા માંડે છે. અંજીર, સફરજન, બોર ને સંત્રાંની મોસમ. કપાસ વીણવાનો ને શકરિયાં ખોદવાનો વખત. ડાંગર, જુવાર, કઠોળ તથા વરિયાળીના પાકની મોસમ. (૨૫)

જાણો છો? ¶ આકાશમાં દર વર્ષે સરાસરી ૧,૬૦,૦૦,૦૦૦ વાર એટલે કે રોજની ૪૪ હજાર વાર વીજળી ઝબકે છે, ને પૃથ્વી પરથી જુદે જુદે ૩૦૦૦ સ્થળોએથી તેનાં નિરીક્ષણો થાય છે. ¶ ઑસ્ટ્રેલિયામાં ૪૮૦ ફૂટથી યે વધુ ઊંચાઇનાં યુકૅલિપ્ટસ ઝાડ ઊગે છે. ¶ જ્યાં નારંગી ન થતાં હોય એવો જગતનો એકે ખંડ નથી. ¶ રૂપું મૂકેલી પેટીમાં કપૂર મૂકી રાખવાથી રૂપું કાળું પડતું નથી એમ કહેવાય છે. ¶ સાગર વધુમાં વધુ ઊંડો ફિલિપાઈન્સ ટાપુઓની ઉત્તરે જાણવા મળ્યો છે: ૩૨,૦૮૮ ફૂટ. ¶ ફક્ત ફૂટબૉલ બનાવવામાં જ દર વર્ષે ૫૦ ટનથી વધુ ચામડું ગ્રેટબ્રિટન વાપરે છે! ¶ એક વર્ષમાં કારખાનાના ધુમાડામાં કણ રૂપમાં જ એટલો કોલસો હવામાં ઊડી જાય છે કે જેટલો કોલસો ખાણમાંથી ખોદી કાઢતાં લાગટ ત્રણ દિવસ મહેનત કરવી પડે!



કલાકણિકા: ધાર્મિક પૂજા અને પોતાના શૉખની વસ્તુઓમાં માનવીએ સૌથી વધારે કલા ઉતારી છે. પાનદાન, કાથા-ચૂનાની ડબ્બીઓ તથા સૂડી સુદ્ધાંતમાં તેણે કરેલા કલાના નાનાવિધ જે અભિનિવેશો આજસુધી આપ્યા છે તેમાં એક નવો ઉમેરો: કૅન્ડી (લંકા)ની પાન રાખવાની ખલેચી. (તેની સાથે લટકાવવાની કાથા-ચૂનાની ડબ્બીઓ ગયે મહિને



આ શાની આકૃતિ? ઓળખી ન શકો તો આ અંકની નીચલી કિનાર આંખ આગળ રાખીને જોશો તો ઊકલશે.

ચોથી 'લુખ્ખી' જે તદ્દન નકામી મનાય છે, કેમકે તેની સપાટી બરછટ હોય છે અને કસ બરાબર નથી આવતો. જ્યારે 'મધ્યમ' સૌથી સારું કામ આપે છે. 'રાયડી' રાયડા એટલે કે ત્રાંબા મિશ્રિત સોના માટે ને 'લીલી' રૂપાના મિશ્રણવાળા સોના માટે ખૂબ સારું કામ આપે છે.

વળી આપણા દેશમાં આ પત્થરનો ઉપયોગ પણ દરેક ભાગમાં જુદીજુદી રીતે થાય છે. મુંબાઇમાં કસોટી પત્થર પર કસ મારતાં અગાઉ એરંડીનાં ઘી અને કાળી રેતી લગાડાય છે, જ્યારે અમદાવાદ તરફ એરંડીના બદલે મોરપીંછ લગાડાય છે. મદ્રાસમાં કસોટી-પત્થર બરછટ હોય છે અને તેના પર કસ માર્યા બાદ તેને મીણ ઉપર લઇને તે ઉપરથી સોનાની જાત નક્કી કરાય છે. કલકત્તા તરફ મુંબાઈ તેમજ મદ્રાસની બંને રીતો વ્યવહારમાં ચાલે છે.

સોનું કઇ કોટિનું છે તે જોવા માટે તેનો કસ કાઢવા સારૂ આ પત્થર પર તેનો લીટો પાડવામાં આવે છે. તે પછી, ચોકસી, પોતાની પાસે જુદીજુદી કક્ષાના સોનાના નમૂના ધરાવતી સળીઓના સમૂહમાંથી એ લીટાને બરાબર મળતી આવતી સળી પોતાના અનુભવથી શોધી કાઢીને તે વડે તેને પડખે બીજો લીટો કરી તે બંનેને મેળવી જુએ છે, અને આ રીતે સોનાની જાત નક્કી કરે છે. આમાં ખૂબ અનુભવ ઉપરાંત આંખોનું તેજ, તીવ્ર યાદશક્તિ વગેરે ગુણો પણ જરૂરી છે, કસોટી પત્થર જ્યારે સોનાના કસથી ભરાઇ જાય ત્યારે તેને વિલાયતી નળિયા વડે પાણીમાં ઘસવાથી બધા જ કસ ચાલ્યા જાયછે. જ્યાં આ જાતનું મોટું કામ થતું હોય ત્યાં આવા પાણીમાંથી લાંબા ગાળે સોનું પણ મેળવાય છે. ('અલંકાર'માં ધીરજલાલ લ. સોની)

દુનિયાભરને માટે નવું કાયમી કૅલેન્ડર

1ST QUARTER

JANUARY						
S	M	T	W	T	F	S
1	2	3	4	5	6	7
8	9	10	11	12	13	14
15	16	17	18	19	20	21
22	23	24	25	26	27	28
29	30	31				

FEBRUARY						
S	M	T	W	T	F	S
			1	2	3	4
5	6	7	8	9	10	11
12	13	14	15	16	17	18
19	20	21	22	23	24	25
26	27	28	29	30		

MARCH						
S	M	T	W	T	F	S
					1	2
3	4	5	6	7	8	9
10	11	12	13	14	15	16
17	18	19	20	21	22	23
24	25	26	27	28	29	30

2ND QUARTER

APRIL						
S	M	T	W	T	F	S
1	2	3	4	5	6	7
8	9	10	11	12	13	14
15	16	17	18	19	20	21
22	23	24	25	26	27	28
29	30	31				

MAY						
S	M	T	W	T	F	S
			1	2	3	4
5	6	7	8	9	10	11
12	13	14	15	16	17	18
19	20	21	22	23	24	25
26	27	28	29	30		

JUNE							
S	M	T	W	T	F	S	
					1	2	
3	4	5	6	7	8	9	
10	11	12	13	14	15	16	
17	18	19	20	21	22	23	
24	25	26	27	28	29	30	W

3RD QUARTER

JULY						
S	M	T	W	T	F	S
1	2	3	4	5	6	7
8	9	10	11	12	13	14
15	16	17	18	19	20	21
22	23	24	25	26	27	28
29	30	31				

AUGUST						
S	M	T	W	T	F	S
			1	2	3	4
5	6	7	8	9	10	11
12	13	14	15	16	17	18
19	20	21	22	23	24	25
26	27	28	29	30		

SEPTEMBER						
S	M	T	W	T	F	S
					1	2
3	4	5	6	7	8	9
10	11	12	13	14	15	16
17	18	19	20	21	22	23
24	25	26	27	28	29	30

4TH QUARTER

OCTOBER						
S	M	T	W	T	F	S
1	2	3	4	5	6	7
8	9	10	11	12	13	14
15	16	17	18	19	20	21
22	23	24	25	26	27	28
29	30	31				

NOVEMBER						
S	M	T	W	T	F	S
			1	2	3	4
5	6	7	8	9	10	11
12	13	14	15	16	17	18
19	20	21	22	23	24	25
26	27	28	29	30		

DECEMBER							
S	M	T	W	T	F	S	
					1	2	
3	4	5	6	7	8	9	
10	11	12	13	14	15	16	
17	18	19	20	21	22	23	
24	25	26	27	28	29	30	W

આજના અનિયમિત દિન-સંખ્યાવાળા કૅલેન્ડરને બદલે દુનિયાભરને માટે એક જ સમતોલ અને કાયમી અધિકૃત કૅલેન્ડર બનાવવાનું ઘણા સમયથી વિચારાયા કરે છે અને એ દિશામાં ઘણા પ્રયત્નો થાય છે. તેમાં 'વર્લ્ડ કૅલેન્ડર એસોસીએશન' તરફથી 'યુ. ને.'માં રજૂ થનારા ઉપરના કૅલેન્ડરને ઇંગ્લંડના શાહી ખગોળશાસ્ત્રીએ ત્યાંના સર્વોચ્ચ શાહી વિદ્વન્મંડળ (રૉયલ સોસાએટી ઑવ આર્ટ્સ) આગળ એકમાત્ર ગણનાપાત્ર કૅલેન્ડર તરીકે ઓળખાવ્યું છે.

એ કૅલેન્ડર પ્રમાણે દરેક વર્ષ એકસરખું હશે અને તે રવિવારે જ શરૂ થતું હશે. એને ત્રણ ત્રણ માસનો એક એવા ચાર 'ક્વાર્ટર' (ભાગ)માં વહેંચી નાખવામાં આવ્યું છે. એ દરેક હપતાનો પહેલો માસ પણ રવિવારે જ શરૂ થતો હશે અને તેમાં ૩૧ દિવસ હોઇને પાંચ રવિવાર રહેશે, જ્યારે તે પછીના બે માસ ૩૦ દિવસના અને ચાર રવિવારવાળા હશે. આમ, દરેક માસમાં એકસરખા ૨૬ 'કામગીરીના દિવસ' રહેશે અને દરેક ક્વાર્ટર એકસરખો ૯૧ દિવસનો બનશે. એ હિસાબે ચાર ક્વાર્ટરમાં (આખા વરસના) ૩૬૪ દિવસ થશે, અને ૩૬૫મો દિવસ ૩૦મી ડિસેમ્બર બાદ વધારાનો છુટો રાખીને તેને 'જગત તહેવાર' ગણવામાં આવશે. એ જ રીતે દર ચાર વર્ષે ૩૦મી જૂન પછી 'લીપ ઈઅર ડે' ને વધુકો ઉમેરી લઇને તેને પણ 'જગત તહેવાર' ગણવામાં આવશે. એ બંનેનાં સ્થાનો, ઉપલા કૅલેંડરમાં ૩૦ જૂન તથા ૩૦ ડિસેમ્બર પછી w ઉમેરીને દર્શાવ્યાં છે.

(જર્નલ ઑવ કૅલેન્ડર-રીફૉર્મ ઉપરથી)

સૌરાષ્ટ્રની વનસ્પતિ-મોજણી

'સૌરાષ્ટ્ર સંશોધન મંડળ'ના સૂચનથી મુંબાઈની સેન્ટ ઝેવીઅર્સ કૉલેજના વનસ્પતિ વિભાગના સંચાલક રેવરંડ ફાધર એચ. સાન્ટાપોએ સૌરાષ્ટ્રમાં ઊગતા છોડવાઓની મોજણી કરી ૩૦૦૦ નમૂના એકઠા કર્યા છે, જેમાં ઔષધીય ગુણોવાળા છોડનું પ્રમાણ મોટું છે.

સંગીતનું મ્યૂઝિયમ

સ્વ. બાખ (Bachke) નામના એક નૉર્વેજિયન રાજપુરુષની ઈચ્છાનુસાર તેના મકાનમાં, તેણે પોતે જીવનભર સંઘરેલા નમૂનાઓ તથા તેની મૂડીમાંથી નૉર્વેમાં ટ્રાન્ડહાઈમ મુકામે સંગીત વિષયક એક સંગ્રહસ્થાન ઊભું કરાયું છે. તેમાં યુરોપ, એશિયા, આફ્રિકા વગેરે દેશોનાં વાદ્યોના સંગ્રહ સાથે, મળી શકયાં તેટલાં પ્રત્યેક દેશના સંગીતકારોનાં ચિત્રો ને શિલ્પમૂર્તિઓ ઉપરાંત, તેમણે રચેલાં સંગીતની મૂળ હસ્તપ્રતો, તેમની નોંધો, પત્રો વગેરેનો પણ સંગ્રહ કરાયો છે. જે ઓરડામાં જે કાળનો સંગીતવિષયક સંગ્રહ છે તે સમયને અનુરૂપ જ તે ઓરડાઓની રચના પણ તેમાં કરાઇ છે.

વિનુ માંકડનો નવો રેકોર્ડ


ટેસ્ટ મૅચોમાં રમવાની પોતાની છ જ વર્ષની કારકિર્દીમાં વિનુ માંકડે એક નવો જ જગત-વિક્રમ (વર્લ્ડ રેકોર્ડ) કર્યો છે. માત્ર ૨૩ ટેસ્ટ મૅચોમાં રમીને તેણે ૧૧૧૯ રન કરવા સાથે ૧૦૧ વિકેટ લઇ જગતના 'સૌથી વધુ ઝડપી ડબલ' તરીકેનો રેકૉર્ડ તોડયો છે. આ પહેલાં ઑસ્ટ્રેલિયન કૅપ્ટન એમ. એ. નૉબલે ૨૭ મૅચોમાં રમી એ વિક્રમ નોંધાવેલો. તેના સિવાય ઑસ્ટ્રેલિયાના જ્યૉર્જ ગિફને ૩૦, ઇગ્લંડના મોરીસ ટેટે ૩૩ અને વિલ્ફ્રેડ હૅરિસે ૪૩ મૅચોમાં એ વિક્રમ કરેલો.

બ્રોડકાસ્ટિંગ મીટરને મેગાસાઈકલમાં ફેરવવાનો કોઠો

આજે જે જે આંતરરાષ્ટ્રીય શૉર્ટવેવ બ્રૉડકાસ્ટિંગ બૅન્ડની બહુ પ્રચલિત છે તેની વેવલૅંગ્થને મીટરમાં આ નીચે આપીને તેની સાથે તેને અનુરૂપ મેગાસાઇકલ ફ્રીકવન્સીનો કોઠો આપ્યો છે.


મીટર બૅન્ડ	વેવલૅંગ્થ (મીટર)	મેગા. બૅન્ડ	ફ્રીકવન્સી (મેગા.)
૪૯	૫૦ ૦૦–૪૮·૩૯	૬	૬·૦૦– ૬·૨૦
૪૧	૪૧·૬૭–૪૧·૧૦	૭	૭·૨૦– ૭·૩૦
૩૧	૩૧·૫૮–૩૦·૯૩	૯	૯·૫૦– ૯·૭૦
૨૫	૨૫·૬૪–૨૫·૨૧	૧૧	૧૧·૭૦–૧૧·૯૦
૧૯	૧૯·૮૭–૧૯·૫૪	૧૫	૧૫·૧૦–૧૫·૩૫
૧૬	૧૬·૯૦–૧૬·૮૧	૧૭	૧૭ ૭૫–૧૭ ૮૫
૧૩	૧૩·૯૯–૧૩·૭૯	૨૧	૨૧·૪૫–૨૧·૭૫·

ચાવી: શૉર્ટ, મીડિયમ કે લૉંગ વેવના કોઇ પણ મીટરના મેગાસાઈકલ કરવા માટે તેની વેવલૅંગ્થ વડે ૩૦૦ની સંખ્યાને ભાગવાથી મેગાસાઇકલ મળી આવશે. —'ધ વૉઈસ ઑવ અમેરિકા'માંથી






દીપમાલા (પ્રાચીન શિલ્પ) ઓરિસ્સામાં જગન્નાથપુરી જતાં રસ્તે આવતા ભુવનેશ્વરનાં મંદિરો ભારતનાં અતીવ સુંદર શિલ્પો ધરાવે છે. તેમાંના મુખ્ય લિંગરાજમંદિરના જગમોહનની દીવાલ પર જે અનેક ચક્ષુરમ્ય શિલ્પમૂર્તિઓ છે તેમાંની આ દીપમાલા આપણી દસમી સદીની કલાનો મનોહર નમૂનો છે. સપ્રમાણ અને પુષ્ટસુંદર એના દેહનો લલિત આભંગ અને ચહેરા પરની આછી મુસ્કરાહટ જેટલા નયનરંજક છે એટલાં જ એનાં આભૂષણો તથા વેણીગુંફન વગેરે પણ ધ્યાન ખેંચે છે. બાજુનું એ જ મૂર્તિનું બીજા કોણથી લીધેલું ચિત્ર એટલું જ સુંદર દર્શન આપે છે. (ફોટો: ચંદુભાઈ વાઢ)




કુંભકોનમ્ (ફોટો. જગન મહેતા) દક્ષિણ હિંદનાં ઉત્તમ તીર્થોમાંનું એક અને બાસઠેક હજારની વસતિનું આ શહેર તાંજોર કરતાં પણ કેટલા ય ગણું ધાર્મિક માહાત્મ્ય ધરાવે છે. અહીં પુષ્કળ મંદિરો છે. એને મંદિરોનું જ શહેર કહીએ તો પણ ચાલે. આટલાં બધાં મંદિરો અહીં ક્યાંથી અને શા માટે આવ્યાં? જલપ્રલયમાં પૃથ્વી ગરક થઈ ગઇ. કલિયુગ માટે બ્રહ્મા જગતનું નવવિધાન કરવા લાગ્યા. પ્રલયંકર રુદ્રે તેમને કહ્યું, 'પૃથ્વીનો પ્રલય કરવા છતાં પણ મેં તેનું અમૃત આ કુંભમાં સંગ્રહ્યું છે. પ્રલય પૂરો થયે આ કુંભ પૃથ્વી પર પર્યટન કરશે ને એક પવિત્ર સ્થળે વિરમશે. પૃથ્વી પર તેનાથી પવિત્ર ધામ બીજું નહિ થાય.' બ્રહ્માએ પૃથ્વી પાછી ઠીક કરી દીધી. અમૃતકુંભ પૃથ્વીમાં ફરવા લાગ્યો. ફરતાંફરતો તે આ સ્થળે આવ્યો. શિવે કિરાતનું રૂપ લઇ બાણ મારી કુંભને અહીં છેદ્યો. એ અમૃત અહીંના મહામાઘ તળાવમાં સંઘરાયું અને તેના ઊડેલા છાંટામાંથી અહીં અસંખ્ય તીર્થો ઊપજ્યાં. કુંભકોનમ્‌ની આસપાસ દસ માઇલમાં બીજાં ૧૮ તીર્થ છે. કથા સિદ્ધ કરે છે કે અહીંના મુખ્ય દેવ કુંભેશ્વરનું લિંગ આ ઘડાના કાંચલાનું જ બનેલું છે! ◖, ચોલા રાજાઓ અહીં પણ પોતાની રાજધાની કરી ચૂકેલા છે. વિદ્વત્તા અહીં પણ પુષ્કળ ખીલેલી હતી. તાંજોર રાજધાની બન્યા પછી પણ તીર્થધામ રાજ્યાશ્રય તો પામ્યા જ કર્યું. પ્રતાપસિંહ રાજાના વખતમાં શંકરાચાર્યનો મઠ અહીં સ્થપાયો. અહીંનો ઇતિહાસ બે પરાક્રમી ભાઇઓની એક કરુણ કથા નોંધે છે. ગોવળકોંડાના અક્કા અને મદન્ના નામના બે ગરીબ ભાઇઓ અહીં આવ્યા અને બુદ્ધિબળે કરીને ચાતુર્યથી રાજાના અમાત્ય બન્યા. ઈ.૧૬૬૬માં ઔરંગઝેબે દક્ષિણની એની લાંબી ચડાઈમાં આ રાજાને સપાટામાં લીધો. આ મહા પ્રબળ અમાત્યોનાં ઘરબાર લૂંટી લઇ, તેમને રસ્તા પર ઘસડ્યા. મોટાને હાથીના પગે બાંધીને માર્યો. નાના નું મસ્તક કાપી નાખ્યું. પણ મુસલમાનો અહીં ટકી ન શક્યા. એ પછી મરાઠાઓનું ચક્ર અહીં ઊતર્યું: અને તે પછી અંગ્રેજોનું. આ નાનકડા શહેરમાં પણ બેએક કૉલેજો છે. અહીંના તાંબાનાં વાસણો ખાસ જાણીતાં છે. (મુખચિત્રની પાછળ ચાલુ)

રંગોળીની કળા અનુસંધાન પૃ. ૪૫૯ આથી


ફૂલો, ચૂનો, ચીકણી ખડી, પીળી માટી, ગેરૂ કે લાલ માટી, છીપ તથા શંખલાં, રંગીન પત્થરો, આંબલીમાંથી નીકળતા ચિચૂડા કે કચૂકા જેવાં રંગીન બીઆં, વગેરે સહેલાઈથી કે ઓછા ખર્ચે મળી શકતા પદાર્થોની રંગ-સમજ તથા તે વાપરવાની પદ્ધતિ સમજાવી છે. દાખલા તરીકે કળોટી, રેતી કે કોલસાના ભૂકા જેવી કરકરી વસ્તુઓને ભભરાવીને કેમ રંગ પૂરવા કે ચપટીથી કેમ રેખા દોરવી, કંકુ જેવા પલાળેલા સાધનથી અનામિકા વડે કેમ સાથિયા દોરવા, ચીકણી ખડી કે માટીના રંગોના જાડા દ્રાવણ વડે બંગાળની અલ્પના પદ્ધતિએ કેમ આલેખન કરવું વગેરેની વિગતો આપી છે, જેનું ચિત્ર આ સામે છે. એ ઉપરાંત હાથની તાલીમ, કુદરતનાં અવલોકનમાંથી મળતાં સૂચનો, વિવિધ રેખાઓ તથા તેના અર્થ, (ઉપરાત સાથનુ ચિત્ર) આકૃતિનિર્માણ અને રંગસૃષ્ટિની તો લંબાણથી સમજ આપી છે. તેમાં પ્રત્યેક રંગપાછળ રહેલો ભાવ (દાખલા તરીકે પીળો રંગ પ્રકાશનો સૂચક છે અને તે તાજગીભર્યો હોવા સાથે ગાજસિક પ્રકૃતિનો રંગ ગણાયો છે; લાલ રંગ ઉગ્ર અને શક્તિનો સૂચક છે, વગેરે) સમજાવીને તે તે રંગોનું ક્યાં આયોજન કરવું તથા તેના નાનાવિધ પ્રકારો મેળવવા કેવાં મિશ્રણો કરવાં તે દર્શાવ્યું છે. આકૃતિનિર્માણમાં પણ ખૂબ વિગતથી રંગોળી સ્થાનને અનુરૂપ કેટલા માપની હોવી જોઇએ, તેનો સામાન્ય આકાર, અંદરની ગોઠવણી તથા રંગનાં આયોજન કેમ કરવાં વગેરે સમજાવ્યું છે; અને મીંડાં પૂરવાની જુદીજુદી પદ્ધતિઓથી શરૂ કરીને એ ચોકઠામાંથી ધીમેધીમે સરળ રીતે નવીનતા તરફ કેમ જવાય તે 'સમબાજુ આકૃતિઓ' 'પુનરાવર્તનથી તૈયાર થતી આકૃતિઓ', 'વર્તુળમાં પુનરાવર્તન', 'છંદબદ્ધ રેખાઓ', 'વૈવિધ્યમય આકૃતિની રચના' તથા 'પક્ષી, પ્રાણી અને મનુષ્યની આકૃતિની રચના' એમ ઉત્તરોત્તર સોપાનો દ્વારા સમજાવ્યું છે. એના માત્ર વાનગીરૂપ નમૂના આ સાથે આપ્યા છે. પુસ્તકના પૂઠા તથા છેક અસ્તરથી શરૂ કરીને અંત સુધીમાં ૯૦ આકૃતિઓથી ભરેલું, (જેમાં ૬-૭ તો પૂર્ણરંગી છે) સાડાબાર રૂપિયાની કિંમતનું, જાડા કાગળ તથા મોંઘા આર્ટ પેપર પર અનેકરંગી છપાઈથી છાપેલું, ૧૦૦ પાનાંનું, પાકી બાંધણીનું અને મોટા કદનું (૧૧"×૯"ના માપનું) આ પુસ્તક પૈસાય તેમણે વસાવવા જેવું છે. પ્રાપ્તિસ્થાન શાહ ઍન્ડ કં. પ્રગતિ મુદ્રણાલય ખપાટિયા ચકલા સૂરત.



રંગોળી પૂરવાનાં સાધનો વાપરવાની પદ્ધતિઓ: (૧) ચપટીથી રંગ ભભરાવવો; (૨) ચપટીથી કળોટીની રેખા દોરવી; (૩) અનામિકાથી સ્વસ્તિકનું આલેખન; (૪) પીંછી વડે ચૂના વગેરેના રંગોનું આલેખન; (૫) ચીકણી ખડીના પાતળા દ્રાવણમાં રૂ અથવા કપડું બોળી તે હાથમાં રાખી અંગૂઠાની રચના વડે એ રૂમાંથી સરતું પ્રવાહી અનામિકા પરથી સારીને આકૃતિ આલેખવાની અલ્પના પદ્ધતિ; (૬) કપડામાંથી ચાળીને રંગ ભભરાવવાની પદ્ધતિ



રંગોળીની શરૂઆત કરવા માટે પ્રાથમિક તાલીમની વિવિધ ભાવ દર્શાવતી રેખાઓ



વિવિધ આકારોનાં પુનરાવર્તનથી થએલાં ફૂલોનાં સુશોભનાત્મક રૂપો



અજંતાના કલામંડપો

હિંદભરના સાહિત્યમાં આ વિષયનું આટલું ચિત્રભર્યું ને છતાં આટલું સસ્તું આ પહેલું જ પુસ્તક છે. શ્રી રવિશંકર રાવળે લખેલો અજંતાની કલાની વિસ્તૃત સમાલોચના કરતો લેખ, એનાં પાનાંને રંગમય કરતાં ૯ ત્રિરંગી ચિત્રો તથા આર્ટપેપર ઉપર છાપેલાં ૧૬ પાનાં ભરીને આલેખનો અને ફોટોગ્રાફો, તેમજ પાને-પાને અજંતાનાં શોભનોનાં રેખાંકનો ધરાવતા આ અપૂર્વ કલા-ગ્રંથની બીજી (અને હવે છેલ્લી) આવૃત્તિ. કિંમત રૂા. ૩ (પોસ્ટેજ જુદું)


ગુજરાત કલાકલાપ

ગુજરાતના નામી કલાકારોનાં ચુનંદાં ચિત્રોના ત્રણ સંપુટો

કલાપ ૧: જીવનસંગીત (રવિશંકર રાવળ), નવધાન્ય (રસિકલાલ પરીખ), અર્જુન-ઉર્વશી (કનુ દેસાઇ), કલાતંતુ (સોમાલાલ શાહ), રંકની કલા (છગનલાલ જાદવ) રાજ-કુંવરી રૂપાંદે (રવિશંકર રાવળ).

કલાપ ૨: કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય (રવિશંકર રાવળ), વાસન્તી (જગન્નાથ અહિવાસી), ઝરૂખે (રસિકલાલ પરીખ), પીરની માનતા (છગનલાલ જાદવ), પ્રતીક (કનુ દેસાઈ) ચંદ્રહાસ (ત્રિગુણાતીત પંચોળી)

કલાપ ૩: ચાંદાચોળી (રવિશંકર રાવળ), કૃષિમહોત્સવ (રસિકલાલ પરીખ) શિશિર-વસંત (સોમાલાલ શાહ), જન્મોત્સવ (શકુન્તલા દીવાનજી), ઝૂંપડીની લક્ષ્મી (બંસીલાલ વર્મા), આભધરતીનો ઉપાસક (છગનલાલ જાદવ).



શિલ્પ-પરિચય

હિંદી કલાનાં રૂપ અને રહસ્યદર્શનના અગ્રણી આવિષ્કારક તથા 'રૂપમ્'ના તંત્રી, વિખ્યાત કલાવિવેચક શ્રી અર્ધેન્દ્રકુમાર ગાંગુલીએ વિદ્યાર્થીઓ માટે તૈયાર કરેલા મૂળ બંગાળી ગ્રંથનો અનુવાદ. સંખ્યાબંધ દૃષ્ટાંતચિત્રોથી ખીચોખીચ ભરેલું આ પુસ્તક કલાનાં રૂપ-રહસ્યની શાસ્ત્રીય સમજણ આપીને રસદૃષ્ટિ ખીલવવા ઉપરાંત કોઈ પણ કલાપ્રેમી માટે હિંદી કલાની સમજણના એક મહત્ત્વના અભ્યાસરૂપ બની રહેશે. કિં. રૂા. ૩ (પો. પૅકિંગ ૦ાા જુદું)

ઉપરનાં પાંચે પ્રકાશનોનો સામટો સેટ દસ રૂપિયામાં · રજિ. પોસ્ટેજ સેલ્સટૅક્સ વગેરે રૂ. ૧ જુદું



વૈષ્ણવ જન

આદર્શ માનવીનું આલેખન કરતું મહાત્માજીનું પ્રિય ભજન

વૈષ્ણવ જન તો તેને કહીએ, જે પીડ પરાઈ જાણે રે,
પર દુઃખે ઉપકાર કરે તો યે મન અભિમાન ન આણે રે.

સકળ લોકમાં સહુને વંદે, નિંદા ન કરે કેની રે,
વાચ કાછ મન નિશ્ચલ રાખે, ધન ધન જનની તેની રે.

સમદૃષ્ટિ ને તૃષ્ણાત્યાગી, પર સ્ત્રી જેને માત રે,
જિહ્વા થકી અસત્ય ન બોલે, પર ધન નવ ઝાલે હાથ રે.

મોહ માયા વ્યાપે નહિ જેને, દૃઢવૈરાગ્ય જેના મનમાં રે,
રામનામ શું તાળી રે લાગી, સકળ તીરથ તેના તનમાં રે.

વણલોભી ને કપટરહિત છે, કામ ક્રોધ નિવાર્યા રે,
ભણે નરસૈંયો તેનું દરશન કરતાં કુળ એકોતેર તાર્યા રે.



માનવતાનો ઉન્નત આદર્શ પ્રબોધતા મહાત્માજીના એ ભજનનાં આ કાર્ડની સંખ્યાબંધ નકલો આજ અનેકોએ પોતાના સ્નેહીસંબંધીઓ, મિત્રો તથા બાળકોમાં વહેંચી છે; અને અમુક સાર્વજનિક સંસ્થાઓ તથા શાળાઓએ તો પોતાના સભ્યો તથા વિદ્યાર્થીઓ દરેકને મોટી સંખ્યામાં વહેંચી છે. મહાત્માજીની આગામી પ્રથમ સંવત્સરીએ એ રીતે તેનો પ્રચાર થાય એ સર્વથા ઉચિત ગણાશે. આ ઉદ્દેશથી અમે પહેલેથી જ તેની કિંમત પણ અત્યંત માફકસર રાખેલી છે: એક ડઝન કાર્ડના છ આના. પોસ્ટેજ એક આનો.